પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૭ ॥

॥ नवकारमंत्र ॥

નમો અરિહંતાણં નમો સિદ્ધાણં નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં

*I bow down to Arihantas*
*I bow down to Siddhas*
*I bow down to Acharyas*
*I bow down to Upadhyayas*
*I bow down to Sadhus*
*This five-fold salutation*
*destroys all sins*
*And amongst all auspicious things*
*Is the most auspicious one*

સવ્વ પાવપ્પણાસણો એસો પંચ નમુક્કારો

મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

ण ण ण ण ण ण ण ण

ह्रीं ह्रीं ह्रीं ह्रीं ह्रीं ह्रीं ह्रीं

मो मो मो मो मो मो मो मो

ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं

अ अ अ अ अ अ अ अ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

रि रि रि रि रि रि रि रि

ह्रीं ह्रीं ह्रीं ह्रीं ह्रीं ह्रीं ह्रीं

हं हं हं हं हं हं हं हं

ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं ऽर्हं

ता ता ता ता ता ता ता ता

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

णं णं णं णं णं णं णं णं

ॐ ह्रीं ऽर्हं ॐ ह्रीं ऽर्हं

ॐ ण मो अ रि हं ता णं ।

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૧૭॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 17**

March 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# સર્વ જીવો પ્રત્યે વહી રહેલી કેવી સ્નેહધારા!



સામાન્ય રીતે આપણે જેને બારાખડીનાં અક્ષરો કહીએ, તેને શાસ્ત્રીય પવિત્ર ભાષામાં કહેવાય 'વર્ણમાતૃકા'. તેમાં જ્યારે ભાવ ભળે છે, ત્યારે એ જ વર્ણો 'મંત્ર' બની જતા હોય છે. આ રોજનીશીઓમાં લખાયેલા મંત્રરૂપ શબ્દો પૂજ્યપાદ્ સાહેબજીનાં મનઃસ્તલ ઉપર જ્યારે આવ્યા હશે અને તેમાં જ્યારે તેઓનું અનુપમ આત્મદ્રવ્ય ભળ્યું હશે, ત્યારે એના સ્પંદનો કેવા હશે, તેની તો આપણે કલ્પના જ કરવી રહી! 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' દ્વારા પૂજ્ય સાહેબજીના અનેક ભાવો શબ્દસ્વરૂપે આપણે પામવા સદ્ભાગી બન્યા છીએ, તેમાંથી એક ડાયરીમાં પ્રસ્તુત થયેલા ભાવ જોઈએઃ

'મોક્ષાભિલાષી બનાવવાનો ભાવ તેમના સંસર્ગમાં આવનારને પણ મોક્ષાભિલાષી બનાવે જ, કેમકે ભાવની અસર ભાવ ઉપર થાય છે જ. મનુષ્યના ચિત્ત ઉપર દ્રવ્યાદિકની અસર પણ ભાવને કારણે જ છે.' આવા ચિંતનો અવશ્ય વિરાટ ભાવ પામ્યાં હશે, ત્યારે જ આ ગ્રંથનાં માધ્યમે આપણે અમૃતનાં કુંભો પામી રહ્યા છીએ. પઠન કરનારા પુણ્યાત્માઓને તેની અસરો સહજ અનુભવાય જ છે, કારણકે સાહેબજીની ઈચ્છા એવી ઉચ્ચ પ્રકારની હતી કે સૌ પરમાત્માભાવથી ભાવિત બને.

હાં, સાહેબે એક ઠેકાણે લખ્યું છે કેઃ 'ભગવાનની ઈચ્છા બળવાન છે, કેમકે તે સર્વનું કલ્યાણ ઈચ્છનારી છે. તે બળવાન હોવાથી તેમની ઈચ્છાનુસાર જગત ચાલે છે. ભગવાનની ઈચ્છા બધાને સુખી કરવાની હોવા છતાં બધા કેમ સુખી થતા નથી? એનો ઉત્તર એ છે કે બધા ભગવાનની ઈચ્છા પ્રતિ કૃતજ્ઞતાભાવ ધારણ કરી શકતા નથી. કૃતઘ્ન આત્માનું કદી કલ્યાણ ન થાય. તે નિયમનું ઉલ્લંઘન પણ ન થાય.

સૌનું કલ્યાણ ઈચ્છનાર ભગવાન પ્રત્યે જેઓ કૃતજ્ઞતા ગુણથી દીન મુખવાળા થઈને અંતરથી નમે છે, તેઓ પોતાની નમ્રતાના કારણે નહીં, પરંતુ પ્રભુની પ્રબળ ઈચ્છાના કારણે દુઃખમુક્ત થાય છે.' આ ભાવોને સાહેબે કેવા ઘૂંટયા હશે કે તેઓની પ્રત્યેક ડાયરીઓમાં જીવ પ્રત્યેની કરૂણા અને લાગણીનાં ધોધ ઝરતાં અનુભવી શકાય છે! 'વિશ્વમૈત્રી અને વિશ્વકલ્યાણની ભાવના સાથેની નવકારની આરાધનામાં ઐહિક-પારલૌકિક ઉભય વિઘ્નો દૂર કરવાનું સામર્થ્ય છે' એમ કહીને તેઓએ આ ઉચ્ચ ભાવતત્ત્વને નમસ્કાર મહામંત્ર સાથે જોડી દઈને કેટલાંયે અદ્‌ભૂત રહસ્યો ખુલ્લાં કર્યા છે, તે તો ભાવુકો જાણે જ છે!

માંદગીનાં અંતિમ વર્ષોમાં ધીમા અવાજે તેઓ કહેતાઃ 'જગતનાં સર્વ જીવો સુખી થાઓ', 'વિશ્વના પ્રાણીઓને સદ્‌બુદ્ધિ મળો', 'સર્વ દુઃખમાત્રથી છૂટીને પાપરહિત બનો, મુકત થાઓ, મોક્ષ પામો'. આવી ભાવનામાંથી કોઈ દુશ્મન, વિરોધી કે દુઃખદાતા હોય, તેને પણ બાદ કરવાના નહીં. ઉલ્ટા આવા આત્માઓ માટે તો વિશેષ પ્રકારે વ્હેલી પ્રભાતે આ ભાવ ભાવવાથી એની ચમત્કારિક શુભ અસર તત્કાળ દેખાય છે. અંતરથી પ્રકટ થયેલા આવા નિર્મળ ભાવો સુણતાં થતું કે સાહેબજીનાં અંતરમાં જીવો પ્રત્યે કેવી સ્નેહધારા વ્હેતી હશે! એ ધારાને પાત્ર બનવા આજે આપણે સૌ પણ બડભાગી બન્યા, તે પ્રબળ પુણ્યોદય જ લેખાય.

તેઓનાં જ હસ્તાક્ષરોમાં આવા ભાવો હવે આપણા સુધી પહોંચાડવામાં અમે તો માત્ર નિમિત્ત જ છીએ, પણ એ માટે મસમોટો જોરપૂર્વકનો આર્થિક સહકાર તો સાહેબજીના પરમ ભકત મુંબઈનાં **શ્રી સી.કે.મહેતા**નો એવં રાજકોટનાં અમારા સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની **ભારતીબેન**નાં શ્રમનો છે. જે રીતે તેઓ પોતે અત્યંત ભાવુકતાપૂર્વક આ ડાયરીઓનાં ભાવોમાં ભળી જઈને શ્રેષ્ઠસ્વરૂપે આપણને આ અક્ષયપાત્રો ધરી રહ્યા છે, તે સરાહનીય છે. બસ, આપણે પણ એક દિવસ શુદ્ધ ભાવસ્વરૂપ બનીએ, તેવા મનોરથો પ્રકટ કરતાં પૂજ્ય સાહેબજીનાં નિકટભવી આત્માને ત્રિકાળ વંદના કરીએ છીએ.

માર્ચ, ૨૦૧૯
**હાલાર તીર્થ, આરાધનાધામ.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.



# દરેકની ધારાને અનુકૂળ
# લસોટેલાં વિચારમોતીઓ જાણે...

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં દરેક ભાગમાંથી જિજ્ઞાસુઓ એવં સાધકો-દરેકને લાગુ પડે અને દરેકની ધારાને અનુકૂળ હોય તેવાં લસોટેલાં વિચારમોતીઓ સૌને પ્રાપ્ત થઈ રહ્યા છે, તે જોઈ પૂજ્ય ગુરુમહારાજ ઉપરનો અહોભાવ દ્વિગુણીત બનતો જાય છે.

નીતિમૂલ્યો, ધર્મબોધ ઉપરાંત સામાજિક - પ્રાકૃતિક - વૈયક્તિક અને વૈજ્ઞાનિક પરિવેશમાં વૈરાગ્ય જન્માવવાની તેઓની શૈલી જ મૂલ્યવાન વારસો છે આપણા સૌનો! તેમની પાસેથી મળી રહેલો અધ્યાત્મનો આ વિરલ વારસો આપણે ભવોભવ સંગાથે લઈ જઈ શકીએ - ભાવરૂપે ભેગો આવે તેવો અદ્વિતિય છે.

આધ્યાત્મિકતાનાં નવેરસમાં તરબોળ કરાવતી આ રોજનીશીઓમાં એક ખાસ વાત મનમાં નોંધાતી આવી છે કે ગુરુમહારાજ અનેક તત્ત્વોને સ્પર્શી તેનું દોહન કરે છે, તેનો રહસ્યાર્થ ખોલે છે, કિન્તુ સર્વ તત્ત્વનું શમન તો પ્રાંતે શાંતરસમાં જ કરે છે!

૨૧મી સદીમાં 'શાંતરસ'ની જ્યારે તાતી જરૂરત છે, ત્યારે જ તેની પરાકાષ્ઠારૂપ આ ડાયરીઓ નવ્યસંસ્કરણ પામીને સર્જન થઈ રહી છે અને તેમાં હું નિમિત્તપણે જોડાઈ શક્યો છું, તે અગમવાટે પ્રસ્થાન કરી જનાર મારા ગુરુમહારાજની જ કૃપા લેખું છું.

માર્ચ, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









જાનામિ ભાષાં ન ચ છન્દસાનં,
માલિન્યદુષ્ટોઽહમ ભાવપૂર્ણો ।
નિત્યં દરિદ્રી નવ શબ્દકોષે,
પારં ભજેઽહં તવ ભાવપૂર્ણો ॥

# પંચ વિચારો

(૧) જીવનો સગો તે શિવનો સગો,
જીવનો સગો સદા સુખી હોય.
અજીવનો સગો તે અશિવનો સગો,
અજીવનો સગો સદા દુઃખી હોય.

(૨) સ્વાર્થ સદા પરનો ઈન્કાર કરે.
પરનો ઈન્કાર કરનાર કૃતઘ્ની હોય.

(૩) પરમાર્થ સદા સ્વનો ઈન્કાર કરે.
સ્વનો ઈન્કાર કરનાર પરાર્થકારી હોય.

(૪) સ્વાર્થીને કોઈ સાચું સગું ન હોય.
પરમાર્થીને કોઈ અંતરથી પરાયું ન હોય.

(૫) સ્વનું ટુંકામાં ટુંક પ્રવર્તન તે 'સ્વાર્થ,'
સ્વનું ઉંચામાં ઉંચું પ્રવર્તન તે 'પરમાર્થ.'

૦ આપણી મોટામાં મોટી જાત તે દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની મહાકરૂણા. તે કરૂણા આપણામાં મોટી થતી જાય, તેમ તેમ આપણે મોટા થતાં જઈએ.
કરૂણા મોટી થાય ત્યારે જીવ મૈત્રી થાય.
જગત જીવ અને તેઓના ગુણ મોટા દેખાય.
જાતના દોષ છેલ્લે જ ધ્યાનમાં આવે.

પોષ વદી, ૧૧

સર્વ જીવો સાથે ખામતખામણાં કર્યાં પછી જ તેમનું હિત ઇચ્છવું એ 'યુક્તિસંગત' છે. વેર-વિરોધ શમાવ્યા વિના અને પોતાના અપરાધોને ખમાવ્યા વિના સર્વ કોઈનું હિત ઇચ્છવાની ક્રિયા અંતઃકરણપૂર્વક થઈ શકે નહિ.

પહેલાં મેલ કાઢવાની ક્રિયા કર્યા પછી જ
રંગ ચઢાવવાની ક્રિયા સફળ થઈ શકે.
ભીંત સ્વચ્છ કર્યા પછી જ ચિત્ર દોરવાનું કામ થઈ શકે.
વાવવા પહેલાં ખેડવું જોઈએ.
મકાન ચણવા પહેલાં પાયો ખોદવો જોઈએ.
કપડા સીવવા પહેલાં તેને અનુરૂપ કાપવા જોઈએ.
માંગવા પહેલાં આપવું જોઈએ એ બધી વિધિ છે.
વિધિયુક્ત ક્રિયા જ ફળદાયી થાય.

કૃતઘ્નતાદિ અહંભાવ અને પરાર્થકારિતાદિ સ્વાર્થભાવ જાય. અહંભાવ ગયા વિના અને સ્વાર્થભાવ ઓગળ્યા વિના વિશ્વના સર્વજીવોને યોગ્ય ન્યાય આપવાની વૃત્તિ ન જાગે.

જેમ જીવત્વની ભૂમિકા નીચી, તેમ સ્વાર્થ વધુ.
જેમ વિશેષ સ્વાર્થ, તેમ માત્ર પોતાના જ સુખની ઇચ્છા,
માત્ર પોતાનું જ દુઃખ દૂર કરવાની વૃત્તિ.

અજ્ઞાન અને અહંકાર દ્વારા કરાતાં
શુભાશુભ કર્મોનાં બંધનથી જીવ તેમાં પરિભ્રમણ કરે છે.
અજ્ઞાન જ્ઞાનથી ટળે છે. અહંકાર ભક્તિથી જાય છે.

આત્માનું જ્ઞાન અને પરમાત્માની ભક્તિ
બન્ને મળીને ભવભ્રમણ મટે છે.

ભાવનાઓ મલિન વાસનાઓ રૂપી મળને સાફ કરવા
માટે જુલાબનું કામ કરે છે તથા ધ્યાન એ રૂપી શરીરને
પોષણ આપવા માટે રસાયણનું કામ કરે છે.

'ધર્મ' એટલે આત્મસ્વભાવ.

તેને પ્રગટ કરવામાં મદદ કરનાર આર્યદેશ, ઉત્તમ કુળ,
નિરોગી શરીર, તીક્ષ્ણ બુદ્ધિ, દીર્ઘ આયુષ્ય, સત્સમાગમ
અને સ્વરૂપ પ્રગટ કરવાની ઇચ્છા ઉત્તરોત્તર દુર્લભ છે.

જેમ રત્નજડિત થાળમાં ધૂળ ભરવા,
અમૃતજળથી પગ ધોવા, ઐરાવત પાસે કાષ્ઠ ઉપડાવવા
અને ચિંતામણિથી કાગડા ઉડાડવા એ મૂર્ખતા છે,
તેમ મનુષ્ય દેહનો ઉપયોગ
વિષય-વાસના તૃપ્તિ માટે કરવો તે મૂર્ખતા છે.
ઉત્તરોત્તર દુર્લભ એ સર્વનો
મોક્ષનાં સાધનોમાં ઉપયોગ કરવામાં તેની સફળતા છે.

પુદ્ગલ અને જીવ એ બંને તત્ત્વો જ છે, કિન્તુ એ બે
તત્ત્વો વચ્ચે અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.
મનુષ્યો આત્માને કે મનુષ્યોને નહિ પણ સ્વાર્થને ચાહે છે.
મનુષ્યોનો સંબંધ કે સ્નેહ બહુધા અનેક પર્યાય કે
એક આકાર સાથે હોય છે, મૂળ વસ્તુ સાથે હોતો નથી.
પર્યાયના સ્નેહથી જ સંબંધ બંધાય, જે 'સ્વાર્થ' કહેવાય.
આત્માના અસ્તિત્વ, નિત્યત્વ આદિમાં શંકાદિ શલ્યરહિત
અને શમ-સંવેગ-સ્થૈર્યાદિ ગુણયુક્ત હોય તે દર્શન શુદ્ધિ પામે.
જેનું ચિન્તન અને મનન કરવાથી રાગ-દ્વેષરહિત સ્થિતિ
પમાય, તે જ ધ્યાન, બાકી બધો ગ્રન્થવિસ્તાર છે.
અનિત્ય ભાવનામાં નિત્યાનિત્ય વિવેક પણ આવી જાય છે.

પુષ્પો કરમાઈ જાય છે, વૃક્ષો સુકાઈ જાય છે,
પંખીઓ મરી જાય છે, સુગંધ દુર્ગંધનું રૂપ લે છે,
શીતલ પવન તાપને લઈ જુદું રૂપ પકડે છે,
મિષ્ટાન્ન-પાણી આદિ વિષ્ટા કે મૂત્ર બને છે, આમ
પદાર્થ ઈષ્ટાનિષ્ટ નથી પણ રાગ-દ્વેષની વૃત્તિથી ઈષ્ટાનિષ્ટ
લાગે છે. શુભાશુભ કે ઈષ્ટાનિષ્ટ મનની માન્યતામાં છે.
પદાર્થની અનિત્યતા બતાવવી તે તેનું બાહ્યસ્વરૂપ છે.
રાગ-દ્વેષ ન કરવાનું કહેવું તે વાત આંતરસ્વરૂપ છે.

o જે જ્ઞાનથી સર્વભૂતોમાં એક અવિનાશી તત્ત્વ દેખાય,
તે જ્ઞાન સાત્ત્વિક ગણવું.

o દશવિધ યતિધર્મની જેમ કાયિક લાભ વગરની દયા
પણ સ્વભાવરૂપે રહી શકે, એમાં કોઈ બાધ નથી.

o આપણું જે કાંઈ છે તે મૃત્યુશીલ છે,
જીવે છે માત્ર સદ્ભાવના અને તે દ્વારા જન્મેલાં સત્કૃત્યો.
મિત્રો પ્રત્યે પ્રેમ, શત્રુ પ્રત્યે ઔદાર્ય અને સર્વ પ્રત્યે
સદ્ભાવ, ત્રણ લોકના રાજ્યને પણ સુલભ બનાવે છે.
આપણા સદ્વિચારો અને સદ્ભાવોનું બીજું નામ 'દેવત્વ' છે.
મનની પ્રસન્નતા સર્વ રોગ હરે છે.
આ પ્રસન્નતા સર્વપ્રત્યેના સ્નેહથી જડે છે.
જળરાશિ ઉપરના સ્નેહ પરિણામથી મોતી સુદ્ધાં મળે છે.
કાયદા દ્વારા અપાતો ચુકાદો એ સજા છે.
પ્રેમ દ્વારા અપાતો ચુકાદો એ ક્ષમા છે.
સ્નેહશીલતામાંથી મિત્રતારૂપી બહુમૂલ્ય રત્નો નીપજે છે.
લોકોની રસવાળી બાબતોમાં રસ લઈ પછી પોતાની વાત
રજૂ કરવી એ સૌનો સદ્ભાવ મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

o

Heaven is at hand.
Earth is body and heaven is mind.

## દર્શનના સાધનો

વિનીતતા, વૃદ્ધાનુસારિતા, અક્ષુદ્રતા, દયાળુતા, માધ્યસ્થતા, સૌમ્યદૃષ્ટિતા, દાક્ષિણ્યતા, અક્રૂરતા, પ્રકૃતિસૌમ્યતા વગેરે.

દર્શનગુણ માટે જે તત્ત્વરુચિ જોઈએ,

તે અક્ષુદ્રતાગુણના પાલનથી કેળવાય છે.

## જ્ઞાનના સાધનો

| | | |
|---|---|---|
| પંચેન્દ્રિયપટુતા | - | દીર્ઘદર્શિતા (મન) |
| કૃતજ્ઞતા | - | પરાર્થતા (હૃદય/ચિત્ત) |
| વિશેષજ્ઞતા | - | લબ્ધલક્ષ્યતા (બુદ્ધિ). |

જ્ઞાનગુણ માટે જે બોધનાં સાધન જોઈએ

તે મન-ઈંદ્રિય-ચિત્ત અને બુદ્ધિ વડે પુરાં પડે છે.

જન્મ-મરણમાંથી મુક્તિ એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે.

## ચારિત્રના સાધનો

ભીરુતા, અશઠતા, લજ્જાળુતા, ગુણરાગિતા, સત્કથતાદિ. જે વર્તન વડે પાપભીરુતા, ગુણરાગિતા, નિર્દંભતા અને અકાર્યવર્જનતા સધાય છે, તે વર્તન ચારિત્રસ્વરૂપ છે અથવા સચ્ચરિત્રના પાલન માટે પાપભીરુતા, ગુણરાગિતા, પ્રતિજ્ઞાપાલનતા, નિર્ભયતા વગેરે ગુણો ચારિત્રપાલન માટે અનિવાર્ય છે. જે ભીરુ, લજ્જાળુ, અશઠ, ગુણરાગી કે સત્કથક નથી, તે ચારિત્રનું પાલન કદાપિ ન કરી શકે.

તપના સાધનો: સુપાત્રતા, જનપ્રિયતા.
જનસમૂહ અને સ્વપક્ષ સાથે ઉચિત વ્યવહાર જાળવવા
જે ઇચ્છાનિરોધ સાધવો પડે છે, તે જ આભ્યંતર તપ છે.
એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ
એ ચાર આત્મગુણને વિકસ્વર કરવાના સાધનોમાં
પોતાની શક્તિને યોજવી તે વીર્યાચારનું પાલન છે,
તેથી જીવના વીર્યગુણની શુદ્ધિ થાય છે.

## સામાયિકરૂપ ધર્મની મહત્તા

તીર્થંકરોએ પ્રકાશેલો ધર્મ સામાયિકરૂપ છે.
તે વડે પ્રમાદ, કષાય, વિષય, અવિરતિ, મિથ્યાત્વ અને
દુષ્ટ યોગો જીતાય છે એટલું જ નહિ, પણ અશુચિ અને
અનિત્ય દેહ, માનવનો જન્મ, મળેલી દુર્લભ અવસ્થાઓ
કે જે ઇન્દ્રજાળ, સ્વપ્ન કે નાટક સમાન છે અથવા કર્મની
કેદ કે ભાડાના ઘર જેવા ટુંક સમય માટે મળેલા છે,
તે સામાયિક ધર્મના સેવન વડે સાર્થક થાય છે.
માટે જ સામાયિક એ પરમ ધર્મ છે.
સામાયિકનું બીજ આત્મસમદર્શિત્વ છે
અને તેનું બીજ પરમેષ્ઠિ નમસ્કાર છે.
પરમેષ્ઠિ નમસ્કાર વડે પરમેષ્ઠિઓમાં રહેલો

આત્મસમદર્શિત્વલાભ સ્પર્શે છે, તે વડે સામાયિક
ધર્મ સુલભ બને છે અને સામાયિક ધર્મ વડે દોષોનો
નિગ્રહ તથા ગુણોનો અનુગ્રહ આપોઆપ થાય છે.
આત્માના મહત્ત્વનાં ૫ ગુણો સામાયિક ધર્મ વડે કેળવાય છે.
સામાયિક ધર્મને સ્થિર કરવા માટે શાસ્ત્રકારોએ:
ચતુર્વિંશતિ સ્તવમાં દર્શનગુણ,
ગુરુવંદનમાં જ્ઞાન-દર્શનગુણ,
પ્રતિક્રમણમાં જ્ઞાન-દર્શન-ચારિત્રગુણ,
કાયોત્સર્ગમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપગુણ,
પચ્ચક્ખાણમાં જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ - વીર્યગુણ
એમ આવશ્યકો ફરમાવ્યા છે, જેને અહર્નિશ કરવાથી
સામાયિક ધર્મ સ્થિરતાને પામે છે.

## ૬૮ અક્ષરોમાં સમગ્ર માતૃકા કઈ રીતે?

પ્રાકૃત ભાષાના નિયમ મુજબ
નવકારના ૬૮ અક્ષરોમાં
સમગ્ર માતૃકા આવી જાય છે.
સ્વરમાળા સાક્ષાત્ આવી જાય છે અને
વ્યંજનમાં ટ, ઠ, ડ ને ઢ, ણ માં રૂપાંતર કરીને
અગર ત, થ, દ માં રૂપાંતર કરીને આવી જાય છે.

## ઉપનિષદમાં કહ્યા મુજબ

સોમરસ સ્વર્ગનું તો વાજપેય રસ સ્વરાજ્યનું સાધન છે.

૦ જ્યાં સ્પર્ધા હોય છે, ત્યાં વિષમતા, નિર્દયતા, દુરાગ્રહ રાગ, તૃષ્ણા, મોહ અને વિવેકાંધતા રહેલાં છે.

ઉપાયદૃષ્ટિએ જે ઉપાય નિર્મળ, અહિંસક હોય અને ફળદૃષ્ટિએ જે નિત્ય, ઐશ્વર્યથી પર હોય તે ઉપાદેય છે.

તે ઉપાય શાસ્ત્રીય વિવેકજ્ઞાન છે.

અમૃતત્વ = આત્મતત્ત્વ, મર્ત્ય = નામ-રૂપાત્મક જગત

અમર્ત્ય = જગતજનની પ્રકૃતિ

સ-ગુણાત્મા = પરમાત્માનું વિશિષ્ટ જ્ઞાન

નિરૂપ = પરમાત્મરૂપનું વિશિષ્ટ જ્ઞાન

મુખ્ય બે ધ્યેય છે: ભોગપ્રાપ્તિ = પ્રેય, મોક્ષપ્રાપ્તિ = શ્રેય.
તે બંનેની પ્રાપ્તિ સ્વપ્રયત્નથી નહિં, ઈશ્વરના જ્ઞાનથી છે.

પરમાત્મા અતિશય સમદૃષ્ટિ અને દયાવાન છે.

જીવની અહિતનિષ્ઠા અને હિતકર્મોમાં વિઘ્નપરંપરા પરતંત્રતા સૂચવે છે. એ અહિતાચરણમાંથી નિવૃત્તિ, હિતાચરણમાં નિર્વિઘ્ન પ્રવૃત્તિ ઈશ્વરપ્રસાદથી શક્ય છે.

ઈશ્વરપ્રસાદ ઈશ્વરજ્ઞાનથી થાય છે.

સમાધિ એ વિશુદ્ધતમ ચિત્તની એકાગ્રતા છે.

ઉદ્ભિજ્જ = એકેન્દ્રિય, સ્વેદજ = વિકલેન્દ્રિય,
અંડજ = ખેચર પંચેન્દ્રિય, જરાયુજ = ગર્ભજ મનુષ્ય-તિર્યંચ.
પ્રમત્તગુણના દોષે પ્રભેદનો અભાવ ન થાય.
જીવની શક્તિઓ ઉપાધિને લીધે
મર્યાદિત - ક્ષયોપશમ, તિરોહિત - આવરિત થયેલ છે.
અંતર્યામી અંદર રહીને નિયમન કરનાર છે.
તે સર્વપ્રેરક હોવાથી સર્વેશ્વરાત્મા છે.
સંકલ્પમાત્રથી સૃષ્ટિને ઉપજાવનાર હોવાથી
તે સર્વશક્તિમાન છે.

o યં લબ્ધ્વા ચાપરં લાભં, મન્યતે નાધિકં તતઃ।
યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાઽપિ વિચાલ્યતે॥૨॥

અર્થાત્ : જેને મેળવીને એ વિશ્વમાંની કોઈ પણ વસ્તુને તેનાથી અધિક માનતો નથી અને જેમાં રહેલો મોટા દુઃખ આવી પડે તો પણ વિચલિત થતો નથી.

## કૃતજ્ઞતા-પરોપકાર

કૃતજ્ઞતા જ્ઞાનસ્વરૂપ છે. 'પોતાને પ્રાપ્ત થયેલ સામગ્રી પોતાની નથી પણ બીજા પાસેથી મળેલી છે' એવું જ્ઞાન કૃતજ્ઞતા જન્માવે છે, તેથી પ્રાપ્ત સામગ્રી ઉપર આસક્તિ જન્મતી નથી.

અનાસક્ત ભાવે તેનો ઉપભોગ કરી શકાય છે અને એ દાન વડે થતો પરોપકાર અહંકારનું કારણ બનતો નથી, કેમકે પારકી વસ્તુ પારકાના જ ઉપયોગમાં આવવાથી પોતાને અહંકારનું કોઈ જ કારણ રહેતું નથી.

એ રીતે આસક્તિ અને અહંકાર ઉભયનું નિવારણ થતું હોવાથી વિશિષ્ટતા અને લબ્ધલક્ષ્યતા ગુણ સિદ્ધ થાય છે.

વિશિષ્ટતાથી વૈરાગ્ય અને લબ્ધલક્ષ્યતાથી અભ્યાસ વધે છે. વૈરાગ્ય પર વસ્તુઓ પ્રત્યે અને અભ્યાસ સ્વગુણનો.

આમ પાંચ ઇંદ્રિય અને મન કૃતજ્ઞતા અને પરોપકારની બુદ્ધિ જન્માવી વૈરાગ્ય અને અભ્યાસનું કારણ બને છે.

જ્ઞાનાદિ સ્વગુણોના વિકાસ વડે સર્વ જીવો પ્રત્યે આત્મસમભાવ વિકસે છે, તેથી હૃદયના ગુણો વિનીતતા, દયાળુતા, સૌમ્યતા, મધ્યસ્થતા વગેરે પુષ્ટ થાય છે.

બુદ્ધિના ગુણોથી સમજણ સ્પષ્ટ થાય છે.

હૃદયના ગુણો જીવો પ્રત્યે આત્મસમભાવ પેદા કરે છે, તેથી આત્મલક્ષી ગુણો પ્રગટ થયે ચારિત્ર નિર્મળ બને છે, તેમાંથી ઇચ્છાનિરોધ, તૃષ્ણાછેદ, સંતોષ આદિ ગુણો પ્રગટે છે અને તે જીવોની સાથે મધુર સંબંધ ઉપજાવીને સુપાત્રતા અને જનપ્રિયતા જન્માવે છે.

આ રીતે બુદ્ધિના, હૃદયના અને ક્રિયાના ગુણો
પરસ્પર પૂરક બની આત્મસ્વરૂપ પ્રગટાવે છે.
પરમાત્માને માટે તો સૌ જીવ પીગળ્યા છે.
કૈવલ્ય એ ધ્યેય છે, જેનું સાધન વિવેકજ્ઞાન,
એનું સાધન સમાહિત ચિત્ત અને એનું સાધન યોગ છે.
સાધનમય બની જવામાં જીવનસિદ્ધિ છે.
યોગ એ ચિત્ત-મન-હૃદયની એક અવસ્થા છે.
વૃત્તિ એ દૃશ્ય વસ્તુના આકારે ચિત્તનું પરિણમન છે.
હૃદયમાં ૨ વસ્તુઓ ઠસોઠસ વસે:
સંસાર અને પરમાત્મા.
'યોગ' એટલે પ્રાપ્તિ, ઈશ્વરમયતા અને અનુભવજ્ઞાન છે.
ક્લિષ્ટ = દુઃખદાયી. અક્લિષ્ટ = સુખદાયી, અદુઃખદાયી.
રાગ-દ્વેષરૂપી ક્લેશો અને ઈર્ષ્યા, અસૂયાદિ ઉપક્લેશોરૂપી
દોષો ઇંદ્રિયોને બળાત્કારે વિષયોમાં પ્રવર્તાવે છે.
મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા એ ૪ ભાવનાઓ જીવનમાં
સિદ્ધ કરવા યત્નશીલ રહેવું એ યતમાન વૈરાગ્ય છે.
વ્યતિરેક, એકેન્દ્રિય અને વશીકાર ઉપર વૈરાગ્ય
વિષયમાત્રમાં ઉપેક્ષા બુદ્ધિરૂપ છે.
અલંબુદ્ધિ કે ઉપેક્ષાબુદ્ધિ પરમાત્મપુરુષના અંતરાત્મારૂપ છે.

o દેહં પાતયામિ વા અર્થં સાધયામિ ।

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

o બુદ્ધ થવું હોય તો સર્વસ્વના ત્યાગ માટે અને ક્રાઈસ્ટ થવું હોય તો શૂળી પર ચઢવા તૈયાર રહેવું જોઈએ.

સ્થિતપ્રજ્ઞ, ભક્ત, ત્રિગુણાતીત હોય જ.

જ્ઞા, કૃ અને ભજ ત્રણે ધાતુ મનુષ્યને ઉપયોગી છે.

જ્ઞાન અને ક્રિયા ભક્તિ સાથે હોવા ઘટે.

આત્મારામી પુરુષ વિશ્વરૂપે વસી રહેલા

પરમાત્માની સેવા માટે તમામ કર્મો કરશે.

આત્મારામી ભક્તિપૂર્વક નિષ્કામ કર્મયોગી હોય છે.

વિદ્યા, વૈરાગ્ય, વિવેક, પ્રેમ અને નિર્ભયતા ગુણમાત્રની ઉત્પત્તિ ભૂમિરૂપ છે. સુખમાત્રની પ્રસૂતિરૂપ છે.

એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા।
યશ્ચૈતાન્ પ્રાપ્નુયાત્ સર્વાન્ યશ્ચૈતાન્ કેવલાંસ્ત્યજેત્ ।
પ્રાપણાત્ સર્વકામાનાં પરિત્યાગો વિશિષ્યતે ॥

- મનુસ્મૃતિ (પરિશિષ્ટ-૨)

o આત્મારામજન્ય ત્યાગમયતા જ ભારતીય સંસ્કૃતિનું પ્રધાન તત્ત્વ છે.

'નમન'-'સમન' એ ભારતીય સંસ્કૃતિનો શિવસંકલ્પ છે.

० एतद्देशप्रसूतस्य सकाशात् आत्मज्ञानिनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥

- મનુસ્મૃતિ (પરિશિષ્ટ-૩)

શ્રવણ, મનન, નિદિધ્યાસન એ પરોક્ષજ્ઞાનનાં કારણ છે.
શ્રવણથી સંશય - મનનથી અસંભાવના અને
નિદિધ્યાસનથી વિપરીત નષ્ટ થાય છે.
કારણમાં કાર્યનો અને બ્રહ્મમાં પ્રપંચનો નિષેધ અપવાદ છે.
યા મા સા = માયા.
જે છે જ નહિ તેનું નામ 'માયા'.
વૈરાગ્ય = અનિત્યતાના જ્ઞાનપૂર્વકની વિતૃષ્ણા.
દાખલા તરીકે પુદ્ગલ અનિત્ય છે.
વિવેક = બ્રહ્મની નિત્યતાનું જ્ઞાન. દા.ત. આત્મા નિત્ય છે.

० સ્વભાવના વિરહમાં ભાવ અને
ભાવના વિરહમાં સ્વભાવ કદી ન હોઈ શકે.
પારમાર્થિક એ સુષુપ્તિનો અભિમાની છે.
વ્યાવહારિક એ જાગ્રતનો અભિમાની છે.
પ્રાતિભાસિક એ સ્વપ્નનો અભિમાની છે.
જળમાં તરંગ, તરંગમાં ફીણ, તેમાં જળ - પારમાર્થિક,
તરંગ - વ્યાવહારિક અને ફીણ - પ્રાતિભાસિક અને
કૂટસ્થ પારમાર્થિક છે.

'કર્મ એ કરણીનું ફળ છે' એમ જાણવાથી બે ફળો મળે:
ચિદાકાશરૂપ આત્માની અસંગતા અને સદાચારમાં રમણતા.
કર્મોના મૂળ રૂપ રાગ-દ્વેષાદિ જ કર્મના કારણ - પ્રેરક છે.
આત્માનું નિજરૂપ સ્વસંવેદ્ય છે. આત્માને કર્તા, ભોક્તા, ચલ, પરિચ્છિન્ન, સુખ-દુઃખયુક્ત જાણવો તે અજ્ઞાન છે.

'આત્મા એ સ્વરૂપે અકર્તા, અભોક્તા, દેશ, કાળ અને
વસ્તુથી અપરિચ્છિન્ન, અચલ, સચ્ચિદાનંદરૂપ છે'
એમ જાણવું તે શાસ્ત્રોનું લક્ષ્ય છે.

દુઃખનું મૂળ અજ્ઞાન અને સુખનું મૂળ આત્મજ્ઞાન છે,
તેથી આત્મજ્ઞાન એ જીવનનું ધ્યેય છે.

અજ્ઞાનથી અવિવેક, અવિવેકથી અભિમાન, અભિમાનથી રાગ-દ્વેષ, રાગ-દ્વેષથી 3 પ્રકારની ક્રિયા, ક્રિયાથી શુભાશુભમિશ્ર કર્મ, કર્મથી દેહ અને સુખ-દુઃખભોગ આવે.
આત્મા 3 શરીરોથી વિલક્ષણ, 3 અવસ્થાઓનો સાક્ષી અને સ્વરૂપદૃષ્ટિએ પંચકોશથી ભિન્ન સત્-ચિત્-આનંદ છે.

ત્રણે શરીરના બે ભેદ છે: વ્યષ્ટિ અને સમષ્ટિ.
સમષ્ટિની ઉપાધિથી પરમાત્માનું ઈશ્વરત્વ છે,
વ્યષ્ટિની ઉપાધિથી પરમાત્માનું જીવત્વ છે.
બંને વાસ્તવિક નથી, કારણકે આત્મા એક જ છે.

સમષ્ટિ કારણ ઉપાધિથી ઈશ્વરને
ઈશ્વર, અંતર્યામી, અવ્યાકૃત આદિ નામો છે.
સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિથી ઈશ્વરને
હિરણ્યગર્ભ, સૂત્રાત્મા, મહાપ્રાણ આદિ નામો છે.
સમષ્ટિ સ્થૂલ ઉપાધિથી ઈશ્વરને
વિરાટ, વૈશ્વાનર, વૈરાજ વગેરે નામો છે.
વ્યષ્ટિ કારણ, સૂક્ષ્મ, સ્થૂલ ઉપાધિને લઈને ઈશ્વરને
અનુક્રમે પ્રાજ્ઞ, તૈજસ, વિશ્વસંજ્ઞા છે.
તત્ = પરમાત્મા, ત્વં = જીવાત્મા.
<u>જીવાત્મા અને પરમાત્મામાં સ્વરૂપ દૃષ્ટિએ ભેદ નથી,</u>
<u>લક્ષ્યાર્થ દૃષ્ટિએ બંનેનો અભેદ છે.</u>
આત્માનો બ્રહ્મસ્વરૂપે અનુભવ શાસ્ત્રોનું તાત્પર્ય છે.
આત્મા અજન્મ - અજર - અમૃત છે, તેથી સત્રૂપ છે.
આત્મા સ્વયંપ્રકાશ - અન્યપ્રકાશક - અનન્યપ્રકાશ્ય છે,
તેથી આત્મા ચિદ્રૂપ છે.
નિત્ય, નિરતિશય, નિરૂપાધિક સુખ આત્માનું સ્વરૂપ છે.
વિષયસુખ અનિત્ય, સાતિશય અને સોપાધિક છે.
0 3rd eye of Soul = સ્યાદ્વાદ = વિચારની અહિંસા.
સૂક્ષ્મ વિચારની અહિંસાથી આત્માની ત્રીજી આંખ ઉઘડે છે.
સ્યાદ્વાદ Realityનો પરિચય કરાવે છે.

૦ ભાવ ફરતાંય આખ્ખી તાકાત સ્વભાવમાં ઊંધાની વાત સાચે જણાય છે. વસ્તુ મોટી કે નાની, તેના ભાવના આધારે ગણાય છે. 'ભાવ' એટલે જ મૂલ્ય. જેનું મૂલ્ય લોક વધારે આંકે, તે વસ્તુ તેટલી ઊંચી. જેમકે કેસર, કસ્તુરી, સ્થૂળ પદાર્થો માટે જે નિયમ છે,

તે જ નિયમ સૂક્ષ્મ પદાર્થો માટે પણ છે.

'અવિરતિ' એટલે નિયમનો અભાવ.

આત્મા ઊંચો કે નીચો તે તેના ભાવના આધારે છે.

જેના હૃદયનો ભાવ ઊંચો, તે આત્મા ઊંચો,

જેના હૃદયનો ભાવ ઊતરતો, તે આત્મા તેટલો નીચો.

ઉત્કૃષ્ટભાવ શ્રી અરિહંત પરમાત્માના આત્મદ્રવ્યમાં હોય,

તેથી તેઓ સૌથી ઊંચા છે.

ભાવને ઓળખાવનાર આકૃતિ-દ્રવ્યને ઓળખાવનાર નામ.

કોઈ પણ ક્ષેત્ર કે કાળમાં ઊંચા ભાવવાળા આત્મદ્રવ્યો વિચરતા હોય, તે ક્ષેત્ર અને કાળ પણ ઊંચા બની જાય.

તેમનાં નામ અને સ્થાપના પણ ઊંચા ગણાય છે.

જે તાકાત ભાવમાં, તે દ્રવ્યમાં અને

જે તાકાત દ્રવ્યમાં, તે તાકાત તેના નામ અને આકારમાં.

જે તાકાત નામ અને આકારમાં, તે ક્ષેત્ર અને કાળમાં.

ઊંચી ભૂમિકામાં રહેલા સૌને સર્વ જગતમાં પોતાના ઉપકારીઓ ઘણા દેખાય, નીચી ભૂમિકાએ ગયા પછી તે જ આત્માને જગતમાં પોતાના અપકારીઓ વધુ દેખાય.

## ધ્યાનમૂઢતા

જે ઇંદ્રિયો વશ કરી નહિ, મન શુદ્ધ કર્યું નહિ, રાગ-દ્વેષ જીત્યા નહિ, નિર્મમત્વ કર્યું નહિ, સમતાની સાધના કરી નહિ, પરન્તુ ગતાનુગતિકપણે ઉભયલોકના માર્ગથી ભ્રષ્ટ થઈ મૂઢ બુદ્ધિથી ધ્યાનનો આરંભ કરે છે.

જેટલો ભૂખને ભોજન સાથે,
તેટલો જ ભાવને ક્રિયા સાથે મેળ છે.

ભાવની પવિત્રશક્તિ એના ધારકને નિષ્ક્રિય ન બેસવા દે.

## આત્મભાવ વધે એટલે

જગતના સર્વ આત્માઓ પ્રત્યેનો શુભભાવ વધે. કષાયો ભાવશત્રુઓ છે એટલે અશુભ ભાવરૂપ છે. વસ્તુની જેમ ભાવની પણ આપ-લે થઈ શકે છે. વસ્તુની આપ-લેમાં હાથ અગત્યનો ભાગ ભજવે છે, ભાવની આપ-લેમાં અંતઃકરણ અગત્યનો ભાગ ભજવે છે, એટલે જ અંતઃકરણની શુભાશિષનું કે બદદુઆનું મહત્ત્વ અનાદિકાળથી આ જગતમાં જળવાઈ રહ્યું છે.

## બોધિના ઉપકારક ૪ મુદ્દાઓ:

(૧) સત્શાસ્ત્રનું શ્રવણ (૨) સમ્યગ્દૃષ્ટિનો સંગ

(૩) ઉત્તમ ભાવના (૪) કર્તવ્યશીલતા.

## બોધિના વિરોધી ૪ દોષો:

(૧) કુશાસ્ત્ર શ્રવણ (૨) મિથ્યાદૃષ્ટિનો સંગ

(૩) કુવાસના (૪) પ્રમાદશીલતા.

o જગતના સર્વ જીવો સાથેના ભાવસંબંધનું મૂળ શ્રી નવકાર છે, કેમકે તેમાં રહેલા પંચ પરમેષ્ઠિઓ જગતના જીવો સાથે ભાવસંબંધથી સતત જોડાયેલા છે.

નવકાર=પંચપરમેષ્ઠિના ઉત્કૃષ્ટ મંગલભાવની આરાધના.

જીવ પ્રત્યેના સર્વોચ્ચ વાત્સલ્યનો સર્વોચ્ચ આદર્શ શ્રી જિનેશ્વર ભગવાન પૂરો પાડે છે.

તે મંગલભાવની આરાધના કરનાર પુણ્યવંત આત્માને જગતના સર્વ જીવો પ્રત્યે સ્વાભાવિક સદ્ભાવ હોય.

શ્રી જિનેશ્વર ભગવાનના દાસને શ્રી જિનેશ્વર દેવનો વાત્સલ્યરસનો આદર્શ સ્વાભાવિકપણે રૂચિકર થાય.

સ્વનું હિત ચાહનારા ભાગ્યશાળીઓએ 'પર'ને પાછળ નહિ, પણ આગળ રાખવા જોઈએ. સ્વના ઉત્કૃષ્ટ હિતમાં સહાયક એવા જગતના પ્રાણીઓને પુરસ્કારવાથી વધુમાં વધુ હિત સ્વનું જ થાય છે.

સકલ જીવરાશિના સર્વોચ્ચ હિતની ચિંતા પાછળ
પસાર થતી એક એક ક્ષણનું મૂલ્ય સેંકડો કલ્પવૃક્ષોના
એક સામટાં મૂલ્ય કરતાં અસંખ્યાતગણું અધિક છે.

## પર એટલે શું?

જે સ્વની મલિનતા ધોવામાં સહાયક અને સ્વતંત્રતા ખીલવવામાં જે સહાય રૂપ થાય તે 'પર'. આત્માને દેહભાવ, મમત્વભાવથી પર બનવામાં સફળ નિમિત્તો પૂરાં પાડે તે 'પર'. જેમ આ શબ્દનો અર્થ પરાર્થ છે, તેમ ઉત્કૃષ્ટ, વિશાળ, ઉચ્ચ કે ઉપકારી અર્થ પણ થાય છે. મોક્ષપુરુષાર્થમાં ઉપકારક એવા 'પર'ને પૂરો ભાવ આપનારો સત્ત્વશાળી જીવ 'સ્વ'નો સર્વશ્રેષ્ઠ મિત્ર છે. પરના પરમ મિત્રને પરમ + આત્મા = પરમાત્મા કહેવાય. સ્વના પૂજારીને સર્વદ્રોહી કહી શકાય. પરમપદને પામવા દેવ-ગુરૂની ભક્તિ જેટલો જ પરહિતનો ભાવ જરૂરી છે. દેવ-ગુરૂની ભક્તિ સિવાય પરહિતનો ભાવ શુદ્ધ ન થાય, તે જ રીતે પરહિતના ભાવ સિવાય દેવ-ગુરૂની ભક્તિનું સર્વોત્તમ ફળ જીવને સરળતાપૂર્વક પ્રાપ્ત થતું નથી.

જ્યાં સુધી પરહિતદૃષ્ટિ પ્રગટતી નથી,
ત્યાં સુધી ડગલે ને પગલે સ્વનું હિત જોખમાય છે.

શ્રી નવકાર એ ભાવજાગરણનું અનન્યતમ માધ્યમ છે. શ્રી અરિહંત પરમાત્માની સાચા હૃદયની ભક્તિથી આત્મદૃષ્ટિ ખીલે છે. આત્મદૃષ્ટિને શ્રી અરિહંતદૃષ્ટિ પણ કહી શકાય, કારણકે ઊંચામાં ઊંચી આત્મદૃષ્ટિ તેઓને વરેલ છે. આત્મભાવના ભાવશત્રુઓ (કષાયો)ને હણનારા એવા શ્રી અરિહંતોના શરણે જવાનો બોધ પ્રથમપદ આપે છે.

શ્રી નવકાર જ...

શુભભાવના પ્રણિધાનની જે સર્વોત્તમ સાનુકૂળતા પૂરી પાડે છે, તેને વિચારતા જેમ રવિતેજ સામે ઝાકળ ન ટકે, તેમ તેના આરાધકના આત્મભાવની સામે અહંકાર ન ટકે.

અશુભ ધ્યાનને લાયક કમજોરીઓ ન ટકી શકે.

ભાવદાનથી અધિક ઊંચું ભાગ્યે જ બીજું કોઈ દાન ગણાય.

આત્મભાવનાં સતત સમર્પણ સિવાય
પરમાત્મભાવની પાત્રતા પ્રગટી શકતી નથી.

શ્રી નવકાર જાપ વડે કથીર સરખા 'હું' નો
કંચન સરખા 'અમે'માં રૂપાંતર થાય છે.

વાહનો જળ સાથેનો સંબંધ તરવામાં સહાયભૂત થાય છે,
તેમ આરાધકનો જગતના જીવો સાથેનો
ભાવસંબંધ ભવસાગર તરવામાં સહાયભૂત થાય છે.

દુર્ભાવને નિર્મૂળ કરવાની ભાવની અપ્રતિમ શક્તિ,
તેની સર્વગામિતા અને સર્વ સ્વીકૃતિનો પુરાવો છે.
જગતના સર્વ જીવોનો પોતે ભાવસંબંધી છે, કારણ કે
પોતાના ભાવ અને જગત પરસ્પર અસર કરી રહ્યા છે.

જેમ તારું જળ વડે જળને જ કાપે છે,
તેમ આરાધક ભાવસંબંધ વડે ભવને જ કાપે છે.

સંબંધનું બંધન તોડવું અર્થાત્ જીવનો ઇન્કાર કરવો નહિ
પરંતુ તેની સ્વાર્થના 'હું'પણાના પરિણામરૂપ સંબંધને
આત્મભાવના નિઃસ્વાર્થ સંબંધમાં પરિવર્તિત કરવો તે.
જેમ જેમ આ રીતનો સંબંધ વધતો જાય, તેમ તેમ
આત્મા સ્થૂળ સંબંધોના બંધનોમાંથી મુક્ત થતો જાય.
ભાવસાગર શ્રી નવકારને કારણે જ્યારે આપણા અંદરનો
ભાવ સર્વજીવવિષયકતા ધારણ કરે, ત્યારે તેનું મહત્ત્વ
સર્વજીવ આધારક હવા-પાણી-પ્રકાશ કરતાં ય વધી જાય.
ભાવથી સંબંધ બાંધવાની જોરદાર ભાવનાનો ઉદય
આત્માના ભવો પુરા થઈ રહ્યા હોવાની નિશાની છે.

જે પોતાના આત્માને જાણે છે,
તેને પરના આત્માને જાણવાની ચાવી જડી જાય છે.
ભાવનું પ્રણિધાન કરવા માટે નવકાર છે.

ભાવનું પ્રતિબિંબ ભક્તિ જગાડી આપે છે.

દ્રવ્યનું પ્રતિબિંબ આસક્તિ જગાડે છે.

'જગતના જીવો દ્રવ્યદૃષ્ટિએ સમાન છે' એમ જોવા અને 'પંચપરમેષ્ઠિઓ ભાવદૃષ્ટિએ અધિક છે' એમ જોવું.

નવકારમાં બંને વસ્તુ સંગ્રહીત છે.

પરમેષ્ઠિઓ જગતના જીવોને આત્મદૃષ્ટિએ સમાન જુએ છે. તે જોવાનો તેમનો ભાવ જોવાથી આપણામાં ય ભક્તિ જાગે. એ ભક્તિ જીવો પ્રત્યે સમદર્શિત્વ ભાવ લાવી આપે છે.

o જીવવા માટે ખાવાનું છે, ખાવા માટે જીવવાનું નથી, જીવવા માટે જ જાણવાનું છે, જાણવા માટે જીવવાનું નથી, બનવા માટે માનવાનું છે, માનવા માટે માનવાનું નથી.

આરાધક સૌથી નિર્ભય છે. તે સર્વથી પરાજિત થાય છે.

મસ્તકમાં રહેલું શરીરબળ ક્ષત્રિય, બુદ્ધિબળ બ્રાહ્મણ, વ્યવહારબળ વૈશ્ય અને સેવાબળ શૂદ્ર છે.

બ્રહ્મચર્યમાં મૃત્યુંજય તાકાત છે.

ભોગાર્થ નિપુણભાવ શાસ્ત્ર કે જીવને સંમત નથી.

પ્રજોત્પાદન ઈશ્વરીય કર્મ છે.

વાનપ્રસ્થ મુનિવૃત્તિનો અને સંન્યાસ સર્વભૂતહિતરતિનો અભ્યાસ છે. આત્મસમર્પણ સર્વ જીવના ઉદય માટે છે.

દરેક મનુષ્ય અંશે કલ્યાણી, ગૃહસ્થ, મુનિવૃત્તિ અને સર્વભૂતપ્રીતિવાન હોય જ છે. ગૃહસ્થાશ્રમ વિશ્વકુટુંબ બનાવવા તાલીમ આપનારી એક સરસ પ્રયોગશાળા છે.

અનેકાન્તવાદ એ સમદર્શીપણાનું જ બીજું નામ છે.

પશુ કેવળ પ્રકૃતિમાં રહે. દૂધ એ (ઈશ્વરદત્ત) પ્રકૃતિ છે. દૂધપાક સંસ્કૃતિ છે. દહીં એ (માનવકૃત) વિકૃતિ છે. પ્રકૃતિમાંથી માનવ કાં તો વિકૃતિ કાં તો સંસ્કૃતિ રચે છે. કૃતિ = કરવું, સંસ્કૃતિ = જાણી-સમજી-વિચારીને કરવું.

આત્માનો ઉચ્ચાતિઉચ્ચ અવતાર જેમાં થાય છે, તે સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ છે.

'મત્વા કર્માણિ સીવ્યતિ ઇતિ મનુષ્યઃ ।' અર્થાત્ઃ કર્મોને જાણીને તે પ્રમાણે આચરણ કરે તે 'મનુષ્ય'.

મનુષ્યમાં ૨ અંશો છે : મંતવ્યાંશ, કર્તવ્યાંશ.

મનનપૂર્વક - વિચારપૂર્વક સમજીને કરે તે મનુષ્ય.

કૃતિની નિયામક મતિ છે.

જેવી મતિ તેવી કૃતિ અને જેવી કૃતિ તેવી ગતિ.

મોક્ષ એ આત્મદર્શનની સ્વરૂપાવસ્થિતિ છે.

શાસ્ત્રોનું સર્વોચ્ચ ધ્યેય સ્વના કલ્યાણસ્વરૂપની અનુભૂતિ છે.

સૌમાં આત્મભાવ એ એનું આગવું સ્વરૂપ છે.

સદ્બુદ્ધિ નિયામક છે, સત્કર્મ ઉપાસ્ય છે,

સદ્ભાવ સુગંધ છે. સદ્વિચાર પરાગ છે.
સત્કાર્ય આરાધ્ય છે. સૌનું હિત એ તેની ચિંતા છે.
સૌ ભદ્રદર્શી થાય એ તેનું લક્ષ્ય છે.
સર્વેઽપિ સન્તુ સુખિનઃ એ જપમંત્ર છે.
સર્વેઽપિ સન્તુ નિરામયાઃ એ ધ્યાનમંત્ર છે.
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ એ શુભેચ્છામંત્ર છે.
મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ એ પ્રાર્થનામંત્ર છે.
આ ભારતીય સંસ્કૃતિ છે જ્યાં અધ્યાત્મવિદ્યા શ્રેષ્ઠ છે,
કારણ કે આત્મા જ સર્વશ્રેષ્ઠ પદાર્થ છે.
આત્મલાભ સિવાયનું લાભ અલાભ જ છે.
સત્યમેવ જયતે નાઽનૃતમ્।
ઇતર વિદ્યાઓ અર્થની સાધક છે. અધ્યાત્મવિદ્યા
પરમાર્થની સાધક અને અનર્થની નિવૃત્તિ કરનારી છે.
સર્વભૂતાત્મવાદ એ જ ખરો વાદ છે.
તેમાં જ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, સુખ અને સર્વોદય છે.
'આત્મલાભ પ્રાપ્ત કરવું' એટલે પ્રેમયોગ અપનાવવો.
પ્રેમ જ નિઃસ્વાર્થ કર્મયોગને ઉજાગર કરે છે.
પ્રેમયોગ કદી નિષ્ક્રિય અથવા સ્વાર્થાનુવિદ્ધ નહિ હોય.
પ્રેમ પ્રેમપાત્રને માટે સદા નિઃસ્વાર્થભાવે સક્રિય જ હશે.

આત્મજ્ઞાનની પ્રગટી અવસ્થા પ્રેમ અને પ્રેમની પ્રગટી અવસ્થા નિષ્કામ કર્મયોગ છે. સમસ્ત ક્રિયા, ભાવ, વિચાર, સંકલ્પ કર્મ એ સઘળું ય જ્ઞાનપૂત જોઈએ.

વૈરાગ્યની પ્રાથમિક ભૂમિકા મૌન આદિ ૪ ભાવના છે.

શાસ્ત્રો વિવેકપ્રેરક છે, વિજ્ઞાનનું તેમ નહિ.

મનુષ્ય અજ્ઞાનને જાણે છે, અકર્મને કરે છે,

અસેવ્ય - માયાને સેવે છે.

આત્મજ્ઞાન પ્રેમમાં અને પ્રેમ એ સેવામાં પરિણમે છે.

સામાન્યતયા મનુષ્ય જે જાણે છે, તે જાણવા યોગ્ય નહિ, કરે છે, તે કરવા યોગ્ય નહિ, સેવે છે, તે સેવનીય નહિ. ભૂ, જલ અને તેજ ધાતુના વશમાં માનવ હોવા છતાં આત્મજ્ઞાન ન હોવાથી તેની ક્રિયા-સેવા અનર્થકારક થાય, તેથી બધા તેણે સર્વ પ્રયત્ને આત્માને જાણવો જોઈએ.

तमेव एकं जानथ आत्मानं |

तमेव विदित्वाऽतिमृत्युमेति | (પરિશિષ્ટ-૪)

પ્રેમ, કરુણા, ઉદારતા, પ્રસન્નતા હૃદયના ગુણો છે.

એ બધા આત્માની શક્તિઓ છે.

૦ સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લીયા સો પાની,
ખીંચ લીયા સો રક્ત બરાબર, ગોરખ બોલા બાની.

પોષ વદી, ૧૨

નમસ્કારમાં દ્રવ્ય અને ભાવકરુણાને નમસ્કાર છે.
જે કરુણાને નમસ્કાર કરવાથી મહાફળ થાય છે,
તે કરુણાને સ્વયં જીવનમાં જીવવાથી કેટલો લાભ થાય,
તેનું માપ કોણ કાઢી શકે?

નમસ્કાર એ...
વિષયોની વિમુખતા, પરમેષ્ઠિઓની સન્મુખતા,
અનુકૂળતાનો સંકલ્પ, પ્રતિકૂળતાનું વિસર્જન,
અસહાયતાનું પ્રકટન, સંરક્ષણનો વિશ્વાસ,
આત્માનું સમર્પણ અને સર્વસ્વનું દાન છે.

૦ વહાણ ચલાવનાર નાવિકની પાસે જો સઢ, સુકાન, હલેસાં અને હોકાયંત્ર, એમ બધું જ હોય, તો પ્રવાસની દિશા જોઈ શકે, પવન અનુકૂળ-પ્રતિકૂળ થાય ત્યારે સઢ બદલી શકે, સામે ખડક કે વમળ આવે ત્યારે દિશા બદલી શકે અને કદાચ અકસ્માતથી બધું તૂટી જાય, તો પોતાની સર્વ શક્તિ વડે હલેસાંથી પણ કિનારે પહોંચવા પ્રયત્ન કરે. સામાન્ય મનુષ્યની નૌકા પવન અને પ્રવાહને આધારે ચાલે, બહુ તો હલેસાં હોય. નૌકાને ગતિ મળવાથી વિશેષ તેનો ઉપયોગ ન હોય.

Cosmic relatedness કે વૈશ્વિક પરસ્પરકારિતા
એટલે સર્વ જીવો એકબીજા સાથે સંકળાયેલા છે.
'જો હું બીજાને સુખ આપવા પ્રયત્ન કરું તો જ સુખ મળે,
બીજાને દુઃખ આપું તો મને દુઃખ મળે' એ જાતની સમજ.
જ્યાં સ્વાર્થ ઓછો થાય, અજ્ઞાન ઓછું થાય,
ત્યાં universal unity એટલે કે
જીવ-જીવનો એકબીજા સાથેનો સંબંધ સમજાય તથા
'સર્વ જીવોમાં જીવત્વનું તત્ત્વ રહેલ છે;'
'સર્વને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે' અને
Cosmic relatedness એટલે કે 'સર્વ જીવો
એકબીજા સાથે સંકળાયેલા છે' એ સત્યો સમજાય.
'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'
બીજાને ઉપકાર કરવાથી ઉપકાર થાય અને અપકાર
કરવાથી અપકાર, એ સનાતન સત્યનો સાક્ષાત્કાર થાય.
Civic sense = માનવની માનવ પ્રત્યેની ફરજો.
શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા એટલે સમગ્રતાની
Relatedness જેમાં જળવાઈ રહે છે તે Cosmic
order. જીવત્વનું બહુમાન Cosmic orderની
શ્રદ્ધાના પાયા ઉપર ટકેલું જોઈએ. જીવત્વ પ્રત્યેના
તાત્ત્વિક બહુમાનને અજ્ઞાન અને મિથ્યાત્વ અટકાવે છે.

જે જગ આપણને જેવો લાભ આપે, તેના પ્રત્યે
તેવો ભાવ ન આપીએ તો કર્મના બંધનથી બંધાઈએ છીએ.
આપણને હિતનો લાભ આપનાર પ્રત્યે ભક્તિનો,
અહિતનો લાભ આપનાર પ્રત્યે કરુણાનો અને
સમાન દશામાં રહેલા પ્રત્યે મૈત્રીનો ભાવ ન આપી શકીએ,
તો આપણે બંધાયા વિના ન રહીએ.
એ રીતે સમગ્ર વિશ્વ સાથે જગનું લાભ જોડાણ રહેલું છે.

o

Egoism & selfishness are the enemies.
money and senses are not bad.
Both are essential, money in social
life and senses in physical life.
Both are indeed very good
instruments, if properly used.
But most dangerous when misused.
money & senses are means for some
higher purpose. They themselves are
not ends. Selfishness and egoism try
to make them ends. Selfishness and
egoism are based on ignorance.

સ્વાર્થ અને અહંકાર અજ્ઞાનને લીધે છે.

અજ્ઞાનનું સ્વાતંત્ર - પોતાનું બળ નથી.

પ્રેમ ભાવ દ્વારા જો સહાનુભૂતિપૂર્વક અજ્ઞાન દૂર કરવામાં આવે તો ગમે તેવા અજ્ઞાની, સ્વાર્થી અને અહંકારી માનવામાં પણ સુધારાની શક્યતાઓ રહેલી છે. In heart no one is bad no one can be bad. Subjectively પ્રત્યેકની અંદર સિદ્ધની અનંત શક્તિઓ છુપાયેલી અને ભરેલી છે. Objectively પ્રત્યેકના ચોતરફ all around પરમ ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોની મહાકરુણા વહી રહી છે અરે! no one can be bad. જો reverence for life લય અને જીવનમાંથી પ્રગટે તો truthની relatedness ન સમજાય, ન જળવાય તથા મોક્ષની spiral ન બને પણ circular બની જાય. શાસ્ત્રકારોએ અહિંસા, સંયમ કે તપ, સત્ય, બ્રહ્મચર્ય કે વૈરાગ્ય ઉપર માત્ર ભાર ન મૂક્યો, પરંતુ તેમણે આત્મા ઉપર ભાર મૂક્યો.

'આત્મા' એટલે સમગ્રતાની relatedness, અને એ જેમાં જળવાઈ રહે છે, તે Cosmic order.

o ધર્મ એ માનવ - માનવ વચ્ચેનું
unity of fundamental factor છે.
ભિન્ન ભિન્ન ધર્મો પાળનાર વ્યક્તિઓમાં પણ
basic moralityનું standard સરખું છે.
એકબીજા પ્રત્યે tolerance રહેવી જ, તો બસ છે.
ધર્મ માનવના જીવનમાં basic ફેરફાર લાવે છે.
આ ધર્મ એટલે સ્વાર્થનું ગૌણપણું, પરાર્થની ફિકર,
લઈ લેવાની greed નહિ પણ આપવાનો આનંદ.

જીવનની કાચી ધાતુને
સંપૂર્ણ વસ્તુ બનાવવાની પ્રક્રિયા એ ધર્મ છે.
Raw matter into finished product.
જ્યારે સ્વાર્થ અને અંગત લાભ ગૌણ થાય છે,
ત્યારે જીવોમાં રહેલા જીવત્વ પ્રત્યે ભાવ જાગે છે,
સર્વમાં ઉત્કૃષ્ટપણાનું દર્શન થાય છે.

This vision of unity is expressed
by an infinite respect
for life in all its
forms whether insects or birds,
animals or humans and

is responsible for kindliness,
charity, service and true clarity
of outlook & unfailing forbearance.

ભગવત્ પ્રત્યેના અનુરાગથી આ સદ્‌ગુણો સહજ પ્રગટે છે. આ અનુરાગ ભગવત્સ્મરણના કે સ્વરૂપના અભ્યાસથી નહિ પણ Realityના સમર્પણથી જ પ્રગટવું જોઈએ.

○ ભય ત્યાં સુધી જ ભય રહે છે, જ્યાં સુધી તેમાં આપણી હિતચિંતા રહેલ છે. તે છૂટીને પરમાત્મા વિચારમાં આવતાં ભય ભય મટી ભવ બની જાય છે, માટે જ સ્વાર્થને ભવની અને પરાર્થને ભયની ઉપમા સુઘટિત છે. ભાવની ઊર્મિ ભવાસક્તિની સૂચક છે. માયામાં રહેલા સત્યની યથાર્થ ઓળખ સિવાય મોક્ષરૂપી મહેલમાં પ્રવેશ કરવાની પૂર્ણ યોગ્યતા ભાગ્યે જ પામી શકાય. આત્માનું આત્મા સાથેનું સગપણ આત્માના ભવ સાથેના અનાદિ સગપણનો અંત લાવવામાં મદદ સહાય કરે છે.

○ જે દૃષ્ટિ ગુણને મહત્વ આપે, તે 'સમ્યગ્દૃષ્ટિ' છે અને જેની દૃષ્ટિ સદા ય મિથ્યાને જ મહત્વ આપે, તે 'મિથ્યાદૃષ્ટિ' કહેવાય. 'મિથ્યા' અર્થાત્ દોષ.

આપણે જ્યારે કેવળ આપણા જાતનો જ પક્ષ કરીએ, ત્યારે સ્વાભાવિકપણે સર્વ જીવોના પ્રતિપક્ષી બની રહીએ છીએ. કેવળ આપણા જાતનો પક્ષ એટલે આંધળા સ્વાર્થનો પક્ષ. કરૂણાના મહાસાગર સરખા મહાત્માઓની ભક્તિ એ વધુ દુઃખી અને પરાધીન મહાત્માઓ તરફના આપણા સદ્ભાવમાં વધારો કરે છે. જે પોતાની જાત-સ્વાર્થ વિશ્વબંધુ ભાવ કેળવીને ય ન ઓળખશે, તે જીવને ભવ (સ્વાર્થ) સાગરના મત્સ્યની ઉપમા ઘટે. સાગરની બહાર નીકળવાની વાત સાંભળતાં જ તે ધ્રુજવા માંડે. ઓળખાણ આપણા વિશ્વબંધુ ભાવ સાથે ઓળખાણ ન થાય, સંબંધ બંધાય નહિ. જ્યારે આપણે તો આપણી જાત વિશ્વબંધુ ભાવ કેળવીને ય બરોબર ઓળખતા નથી.

સુખ જેને ગમે, તેને સ્વાર્થ વહાલો લાગે જ શી રીતે?
સ્વાર્થ એ દુઃખનું જ બીજું નામ છે.
સ્વાર્થને પોષવાથી વાસ્તવમાં દુઃખ જ પોષાતું રહે છે.

૦ 'હું અરિહંતને નમસ્કાર કરું છું' એ પ્રથમ ભૂમિકા. 'અરિહંત મારા રક્ષક છે, માટે તેમને નમસ્કાર કરું છું' તથા 'અરિહંતોની આજ્ઞાનું પાલન કરવા નમસ્કાર કરું છું' એ અનુક્રમે બીજી અને ત્રીજી ભૂમિકા છે.

પોષ વદી, ૧૪

પહેલી ભૂમિકામાં હું અરિહંતનો છું,
બીજી ભૂમિકામાં અરિહંતો મારા છે અને
ત્રીજી ભૂમિકામાં એવા પુષ્ટ ભાવના છે કે
અરિહંતો અને હું એક છીએ.

નમો - દુષ્કૃતગર્હાવાચક
અરિહં - સુકૃતાનુમોદનવાચક
તાણં - ચતુઃશરણાગમનવાચક
નમો અરિ + હંતાણં - ધર્મકાયવાચક
નમો અરિહં + તાણં - કર્મકાયવાચક
નમો અરિહંત + આણં - તત્ત્વકાયવાચક

(૧) નમો અરિહંતાણં। (૨) નમો અરિહં+તાણં।
(૩) નમો અરિહંત+આણં।

નવકારના પાંચ પદોમાંથી
આ પહેલાં પદનું સ્વરૂપ ધ્યાનથી જાણવા યોગ્ય છે.
'આણં', 'તાણં' કાંઈ ન જાણું, શિષ્ટ કહે તે 'પ્રમાણું'
એમ માનીને ઉચિત નમસ્કાર કરવાનો છે.
બીજામાં પ્રભુની રક્ષકતા, ત્રીજામાં આત્માને ભાવવાની છે.
ત્રીજો નમસ્કાર સાક્ષાત મોક્ષનું કારણ થાય છે.

બીજા પદમાં તે આજ્ઞા સિદ્ધ-ત્રિકાળાબાધિત છે. સર્વ જીવોને આત્મરૂપ ગણવાની ત્રિકાલસિદ્ધ શક્તિ અરિહંતોની આજ્ઞાને નમસ્કાર છે. અહીં આજ્ઞાનું સિદ્ધત્વ મુખ્ય છે. ત્રીજા પદમાં આચારની મુખ્યતાએ આજ્ઞાને નમસ્કાર છે. 'અરિહંતોની આજ્ઞા સિદ્ધ છે' એવી શ્રદ્ધા સાથે તેને આચરણમાં ઉતારવા લાયક છે, તેથી 'આચાર વડે આજ્ઞા કલ્યાણ કરનારી છે' એવી ભાવના પુષ્ટ થાય છે.

આચારનું પાલન જ્ઞાન વડે પુષ્ટ થાય છે, તેથી આજ્ઞામાં આસેવન અને ગ્રહણ બંને રહેલાં છે. તેને સ્પષ્ટ કરવા માટે ચોથું પદ છે.

તે ગ્રહણ-આસેવન શિક્ષારૂપ આજ્ઞાને સાધનારા સાધુપુરુષો લોકમાં જે કોઈ હોય તેને નમસ્કારરૂપ પાંચમું પદ છે. **એ રીતે નવકારના પાંચ પદમાં પ્રભુની આજ્ઞા અને તેનું સ્વરૂપ સ્પષ્ટ થવાની સાથે તેની સાધના વડે સિદ્ધિ-પદની પ્રાપ્તિ થાય છે, એ વાત પણ સ્પષ્ટ થાય છે.** એવા પાંચ પદોનો નમસ્કાર સર્વ પાપનો નાશક અને સર્વ મંગળોનો ઉત્પાદક છે, તેથી ઉભયલોકમાં સુખ-કારક છે અને અવશ્ય કરવા યોગ્ય છે એવું શાશ્વત જ્ઞાન ચૂલિકા સહિતના પરિપૂર્ણ નવકારમાં રહેલું છે.

ક્રિયા યોગસ્વરૂપ હોઈ ફલપ્રાપ્તિમાં મુખ્ય કારણ છે. અહીં ફળ અનુભવ જ્ઞાન છે, જેમાં વિકલ્પ કલ્પનાની વિશ્રાંતિ હોય. નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ અનાલંબન યોગ અથવા સૂક્ષ્મયોગની સિદ્ધિ એ ક્રિયામાત્રનું લક્ષ્ય છે.

જ્ઞાનથી ઉપયોગની અને ક્રિયાથી યોગની વિશુદ્ધિ થાય.

જેમ શબ્દ જ્ઞાનનું સાધન છે, તેમ જ્ઞાન અર્થનું સાધન છે.

જેમ શબ્દથી જ્ઞાન ભિન્ન છે,

તેમ પદાર્થના જ્ઞાનથી પદાર્થ ભિન્ન છે.

પદાર્થની પ્રાપ્તિ માટે જ્ઞાનથી તેને જાણીને મેળવવાની ક્રિયા કરવી જરૂરી છે. ક્રિયાથી જ અર્થની સિદ્ધિ છે. અર્થની સિદ્ધિ માટે ક્રિયા, ક્રિયાની સિદ્ધિ માટે જ્ઞાન, જ્ઞાનની સિદ્ધિ માટે શબ્દ, શબ્દની સિદ્ધિ માટે ઇંદ્રિય-મન અને તેની સિદ્ધિ માટે ઔદારિક મનુષ્યનો દેહ સાધન છે. તે દેહની પ્રાપ્તિ દેવોને પણ દુર્લભ છે, તેથી જ યુક્ત આહાર-વિહાર વડે તેની રક્ષા કરવી એ પરમ ધર્મ છે.

રાગ-દ્વેષની નિવૃત્તિ તે શાંતિ છે.

રાગ-દ્વેષ વર્તમાન હોય, ત્યાં સુધી સુખ-દુઃખ ન ભૂંસાય. દુઃખમાં તટસ્થતા સિવાય જીવનનું રહસ્ય સમજાતું નથી.

ભાવના પાકી થતાં સિદ્ધિ ગુરુરૂપે ખડી થાય છે.

સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ ટાળવા માટે સર્વેના
સુખ-દુઃખમાં દ્વેષ રહિત જે તટસ્થતા કેળવવી જોઈએ.

જેમ બ્રહ્મ પૂર્ણ છે, તેમ જગત પણ પૂર્ણ છે.

જેમ બ્રહ્મમાં પૂર્ણતા જોવાની છે,
તેમ જગતમાં પણ પૂર્ણતા જોવાની છે.

જે કાંઈ બગડેલું છે, તે પરમાત્મા અને જગતમાં નહિ
પણ આપણામાં જ છે. આપણામાં જે ઊણતા (ઓછાશ) છે,
તે કાઢી નાંખવાથી આપણને જગત પૂર્ણ દેખાશે.

પરમાત્મા વિયુક્તો, વિભક્તો અને વિરક્તો છે.

'અસ્તિત્વ અંશમાં બધું સત્ય છે'
એમ જોવાથી એક તૃતીયાંશ ઈશ્વરને સમજ્યા.

'સર્વત્ર ચિદંશ વ્યાપક છે'
એમ જોઈ શકે તેને બે તૃતીયાંશ ઈશ્વર સમજાશે.

આત્મા, આત્મા હોઈને દુઃખસ્વરૂપ હોઈ શકતો નથી.
આ આનંદસ્વરૂપને લઈને જ પરમાત્મા પ્રાપ્ય કે
મેળવવા યોગ્ય છે. રાગ-દ્વેષના કારણે નાસ્તિ, જડતા,
દુઃખ વેદાય છે. હકીકતમાં અસ્તિ, ચિત્, આનંદ જ છે.

'ઈશ્વરનો અનુભવ' એટલે
ઈશ્વરની પાછળ રહેવું અથવા તેના જેવા બનવું.
અનુભવ વિના સમજણ ન હોય.

'ઈશ્વર બધામાં છે, તું બધામાં છે, તે તે રૂપે તું જ બધામાં નામ-રૂપ વર્તી રહ્યો છે' એમ દૃઢતાથી સમજ.

આ બધું ધન કોનું છે? જગતના તમામ પદાર્થો કોના છે?

તારા તો નહિ જ, જો તારા હોય તો તારી સત્તા માને ને?

તારી સત્તામાં તો ઘાસનું તણખલું યે નહિ.

તો કોઈકનો મારું મારું કરીને શાને અથડાય છે?

એ તારું નહિ, આથી તૃષ્ણામાં ખેંચાવું તારો ધર્મ નહિ.

માનવ શરીરની પ્રાપ્તિ ઈશ્વર સેવાર્થે છે.

આસક્તિની ચીકાશ જેવી ચીકાશ બીજી એક પણ નહિ.

યતનાપૂર્વક કર્મ કરવા = કર્મ કરવા છતાં બંધન ન થાય, તેની કાળજીપૂર્વક કરવા. કાળજી = લાગણી-દર્શનપૂર્વક કર્મ.

'સર્વ જીવ આત્મ સમાન છે' એમ જોવા-જાણવાપૂર્વક કરવાથી આસક્તિ અને અનુચિતતા શિઘ્રપણે છુટી જાય, પછી તે કર્મ બંધનકારક થતાં નહિ.

'આસુર' એટલે પોતાના જ તૃષ્ણાના પોષણમાં મશગુલ.

'સ્થૂલદર્શી' એટલે મલિન હૃદય-ચિત્તવાળા કે રાગ-દ્વેષી.

મૃત્યુનું કારણ દેહ, દેહનું કારણ કર્મ, કર્મનું કારણ રાગ-દ્વેષ અને રાગ-દ્વેષનું કારણ અજ્ઞાન છે.

મનુષ્ય = દેહ + આત્મા.

જ્યાં વત્તાને બદલે બાદબાકી કરીએ, ત્યાં ખોટ જ આવે.

હૃદય એ ભાવના, લાગણી, ભક્તિનું નિવાસસ્થાન છે.

૦ 'નમસ્કાર કરવો' એટલે...

હૃદયપૂર્વક બે હાથ અને માથું પ્રભુને અર્પણ કરવું.

અરિહંતને નમ્યો તે તેના માર્ગને - સન્માર્ગને નમ્યો.

તેનાથી ઉન્માર્ગની રુચિ ટળી અને સન્માર્ગની રુચિ જાગી.

ગુણ એટલે સામર્થ્ય.

ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થયા પછી તેનો સદુપયોગ કરવો તે તેની પુષ્ટિ છે. વસ્તુની પ્રાપ્તિ પુણ્યથી છે અને તેનો સદુપયોગ પુણ્યાનુબંધી પુણ્યથી છે, તેથી નમસ્કાર પુણ્યનો જનક અને પાલક પણ કહેવાય છે, કેમકે તે વસ્તુને તે મેળવી પણ આપે છે અને મેળવ્યા પછી સદુપયોગ કરવા માટેની સદ્બુદ્ધિ પણ આપે છે. પુણ્યાનુબંધી પુણ્યને સાનુબંધ બનાવવું તે તેનું શોધન છે. આશંસાદિ દોષરૂપી મલિનતાને પણ તે જ ટાળી આપે છે. લૌકિક કીર્તિ આદિની આશંસા અને પ્રાપ્ત ગુણસ્થાનકો પ્રત્યે આસંગાદિ દોષો ન આવે તેની કાળજી રાખે છે.

'રુચિપૂર્વકનું ભજન' એટલે...

ભજન મુજબ જીવન જીવવાની તાલાવેલીપૂર્વકનું ભજન.

જાપ માટે શાંતિ, સમતા અને સમર્પણ ત્રણેની જરૂર છે. પોતાનું નામ લેતાંની સાથે જ જેમ પોતાનું સમગ્ર સ્વરૂપ ખ્યાલમાં આવે છે, તેમ જાપ વખતે તેમના આકૃતિનો અર્થ પોતાના મનની સમક્ષ પ્રગટ થવો જોઈએ. પોતાનાં જ સુખ-દુ:ખની ચિંતા અને વિકલ્પો જે સ્વાર્થમાંથી જન્મે છે અને સ્વાર્થ કે જે સર્વ પાપોનું મૂળ છે, તેનો નાશ પરમેષ્ઠિ નમસ્કારની ભાવનાથી થાય છે કેમકે તેમાં સ્વાર્થરહિત પુરુષોને જ નમસ્કાર છે.

'પરમેષ્ઠિ' એટલે સર્વશ્રેષ્ઠ.

પ્રણિના પણ અને શબ્દનો આરંભ ઉપદેશનાર સુભાષિત નીચેની કવિતામાં નજરે પડે છે:

'નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર.'

<u>વાણીના ૪ વિષયો</u>

જાતિ, ગુણ, ક્રિયા અને સંજ્ઞા.

o જડમાં પ્રાણત્વ કાંઈ નથી,
કારણકે જડ આનંદશૂન્ય અને સ્નેહશૂન્ય છે.

o <u>વિદિત</u> = સ્થૂળ, <u>અવિદિત</u> = સૂક્ષ્મ (મન, બુદ્ધિ),
<u>સૂક્ષ્મતમ</u> = વૃત્તિ, અહંકાર, ચેતના.

o સમુદ્રનો ભરતીઓ, મેરુની શાહી, કલ્પવૃક્ષની કલમ, પૃથ્વીનું પટ-પાનું લઈને લખાવતી સરસ્વતી રાત-દિવસ લખ્યા કરે તો પણ ન લખાય તેવું સ્વરૂપ આત્માનું છે. દર્શન - શ્રવણ - મનન અને નિદિધ્યાસનનો ઉપયોગ આત્માને જોવા માટે નહિ પણ હૃદયને શુદ્ધ કરવા માટે છે. શુદ્ધ હૃદયમાં આત્મસ્વરૂપનો સ્વયં પ્રકાશ થાય છે. જે જણાય છે, તે જ્ઞાનનું અલ્પરૂપ છે. જ્ઞાન વિશાળ છે.

બાહ્યજ્ઞાન સદ્અંશની અલ્પ માત્રાને વહન કરે છે.

દેવ - ઇંદ્રિયોનો અધિષ્ઠાતા આત્મા સેવરૂપે અસ્નાત છે, રાજરૂપે સદા સ્નાત છે. એનું જ નામ 'આત્મસ્નાન' છે.

o શરીરબળ, મનોબળ અને સાધન-સંપત્તિનું બળ,

આ ત્રણે પ્રકારના બળ અનિવાર્ય છે.

o અધ્યાત્મજીવનમાં આડંબર એક મહાન અંતરાય છે, બળને માન્ય તે થાય કે જે માન આપનારો છે પણ લેનારો નહિ. જીતેન્દ્રિયતા સર્વ મહત્તાનું મૂળ છે.

o ત્રણ દેવ મુખ્ય છે: અગ્નિ = વાણી - શ્રવણ.

વાયુ = મન - મનન, નિદિધ્યાસન.

ઇન્દ્ર = જીવાત્મા - બુદ્ધિ (મતિ).

अग्निःवाक् भूत्वा मुखं प्राविशत् |

અર્થાત્: અગ્નિ વાણી રૂપે થઈને મુખમાં પ્રવેશ્યો છે.

તૃણમાં બ્રહ્માંડના ભેદ છુપાયા છે. વિનય કરતાં કોમળ
અને અભિમાન કરતાં કઠણ બીજી કોઈ વસ્તુ નથી.

અભિમાનરહિત બુદ્ધિ એ હૈમવતી ઉમા છે,
હૃદય હિમાલયની પુત્રી અને શિવસ્વરૂપ શંકરની પત્ની છે.
તેમાં શાંતિ અને પ્રસન્નતા રહેલ છે.

જ્ઞાન માત્ર જ્ઞાનને અનુસારે વર્તનમાં પરિણમે છે.

૦ જેને પ્રાણીમાત્ર આત્મીયતાથી ચાહે અને
જે પ્રાણીમાત્રને આત્મીયતાથી ચાહે તેને ધન્ય છે,
સ્વર્ગ કે મોક્ષમાં પણ એવું સુખ નથી.
વિશ્વ એ પ્રેમનું વિશ્વવિદ્યાલય છે,
તેમાં જે પ્રેમનો પાઠ ભણશે, તે સંસાર તરી જશે.

૦ 'તપ' એટલે દ્વન્દ્વ સહન કરવાની શક્તિ. સર્વપ્રિય
પરમાત્માને જાણવાના ઉપાયો: તપસ્વી, દાન્ત, સમબુદ્ધિ.
'પાપનો નાશ' એટલે સ્વાર્થનો નાશ. તે પ્રેમથી જ શક્ય છે
અને પ્રેમ સર્વમાં આત્મસ્વરૂપ જોવાથી જ થાય છે.
સર્વમાં આત્મસ્વરૂપને જોવું તે જ બ્રહ્મજ્ઞાન છે.
બ્રહ્મ=વિસ્તારવાળું. સર્વવ્યાપી આત્મતત્ત્વને જાણવું, જોવું,
આત્મરૂપે અનુભવવું એ સ્વાર્થરૂપી પાપપ્રણાશ કરનારું છે.
બ્રહ્મભાવ વડે સ્વાર્થભાવ નાશ પામે છે.

નમસ્કારમાં જેને નમવાનું છે, તેઓ કેવળજ્ઞાનને પામેલા છે,

તેથી તે નમસ્કાર ભવનો નાશ કરનાર ભાવ પેદા કરે છે.

ભાવ વડે ભવ નાશ પામે છે.

'ભાવ' એટલે પ્રેમ અને 'ભવ' એટલે સંસાર.

તેના હેતુભૂત સ્વાર્થ પ્રેમનો પ્રતિપક્ષ હોવાથી ત્યાજ્ય છે.

'શ્રદ્ધા' એટલે શાસ્ત્રીય બુદ્ધિ.

વિવેકને વય સાથે નહિ,

પણ સંસ્કાર અને હૃદય સાથે સંબંધ છે.

શ્રદ્ધાયુક્ત બુદ્ધિનું નામ 'હૃદય' છે.

મૃત્યુ હૃદયની મલીનતાનું બીજું નામ છે.

જે મલીન નથી, તે મરતો નથી.

પરસ્પર વિરુદ્ધ બે પક્ષો સંશયને પેદા કરે છે.

આત્મલાભ = પાંડિત્ય + સાધનસંપત્તિની સ્થિરતા.

પવિત્રતાથી ગ્રાહકને પણ 'સૂક્ષ્મ' કરી શકાય છે.

સંશય અને અજ્ઞાન હોય, ત્યાં સુધી સાચું સમાધાન ન થાય.

સમાધાન વિના શાંતિ ક્યાંથી?

સંશયનો કીડો અને અજ્ઞાનનું ગુમડું વેદના ઉપજાવે જ.

ભોગ ઇંદ્રિયોના સામર્થ્યને હણે છે.

એટલે જ ઇંદ્રિયો ભારરૂપ છે.

o 'મંગળ' એટલે પ્રશસ્ત આત્મરત્ન.

આત્મજ્ઞાન દુર્લભ નથી, એનો અધિકાર દુર્લભ છે.

પરાનુભવે પુષ્ટિ માને તે લૂખ્ખો જ છે.

અતિ સૂક્ષ્મ પ્રત્યક્ષ સત્ત્વને પકડવાની તાકાત સર્વમાં નથી.

બુદ્ધિ જેટલી શુદ્ધ તેટલી હૃદયની નિકટ.

બુદ્ધિ જુદી હોઈ શકે, અનુભવ સર્વનો એક જ હોય છે.

o મા-બાપ એ જન્મદાતા છે,

ગુરુ એ જન્મ-મરણથી મુક્તિના દાતા છે.

મળેલી વસ્તુ ત્યાગવામાં ધર્મ જોઈએ.

આત્મા પૂર્ણકામ - ઇચ્છામાત્રની સમાપ્તિ છે.

વૈરાગ્યમાં મિથ્યા-અનાત્માનો ત્યાગ છે,

સત્યનું - આત્માનું ગ્રહણ છે.

ભૂમિતિના બિંદુ અને સાધી લીટીની જેમ આત્માનું પ્રથમ ગ્રહણ હોય છે. સર્વ પ્રાપ્તિ વસ્તુઓની પ્રાપ્તિમાં નથી,

પણ પૂર્ણકામતાની - આત્માની ઓળખમાં છે.

આત્મા પૂર્ણકામ છે.

તેની પ્રાપ્તિમાં સર્વેષણાનો ત્યાગ સહજ છે.

સર્વેષણાના ત્યાગમાં સત્યસંકલ્પતા છે એટલે કે આત્માની ઓળખમાં અપ્રતિહત ઐશ્વર્ય છુપાયેલું છે.

o 'અક્રતુ' એટલે નિ:સંકલ્પ-નિષ્કામ,
મેળવવા-ભોગવવાની તૃષ્ણાથી રહિત બનેલો.

પુરુષાર્થ + ઈશ્વરાનુગ્રહ = આત્મદર્શન.

જ્યોતિષના ટીપણાંને નીચોવવાથી ભાખેલો વરસાદ ન પડે,
તેમ શાસ્ત્રો નીચોવવાથી પરમાત્મા ટપકતા નથી.

ભાવદરિદ્રી અથવા ભક્તિકંગાલને ભગવાન ક્યાંથી મળે?
જ્ઞાનની ઉત્પત્તિ ઉપરાંત તેના રક્ષણ નિભાવ માટે
અધિકારસંપત્તિની જરૂર છે. સત્ત્વોદ્રેકવાળું કે ઉત્કટ
સત્ત્વવાળું મન, ભાવસંશુદ્ધ હૃદય અને અંતઃકરણ,
સદાચાર, નિષ્ઠા, દુરાચારથી નિવૃત્તિ, રાગ-દ્વેષનો નાશ,
કર્તવ્યનિષ્ઠા અને ભાવસંશુદ્ધિ અધિકારી બનાવે છે.

o Man shall not live by bread alone.
પરંતુ ભૂખ્યાને ભજનનું પ્રલોભન કરવું એ ભારે અપરાધ છે.

આજનો યુગ દર્શનાંધ છે.

દ્વૈતબુદ્ધિ = ભેદબુદ્ધિ કે રાગ-દ્વેષયુક્ત બુદ્ધિ.

વિશ્વ એ પરમાત્માની પ્રતિભાનો આંશિક ચમત્કાર માત્ર છે.
Every soul is potentially divine.

ब्राह्मे मुहूर्ते उत्थाय, वार्युपस्पृश्य माधवः ।
दध्यौ प्रसन्नकरणः, आत्मानं तमसः परम् ॥

(પરિશિષ્ટ-૫)

સિદ્ધિ એ સાધનાની દાસી છે અને
મુક્તિ એ ભક્તિની ગુલામ છે.
વિવેકમાં મનુષ્યત્વ છે, માનવતાનો માપદંડ છે.
પદાર્થોમાં નીરસતાનો અનુભવ એટલે વૈરાગ્ય.
વિરાગમાં આત્માનું સન્માન છે.
તે પ્રસન્ન રાગની અવસ્થા છે.
વૈરાગ્ય આત્માને સ્વમાની બનાવનાર છે અને
તે પ્રાણીમાત્ર સાથે અવિરોધની સાધના છે.
વૈરાગ્ય એ નિર્વૈરતાની ઉત્તમ ભૂમિકા છે.
તિતિક્ષામાં દ્વેષનું અવસાન છે.
'ઉપરતિ' એટલે સ્વાર્થ સંન્યાસ.
શ્રદ્ધા ને આસ્તિક બુદ્ધિ એ
એકાગ્રતા, પ્રકાશ અને શક્તિની જન્મભૂમિ છે.
અનેક તપસ્વીઓ, અદ્વિતીય દાનવીરો, અનન્ય યોગીઓ,
બેનમૂન મંત્રવેત્તાઓ અને બાનઉરીફ સદાચારીઓ જેને
સમર્પણ કર્યા વિના સાચું આત્મરક્ષણ નથી જ
મેળવી શકતા, તે પરમાત્મભાવને વારંવાર નમન હો.
ભક્તિ એ પાપૌઘનાશિની અને ભાવગંગા પ્રવાહિની છે.

o

Center is soul, not the self.

રાણકપુર સં. ૨૦૨૭, મહા સુદી-૨

સર્વત્ર સર્વે સુખિનો ભવન્તુ ।

સ્ફુરિત: સર્વત્ર સર્વ જીવ સુખ પામો.

'ચિત્તં યસ્ય સ્ફટિક વિમલં નૈવ ગૃહ્ણાતિ રાગં
કારુણ્યાર્દ્રે મનસિ નિખિલાઃ શોધિતા યેન દોષાઃ ।
અત્રીદિન સ્વરૂપમહિતો યેન સંસાર રાજુઃ
સર્વ સોઽસૌ ભવતુ ભવતાદ્ શ્રેયસે નિશ્ચલાય ॥૧॥'

(પરિશિષ્ટ-૬)

'નિરંજન: પરમં સામ્યમુપૈતિ।' સ્ફુરિત:

નિરંજન થયેલ પુરુષ પરમાત્માની સમાનતાને પામે છે.

૦ કૃતજ્ઞતા વિનાનો પરોપકાર એ અહંકાર છે.
પરોપકાર વિનાની કૃતજ્ઞતા એ માયાચાર છે.
પરોપકારને નિરહંકાર બનાવવા માટે
કૃતજ્ઞતાભાવની જરૂર છે અને
કૃતજ્ઞતાગુણને કેવળ શિષ્ટાચારરૂપ ન બનાવવા અને
મિથ્યાચારરૂપ બનતાં બચાવવા માટે
પરોપકારગુણની મહદ્ આવશ્યકતા છે.
પરોપકારથી કૃતજ્ઞતા ચરિતાર્થ થાય છે અને
કૃતજ્ઞતાથી પરોપકાર ધર્મરૂપ બને છે.

'ત્રિભુવનાર્તિહરાય નાથ'નું આ વિશેષણ તો જ સાર્થક થાય કે પ્રભુના ધર્મ વડે ત્રણ ભુવનના જીવોની પીડા ઓછી થતી હોય. જો પ્રભુના ધર્મથી અન્ય જીવોની પીડા દૂર થાય તો તે જ ધર્મનું સેવન કરનાર સાધકોના ધર્મથી પણ તે કાર્ય થવું જ જોઈએ, કેમકે ધર્મનું લક્ષણ સરખું છે. 'આપણા ધર્મથી ત્રણ લોકના જીવોને સુખ થાય છે અને તેમનાં દુઃખોનો ઘટાડો થાય છે' એવી સમજણ ઉગે, તો ધર્મ કરતી વખતે કરુણાનાં અનંત ભાવ પ્રગટે. 'પોતાના ધર્મથી પોતાને જ લાભ અને બીજાને કાંઈ નહિ' એ વિચાર જીવને કૃતજ્ઞતા અને પરોપકારના ગુણોથી રહિત બનાવે છે. બીજાના ધર્મથી થયેલા પોતા ઉપરના ઉપકારનો તેમાં અપલાપ થાય છે અને બીજા ઉપર ઉપકાર કરવાના પરિણામનો તેમાં અભાવ થાય છે. બધાનો ઉપકાર લેવાનું રહે છે, કરવાનું રહેતું નહિ, તેથી વળી એકલી સ્વાર્થવૃત્તિ જ દૃઢ થયા કરે છે.

સ્વાર્થ વૃત્તિ જ બધા પાપોનું મૂળ છે અને પર અપકાર વૃત્તિ ભવ્યત્વભાવનો વિકાસ કરતાં અટકાવે છે. 'મુક્તિગમન યોગ્યતા' એટલે સ્વાર્થવૃત્તિમાંથી મુક્ત થવાની યોગ્યતા. તે પરોપકાર પરાયણતાથી જ વિકસિત થાય.

સ્વાર્થ વૃત્તિમાંથી પર - ઉપકારપરાયણતા જન્મે છે અને તે જીવના નિર્મળ સ્વભાવને પ્રગટાવતાં અટકાવે છે. જીવનો નિર્મળ સ્વભાવ પ્રાપ્ત કરવા માટે પરોપકાર-પરાયણ થવું જ જોઈએ અને પરોપકારપરાયણ થવા માટે કૃતજ્ઞતાગુણને વિકસાવવો જોઈએ. બીજાથી થયેલા પોતાના ઉપરના ઉપકારોનું ભાન થયા વિના થતી પરોપકાર ક્રિયા અહંકાર અને સ્વાર્થને જ પોષે છે. સ્વનું વિસર્જન થવાને બદલે ઊલટું દૃઢીકરણ થાય છે.

પરાર્થવૃત્તિના ૨ પ્રકારો

(૧) બીજાએ કરેલા ગુણોની સ્મૃતિથી થતી નમ્રવૃત્તિ રૂપ.
(૨) બીજા ઉપર ઉપકાર કરવારૂપ પોતાના કર્તવ્યના સ્મરણથી ઉત્પન્ન થતી ઉદારવૃત્તિ રૂપ.

ઉદારતા સ્વને ભૂલવાડવા રૂપ છે અને
નમ્રતા પરને યાદ રાખવા રૂપ છે.

સ્વને ભૂલવા માટે પરાર્થતા - પરને યાદ રાખવા કૃતજ્ઞતા અનુક્રમે ભવ્યત્વનો પરિપાક - સહજમળનો હ્રાસ કરે છે.

સહજમળનો નાશ કરવા માટે નમ્રતા અને
ભવ્યત્વનો પરિપાક કરવા માટે ઉદારતા અનિવાર્ય છે.
તે બંને ગુણોનું સેવન અનુક્રમે
નવકારના પ્રથમ પદના આરાધનથી થાય છે.

'નમો' કૃતજ્ઞતાનું સૂચક છે,
'અરિહંતાણં' ઉદારતાનું પ્રતીક છે.

પરનો ગુણ સ્વીકારવાથી યોગ્યતા વિકસે અને
પરને ગુણ કરવાથી અયોગ્યતા નાશ પામે છે,
યોગ્યતા વિકસવાથી (સહજમલ) તથાભવ્યત્વનો પરિપાક
થાય અને અયોગ્યતા જવાથી સહજમલનો હ્રાસ થાય છે.
'પોતે જેના ઉપર ગુણ કરે, તે જો કૃતઘ્ન બને તો તેની
ઉન્નતિ થાય નહિ અને પોતાના ઉપર જે ગુણ કરે તેનો
ઉપકાર માનવામાં ન આવે, તો પોતાની ઉન્નતિ ન થાય'
એ સમજવાથી કૃતજ્ઞતા-પરોપકારગુણનું પાલન થઈ શકે.

ભગવાન એ 'ભગવાન' બન્યા છે, કારણકે
તેમણે પરના ગુણને સ્વીકાર્યો છે અને
પરને ગુણ કરવા માટે પુરુષાર્થ પણ સેવ્યો છે.

જેને પરોપકારની પડી નથી, તેની અયોગ્યતા એટલે
સ્વાર્થપરાયણતા જતી નથી. જેને બીજાથી પોતાને થયેલા
ગુણની કદર નથી, તેની પણ સ્વાર્થપરાયણતા ટળતી નથી.

સ્વાર્થપરાયણતાને પુષ્ટ કરનાર
કૃતઘ્નીપણું અને પરાપકારકતા: એ બે જ મુખ્ય છે.
પોતાને પરાપકાર ગમતો નથી, પણ પરોપકાર ગમે છે

તથા પરનું કૃતઘ્નીપણું ગમતું નથી પણ કૃતજ્ઞપણું ગમે છે, માટે આત્મરૂપે પરનું જ્ઞાન જેને સિદ્ધ કરવું છે તેણે કૃતજ્ઞતા અને પરોપકાર એ બે ગુણોને અપનાવવા જ જોઈએ. જો એ બે ગુણોને સ્વીકાર અને વિકાસ કરવામાં ન આવે તો અનંત એવા પરની વિરાધનાનું મહાપાપ તેને પળે-પળે લાગ્યા કરે. 'આત્મત્વેન' સઘળા આત્મા સમાન હોવા છતાં જ્યાં સુધી સ્વ-પરની તુલ્ય ચિંત ન સંધાય, ત્યાં સુધી જ્ઞાન-દર્શનમાં મિથ્યાપણું ટળતું નથી અને એ મિથ્યાત્વ જ જીવને અનંતકાળપર્યંત સંસારમાં ભટકાવે છે. તેમાંથી છૂટવાનો સક્રિય ઉપાય કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું પાલન જ છે, જેનો સતત અભ્યાસ વિકસાવવા શ્રી નમસ્કાર મહામંત્રનો આશ્રય લેવો જોઈએ.

o નવે ગ્રહોની અસરનું વિજ્ઞાન,

અનંતા શ્રી સિદ્ધભગવંતોના નિર્મળ એવા આત્મપ્રદેશોની અમાપ અસરના તત્ત્વજ્ઞાનને પૂરેપૂરું સમર્થન કરે છે. સિદ્ધશિલા ધ્યાનના પ્રભાવે જીવને સદા અસલ સ્વરૂપે જોવાની અચિન્ત્ય શક્તિ આત્મામાંથી પ્રગટે છે. આકાશનું ધ્યાન જેમ વિશાળતાનું જ્ઞાન કરાવે છે, તેમ સિદ્ધશિલાનું ધ્યાન જીવતત્ત્વનું યથાર્થ ભાન કરાવે છે,

દેવાધિદેવનું દર્શન શુભભાવને જગાવે છે, તેમ સિદ્ધશિલાનું
દર્શન સમભાવને અને આત્મસમદર્શિત્વને જગાવે છે.
સૌનું સર્વમાં વિરમણ થાય એટલે સર્વવિરતિ આવે જ.

મોક્ષ શિવમ્, બીજું તેનું ફળ ન હોય.

સિદ્ધશિલાનું ધ્યાન આપણી અંદર
જે શીતળતા અને પ્રકાશ ફેલાવે છે,
તેના અસરમાત્રથી બહારના પરિબળોની પ્રતિકૂળ અસર
બહારને બહાર જ રહેતી અનુભવાય છે,
તેમ જ ઉત્કૃષ્ટ સ્વાભાવિક અંતર્મુખતા આવતી જાય છે.

0 જેના ભાવમાં ભવભવને વિષે રહેલા બધા જીવોના
હિતને પુરેપુરું સ્થાન હોય છે, તેવા સત્ત્વસંપન્ન
આત્માનું દ્રવ્ય, દેવાધિદેવની સર્વોત્કૃષ્ટ ભાવનાની
ભૂમિ ભૂમિ પ્રભાવના પાછળ સાર્થક થતું દેખાતું હોય છે.
શુભભાવની પ્રભાવનાના ભાવ શિવમ્‌ની આરાધનાના
પ્રભાવે બંધાતા પુણ્યના યોગે મળતી સામગ્રીનો અધિક
ભાગ, ભવના શોષણને બદલે પોષણ પાછળ ખર્ચાય છે.

0 શ્રી નવકાર જેના સમગ્ર વિચારપ્રદેશનો સ્વામી
બને છે અથવા તો જે વિવેકી આત્મા ઉલ્લાસપૂર્વક
પોતાના વિચારપ્રદેશનો કબજો શ્રી નવકારને સોંપી દે છે,

તેના સ્વાર્થની સુરક્ષા જગતના જીવો કરતા હોય છે અને પરમાર્થની સંભાળ દેવાધિદેવની મહાકરૂણા રાખતી હોય છે. જે પોતાનો સ્વાર્થ જગતના જીવોને સોંપી શકે છે, તે જ આત્મા પોતાની સમગ્રતા આ નવકારને સમર્પી શકે છે.

'નમો' એટલે બીનશરતી શરણાગતિ.

એક જ આ નવકારના જાપમાં

અહીંયા શરણાગતિની પ્રતિજ્ઞા છ વાર લેવી પડે છે. બધા પ્રાણો પ્રેમપૂર્વક નમસ્કારની ક્રિયામાં સામેલ થાય, ત્યારે તે ક્રિયા આત્મપ્રદેશોમાં અદ્ભુત ઝંકાર પેદા કરે છે. તે ઝંકાર = જગતના બધા જીવોના કલ્યાણનો મહાશંખનાદ.

<u>નમસ્કાર કરતી વખતે કોઈ પ્રાણ બહાર રહી જાય,</u>

<u>તે આંગણે અવસર હોય અને સગો ભાઈ રહી જાય,</u>

<u>તેના જેવા</u> વિચિત્ર ઘટના ગણાય.

આત્મા આત્માનું દુઃખ જોઈ શકતો જ નથી, એટલે બીજાનો આત્મા થોડીક પણ નિર્બળતા પ્રાપ્ત કરે છે, નિમ્નાદિ દુઃખી જીવોના હિતની ચિંતા થતી જ હોય છે. સર્વ જીવોની વહારે ધાવું તે ઉંચા દળવાળા આત્માનું લક્ષણ છે. આત્માનું આત્મા પ્રત્યેનું આકર્ષણ અજોડ છે. પૂરો નમસ્કાર આત્માની અસલિયતને પ્રકટ કરે જ છે.

o कृतं जानाति स कृतज्ञः |

સદુક્તિ: કૃતજ્ઞ જાણનારે પરોપકારને ગુણ તરીકે સ્વીકારી જ લીધો. જો પરોપકાર એ સદ્ગુણની શ્રેણીમાં સ્થાપિત જ ન હોય તો કૃતજ્ઞતાગુણનું પણ અસ્તિત્વ નથી. કૃતજ્ઞતાને અસ્તિત્વમાં લાવનાર પરોપકૃતિ છે અને

પરોપકૃતિને પ્રેરનાર કૃતજ્ઞતા છે.

કૃતજ્ઞતા જેવો ગુણ ન હોય,

તો પરોપકાર સંભવતો નથી, કેવળ અહંકાર જ રહે છે. પર ઉપર ઉપકાર કરવા સ્વને ભૂલવો જ જોઈએ. સ્વને જ મુખ્ય માનનાર અને પરોપકાર વડે પણ સ્વનું માન વધારવા પ્રયત્ન કરનાર જે પરોપકાર કરે છે,

તે ગુણ નહિ પણ ગુણાભાસ છે.

દેખાવ પરોપકાર પણ કાર્ય થાય અહંકારનું, ત્યાં સુધી પરોપકારગુણ વડે જે સ્વાર્થરૂપી મળનો નાશ કરવો છે, તે સિદ્ધ થઈ શકતો નથી. સહજમળનું બીજું નામ જ સ્વાર્થવૃત્તિરૂપી મળ છે. તે મળ એટલા માટે છે કે તેની પાછળ લાગેલું અજ્ઞાન છે. 'બધા આત્માઓ સ્વ-સમાન છે' એ જ્ઞાનનો અભાવ છે, અહિતનું જ નહિ પણ એ મૌલિક જ્ઞાનના અભાવે જ સઘળાં રાગ-દ્વેષ

અને તેના ઈર્ષ્યા - અમર્ષ આદિ ફરજંદો પેદા થાય છે. વિષયાસક્તિ પણ અહીંથી જ જન્મે છે અને વધે છે, તેથી સર્વ દોષોની જનની, મમતાની પણ માતા એ મૌલિક અજ્ઞાનતા છે. અજ્ઞાન, સ્વાર્થ વગેરે દોષોને પોષનાર ઉપાધિ તે મૂળ મળ કે 'સહજમળ' શબ્દથી ઓળખાય છે.

## સહજમળનું નિવારણ

આ નિવારણ અહંકાર માટે થતાં પરીષહજયથી થતું નથી, પણ પરને આત્મતુલ્ય સમજીને, સ્વના ઉપકાર જેટલો જ ઉપકારનો પર અધિકારી થાય છે, એમ માનીને સ્વાર્થવૃત્તિરૂપી મળને નિવારવા માટેના આલંબનરૂપે થતો પરીષહજય પરનું કાર્ય એ જ સદ્ગુણ ગણાય છે. પરોપકાર વડે સ્વાર્થવૃત્તિરૂપી સહજમળનો વિગમ થાય અને કૃતજ્ઞતા વડે સ્વાર્થવૃત્તિમાંથી મુક્ત થવાની જીવની સહજ યોગ્યતાનો વિકાસ પણ થાય છે. કૃતજ્ઞતા એ પરોપકાર માટેની પૂર્વ ભૂમિકા અને પૂર્વ તૈયારી છે. પરીષહજય ગુણના માલિક બનવા માટેની પૂર્વ તાલીમ છે. તે યોગ્યતાનો વિકાસ પરોપકાર ગુણમાં પરિણમે છે.

પરોપકારને સારો માનનાર 'કૃતજ્ઞ' કહેવાય છે.

જેને જે સારો માનતાં આવડે,

તેને તે કાળક્રમે પણ કર્યા વિના ન રહે.

તેથી જ કહ્યું છે કે ભવ્યત્વનો પરિપાક કરનાર સદ્‌ગુણ એ કૃતજ્ઞતા છે, જે નમો પદથી સૂચિત ગુણ છે અને સહજમલ એ સ્વાર્થાંધતા રૂપી દુર્ગંધ છે.

સર્વ દોષોની જનનીને ઉચ્છેદ કરનાર પરોપકારગુણ છે. નિરહંકાર પરોપકાર વડે સ્વની સ્વાર્થવૃત્તિ દૂર કરવાના અનન્ય ઉપાયભૂત પરોપકાર ગુણને જીવનમાં અપનાવવા વડે નવીન કર્મના સંબંધમાં આવવાની જીવની સહજ યોગ્યતા અથવા નિર્મળ આત્માને મલીન બનાવનાર અયોગ્યતા દૂર થાય છે. નવકારમંત્ર આ રીતે પરોપકારની તાલીમ આપનારા કૃતજ્ઞતાગુણનું સેવન કરાવે છે, અયોગ્યતા ટાળે છે અને મુક્તિની યોગ્યતા વધારી આપે છે.

મહા સુદી, ૨

કૃતજ્ઞતાગુણ જેમ 'કૃતં' એટલે બીજાએ આપણા ઉપર કરેલા ઉપકારનું સ્મરણ કરાવે છે, તેમ પરોપકાર પણ પરના આપણા ઉપર થતાં ઉપકારનું એટલે કૃતજ્ઞતાનું સ્મરણ કરાવે છે. પરોપકાર એ સ્વપરોપકારનું અનન્ય સાધન છે. જેમ પરાપકાર સ્વાપકારનું કારણ છે, એટલે પરોપકાર વડે પરનો નહિ પણ સ્વનો ઉપકાર સધાય છે, તેમ 'પર' ઉપર થતાં ઉપકાર વડે ઉપકાર કરનારના 'સ્વ'ને

તારનાર થાય છે. એ તત્ત્વજ્ઞાનના આધારે પરોપકાર
એ સ્વ ઉપકારને વધારનાર હોવાથી કૃતજ્ઞતા ગુણને
પુષ્ટ કરે છે અને કૃતજ્ઞતા એ પરના થયેલા ઉપકારનું
વૈશિષ્ટ્ય વધારનાર હોવાથી પરોપકારને પુષ્ટિ આપે છે.
ગૃહસ્થોને જેમ ન્યાયોપાર્જિત વિત્ત એ મૂળ ગુણ છે,
તેમ મુમુક્ષુઓને આત્મસમદર્શિત્વ એ મૂળ ગુણ છે.

આત્મસમદર્શિત્વ એ ન્યાયબુદ્ધિનું જ ફળ છે.
મનુષ્યને યોગ્યાયોગ્યનો વિભાગ કરવા જે બુદ્ધિ મળી છે,
તે બુદ્ધિ જ તેને નીચેનો વિભાગ કરી આપે છે:
ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય અને ગમ્યાગમ્ય અથવા

માતૃવત્ પરદારેષુ, પર દ્રવ્યેષુ લોષ્ટુવત્ ।
આત્મવત્ સર્વ ભૂતેષુ, યઃ પશ્યતિ સ પશ્યતિ ॥

(પરિશિષ્ટ-૭)

આપણને વિવેકદર્શનની શક્તિ મળી છે,
તેના ફળરૂપે ગમ્યાગમ્ય વિભાગમાં 'માતૃવત્ પરદારેષુ',
કૃત્યાકૃત્ય વિભાગમાં 'પર દ્રવ્યેષુ લોષ્ટુવત્',
તેમ જ બધા કર્તવ્યના આધારમાં સ્વ-પર તુલ્યતાની
દૃષ્ટિ પણ આવશ્યક છે, તેથી 'આત્મવત્ સર્વ ભૂતેષુ'
પણ કહ્યું છે. જો આત્મસમદર્શિત્વનો ગુણ ન હોય

તો કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય કે ભક્ષ્યાભક્ષ્યાદિ વિભાગના વિવેકની કોઈ આવશ્યકતા જ રહેતી નથી, તેથી બધા સદ્ગુણોના આધારભૂત આત્મસમદર્શિત્વનો લાભ માનવ-માત્રમાં રહેવો જોઈએ. એ રહે તો જ તેના ઉપર જ્ઞાન, ધ્યાન, તપ-જપની સફળતા છે, અન્યથા અહંકાર-મમકાર પોષક બનીને ભવવૃદ્ધિનો હેતુ થાય છે.

માર્ગાનુસારી બુદ્ધિ જેમ ન્યાયસંપન્ન વૈભવાદિ ગુણોમાં હેતુભૂત છે, તેમ તે જ બુદ્ધિ આત્મસમદર્શિત્વમાં, માતૃવત્ પરદાર બુદ્ધિમાં તથા લોષ્ટવત્ પરધન બુદ્ધિમાં હેતુભૂત છે. એ બુદ્ધિ જ આત્મજ્ઞાનમાં કારણભૂત થાય છે.

૦ 'આત્મા દેહાદિથી ભિન્ન, ઉપયોગાદિ લક્ષણવાળો છે, ચેતન અને અવિનાશી પદાર્થ છે' આ બધું શાસ્ત્રીય જ્ઞાન પરજ્ઞાન છે. તેને 'સ્વજ્ઞાન' બનાવવા એ જ્ઞાન આપનાર મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞ બનવું જોઈએ અને એ જ્ઞાન બીજાઓમાં નથી, તેઓને પમાડવા પ્રયત્ન કરવો જોઈએ. અમલ કરવાથી જ તે જ્ઞાન પોતાનું બનાવી શકાય છે, અન્યથા તે પારકું જ રહે. જેમ બીજાની ભોજનક્રિયાને જોવાથી પોતાને તૃપ્તિ થતી નથી, તેમ બીજાની જ્ઞાન-ક્રિયાને જોવાથી પોતાને તે જ્ઞાન ફળદાયી બનતું નથી.

ભિક્ષાક્રિયાની જેમ તે દાનને પવિત્રવું બનાવવા પ્રયાસ કરવો જોઈએ, એ પ્રયાસનું નામ જ દાનદાતા પ્રત્યે નમ્ર અને કૃતજ્ઞ બનવું તે છે, તો જ તે દાન પાવન થાય છે, પવિત્રવું બની રૂપ-ગુણ-બળની વૃદ્ધિ કરનારું થાય છે.

૦ 'નમો' પદ 'સોઽહં' તત્ત્વને જણાવનાર છે,

કેમકે

જીવ જ્યારે અરિહંતાદિને નમે છે,

ત્યારે તેની એક વચલી અવસ્થા ઊભી થાય છે,

જેમાં આપણો જીવ અત્યંત અશુદ્ધ કે

અત્યંત શુદ્ધ પણ રહેતો નથી, પરંતુ

માત્ર શુદ્ધનું પોતામાં પ્રતિબિંબ પડતું હોવાથી

તે અશુદ્ધ મટીને શુદ્ધ થવાને લાયક થાય છે.

૦

A hundred times everyday I remind myself that my inner and outer life are based on the labours of other men, living and dead & that I must excert myself in order to give in the same measure as I have received and am still receiving. - Albert Einstein

સૂક્તિ: સાંજ અને સવાર આ વાત હું રોજ હજારવાર
ઘૂંટ્યા કરું છું મનમાં વળી વળી કે
મારી આ જીવનની લઘુ કળી, બાહ્યાભ્યંતરે જે ફુલરૂપે ઉઘડી,
તે તો નહિં મારું જ કર્મ કેવળ,
ને આ જગે રહે ન રહે આ ઘડી,
અહિં ઘણાના શ્રમનું જ ફળ, મારે એ તો અચૂક જ,
ઋણ પ્રભુજી જે મેળવ્યું ને હજી યે છું મેળવું,
તે તો વ્યાજ સાથે અહીં ચૂકવવા જવું,
દેવા જેવું દેવું દૂધે જ ધોઈને, અવશ્ય મારે મથવું જ જરૂરી.

o નવકારમાં છ વાર 'નમો' પદનું ઉચ્ચારણ છે, તે સહેતુક છે. પાંચ ઇંદ્રિય અને છઠ્ઠું મન એ જ્ઞાનનાં સાધનો છે. તે સર્વ વડે પરમેષ્ઠિઓનું જ્ઞાન, સર્વ પાપના હેતુભૂત દુષ્ટ મન અને ઇંદ્રિયોને ટાળી શુભ મન અને ઇંદ્રિયોને ઉત્પન્ન કરે છે. દુષ્ટ મનનો નાશ તે પાપક્ષય છે અને શુભમનની ઉત્પત્તિ તે મંગળનું આવાગમન છે. નવકારના પ્રત્યેક 'નમો' પદને બોલતી વખતે એકેક ઇંદ્રિય અને છઠ્ઠા પદનો નમસ્કાર બોલતી વખતે મનને નિર્મળ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે એમ વિચારવું જરૂરી છે. 'નમો' પદમાં

પોતાની અલ્પતા - અલ્પશક્તિમત્તાનો સભાન સ્વીકાર
છે, એ સ્વીકારમાં જ પરમાત્માની સ્તુતિ છુપાયેલી છે.

સંગ્રહનયથી સર્વ જીવોને વંદન અને
વ્યવહારનયથી શુદ્ધ વ્યવહારવંતને વંદન જાણવું.

સવ્વ-પાણ-ભૂઅ-જીવ-સત્તાણં આસાયણાએ પડિક્કમામિ।

(પરિશિષ્ટ-૮)

o મધ્યમા અને વૈખરીથી આત્માનું કીર્તન કરવાથી
બાહ્ય પદાર્થોના યોગે થતાં સંકલ્પ-વિકલ્પો નાશ પામે છે.

પરા અને પશ્યંતી વાણીથી આત્માની સ્તુતિ વડે
આત્માની સતત પ્રતીતિ થાય છે.

પરા અને પશ્યંતીરૂપ નાદયોગ ભક્તિથી
યોગી અનહદ નૂર જગાવે છે અને
નિર્વિકલ્પ દશાનો અનુભવ કે અમૃતરસ આસ્વાદી શકે છે.

દિલરૂપી તંબુરાને ભજનના સ્વરથી વગાડનાર ભક્ત
પરમાત્માની ભક્તિમાં સદા લીન થાય છે કે
તે ઉલટી આંખોથી પરમાત્માને દેખી શકે છે.

આત્મજ્ઞાન સૂર્ય સમાન છે, આત્મદર્શન ચંદ્રતુલ્ય છે.

ધ્યાનરૂપી અગ્નિમાં પાપદાહક અને
જીવન ઉજ્વાલક શક્તિ અંતરમાં રહેલી છે.

કૃતજ્ઞતા એ જ્ઞાનસ્વરૂપ છે, તેમ પરોપકાર
પણ નિપુણ બુદ્ધિગમ્ય હોવાથી જ્ઞાનસ્વરૂપ માનેલો છે.
પરોપકાર એ સ્વોપકારમાં નિમિત્ત બને છે, તેમ
પરોપકાર જ સ્વોપકારમાં નિમિત્ત થાય છે.

પરહિત ચિંતા, પરસ્માત્ મમ હિતં ભવતિ
इति चिन्ता इत्यपि अर्थो उक्तः। (પરિશિષ્ટ-૯)

૦ સર્વજીવો ઉપર આત્મદૃષ્ટિ રાખ્યા વિના કોઈપણ આત્મા કદી ભાવશાંતિ-ચિત્તસમાધિ પામી શકતો નથી.

૦ आत्मवत् सर्वजीवेषु दृष्टिः स्वोन्नतिकारिका।
भावशान्ति-प्रकाशार्थं देया भक्तिपरायणैः॥

(પરિશિષ્ટ-૧૦)

૦ : જંબૂફલખાદક દૃષ્ટાંત :

૧ મૂલ, ૨ શાખા, ૩ પ્રશાખા, ૪ ગુચ્છક, ૫ ફલ, ૬ પતિતાનિ.

: ગ્રામઘાતક દૃષ્ટાંત : દ્વિપદ-ચતુષ્પદ.

૧ સર્વ, ૨ મનુષ્ય, ૩ પુરુષ, ૪ સાયુધ, ૫ યુધ્યંત, ૬ ધનાપહારક ]

૦ મનુષ્યોની લેશ્યા પરિવર્તમાન હોય છે.

દ્રવ્યથી લાભ જાગે, યોગથી ઉપયોગ આવે.
આ નવકારમાં દ્રવ્યલાભ, યોગ અને ઉપયોગ છે.
મન વડે જ્ઞાનની એ જ સંકલ્પ-વિકલ્પ પણ થાય છે.

મહા સુદી ૩, ગુરુવાર

'નમો અરિહંતાણં' પદમાં વિવેક, વૈરાગ્ય, શમ, દમ, સંતોષ, શ્રદ્ધા, ઉપરતિ, સમાધિ, મુમુક્ષુતા વગેરે સઘળાં સાધનોનો એકસામટો સમાવેશ જ્ઞાનીને દેખાય છે. પ્રભુકૃપા માટે જરૂરી યોગ્યતાને તે વિકસાવે છે, અયોગ્યતાને નિવારી આપે છે.

મન વડે થતું જ્ઞાન એ ઉપયોગરૂપ છે, મન વડે થતા સંકલ્પ-વિકલ્પો એ ક્રિયારૂપ છે. સંકલ્પ-વિકલ્પોને રોકવા માટે મનની એકાગ્ર થવાની શક્તિનો ઉપયોગ કરવો અને જ્ઞાનને શુદ્ધ કરવા માટે મન વડે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ વધારવો જોઈએ. એકથી મનની એકાગ્રતા અને બીજાથી મનની શુદ્ધિ વધે છે. મનની એકાગ્રતા એ ક્રિયારૂપ, શુદ્ધિ ઉપયોગરૂપ છે. બંને ઉપર મોહનીય કર્મના ઉદય અને ક્ષય-ક્ષયોપશમનો આધાર છે. મોહનીય કર્મના ઉદયથી ક્રિયારૂપ અને ઉપયોગરૂપની અશુદ્ધ પ્રવૃત્તિ થાય છે અને ક્ષય-ક્ષયોપશમથી શુદ્ધ પ્રવૃત્તિ થાય છે.

એમ મોહનીય કર્મના ક્ષય-ક્ષયોપશમ ઉદયના યોગ અને ઉપયોગ ઉપર આધાર છે,

તેમ યોગ અને ઉપયોગની મોહનીય કર્મ ઉપર અસર છે.
જેમ જેમ યોગ અને ઉપયોગની શુદ્ધિ વધે છે,
તેમ તેમ મોહનીય કર્મનો હ્રાસ થાય છે.
જેમ જેમ તેની અશુદ્ધિ વધે છે,
તેમ તેમ મોહનીય કર્મનો બંધ, ઉદય, સત્તા વધે છે.
સહજમળનો હ્રાસ કરવા માટે યોગ અને ઉપયોગની
શુદ્ધિ વધારવી જોઈએ, જે શ્રી નવકારના જાપથી વધે છે.
શ્રી નવકારનો જાપ યોગ અને ઉપયોગને શુભમાં જોડનાર
હોવાથી તેના બળે મોહનીય કર્મનો, સહજમળનો હ્રાસ થઈ
તથાભવ્યત્વનો પરિપાક થાય છે.
નમ્રતા, કૃતજ્ઞતા અને ભક્તિ એ મુક્તિ માટેની જીવની
સ્વાભાવિક યોગ્યતાનો વિકાસ કરે છે,
દર્શનમોહ જાય છે અને દૃષ્ટિદોષ ટળે છે.
ક્રિયામાં ઉચિતતા, સ્વાર્થ ઉપસર્જનતા અને પરાર્થરસિકતા
સહજમળનો હ્રાસ કરે છે,
ચારિત્રમોહ જાય છે અને વર્તનદોષ ટળે છે.
'નમો' પદ દૃષ્ટિ સુધારે છે.
'અરિહંતાણં' પદ વર્તન સુધારવા માટે પ્રેરણાદાયક બને છે.
દૃષ્ટિદોષ ટળ્યા પછી પણ તેમાં સ્થિરત્વ લાવનાર

દર્શન મુજબનું વર્તન છે. વર્તન સુધર્યા પછી પણ તેને ટકાવનાર દર્શન છે, દૃષ્ટિની નિર્મળતા છે.

'નમો' એ શૂન્યતાવાચક છે.

નવકારમાં ૬ વાર એ કબુલાત થાય છે કે: હું જેને 'હું' અને 'મારું' માનું છું, તે નિરાધાર-મિથ્યા-અસત્ય છે. 'અરિહંતાણં' સત્ય-સ્વરૂપનો ત્રિકાળાબાધિત આધાર છે.

'નમો' એ દ્રવ્યપ્રાણોનું દાન છે.

અંતરાત્મા એ ભાવપ્રાણોનું સમર્પણ છે.

પ્રાણ = બહિરાત્મા. અંતરાત્મા = મન, બુદ્ધિ, અહંકારાદિ. પ્રાણોનો આધાર અંતરાત્મા તથા અંતરાત્માનો પરમાત્મા છે.

<u>નવકારનો રહસ્યભૂત તાત્ત્વિક અર્થ</u>

<u>બહિરાત્માનું અંતરાત્મામાં-અંતરાત્માનું પરમાત્મામાં વિસર્જન.</u>

० हेतुमस्य परं भावं, सत्त्वाद्योगान्निवर्तनम् ।
प्रधान-करुणारूपं ब्रुवते सूक्ष्मदर्शिनः ॥

- योगबिन्दु - ४९३ (પરિશિષ્ટ-૧૧)

પાપાકરણ નિયમનો ઉત્કૃષ્ટ હેતુ પ્રધાન કરૂણારસરૂપ છે, તે પોતાને પાપ નહિ કરવામાં પ્રેરે છે, એટલું જ નહિ પોતાના પ્રત્યે વિરોધીનો વિરોધ દૂર કરવા સાથે જીવોના પરસ્પરના વૈરાનુબંધને પણ ઘટાડનારો થાય છે.

તે કરુણા પ્રધાન એટલે યથાર્થ જ્ઞાનપૂર્વકની પરના દુઃખનો સમુચ્છેદ કરવાની પ્રવૃત્તિરૂપ અશક્ય પ્રતિકારમાં વૃત્તિ અને શક્ય પ્રતિકારમાં પ્રવૃત્તિરૂપ કરી છે. સૂક્ષ્મદર્શી પુરુષોનું આ કથન હોવાથી પરમ સત્ય રૂપ છે. ‘નમો’ પદથી દુષ્કૃતગર્હા, ‘અરિહં’ પદથી સુકૃતાનુમોદના અને ‘તાણં’ પદથી પ્રધાન શરણાગમન વ્યક્ત થાય છે.

દુષ્કૃતગર્હા માટે કહ્યું છે કે:

अप्रतिहतेयं कर्मानुबन्धापनयने । અર્થાત્:

કર્મના અનુબંધને દૂર કરવામાં આ (બાધારહિત) સમર્થ છે.

સુકૃતાનુમોદન માટે કહ્યું છે કે:

महदेतत्कुशलाशय-निबन्धनम्।

અર્થાત્: કુશલ આશયમાં આ મહાન ઉપાય છે.

પ્રધાન શરણોપગમન માટે કહ્યું છે કે:

महानयं प्रत्यपाय-परिरक्षणोपायः।

અર્થાત્: વિઘ્નના રક્ષણનો આ મહાન ઉપાય છે.

‘તાણં’ (त्राणं) પદ એ સાક્ષાત્ શરણપદ છે.

‘અરિહં’ પદમાં ત્રિભુવનપૂજ્યતા પ્રગટ થાય છે.

તે મહાન, કુશલ કર્મને ઘોતિત કરે છે. તેમાં ત્રિભુવનતારક તીર્થનું ઉત્પાદકપણું અને તે માટે ત્રિભુવનના સકલ

જાણીને દુઃખમુક્ત કરવાનો અધ્યવસાય પ્રગટ થાય છે.

'નમો' પદમાં...

દુષ્કૃતથી પાછા ફરીને સુકૃત તરફ ગમન કરવાની ઇચ્છા અભિવ્યક્ત થાય છે.

અરિ + હંતાણં પદમાં...

ધર્મકાય અવસ્થા કે જે અવસ્થામાં મૈત્ર્યાદિભાવો અને તદ્રુપ મહાન આત્મબળ વડે ક્રોધાદિ ભાવશત્રુઓને હણી નાંખ્યા છે, તેનો બોધ થાય છે.

અરિહં + તાણં પદમાં...

પ્રભુની સમવસરણસ્થ કર્મકાય અવસ્થાનો બોધ થાય છે.

અરિહંત + આણં પદમાં...

પ્રભુની તત્ત્વકાય અવસ્થા કે જે અવસ્થામાં પ્રભુ સર્વ જીવોને તારવા માટે આત્માના આરાધન વડે આત્માસ્વરૂપ બની ગયા છે, ભક્તિ કરનારને અનુગ્રહ કરવા વડે અને અવજ્ઞા કરનારને નિગ્રહ કરવા વડે સ્વયં આત્મારૂપ, તત્ત્વરૂપ બની ગયા છે, તેનો બોધ થતો જણાય છે.

પ્રભુ પ્રત્યે તટસ્થભાવ પણ અવજ્ઞા સ્વરૂપ છે.

બુદ્ધિમાન મનુષ્ય કાચ અને મણિમાં તટસ્થ રહી શકતો નથી.

તે કાચને છોડી મણિનો પક્ષ કરે જ છે.

પ્રભુની આજ્ઞા સકલ જગજંતુને હિત કરનારી છે.
એ આજ્ઞાનું પાલન એક જણ કરે,
તો પણ તે વડે સકલ વિશ્વનું હિત થાય છે.
એક પ્રભુએ કરેલા ધર્મ વડે ત્રણ ભુવનના જીવોની પીડા દૂર થાય છે. નીચેનું પદ એ વાતની સાક્ષી પુરે છે:

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ! |

અર્થાત્: હે નાથ! ત્રણ ભુવનના જીવોની પીડાને હરનારા
એવા તમને નમસ્કાર થાઓ.

જે ધર્મ સકલ સત્ત્વ હિતાશયરૂપ પ્રભુએ આરાધ્યો, તે જ ધર્મને કોઈ આરાધે, તો તે વડે પણ ત્રણ ભુવનના જીવોની પીડા ઓછી થાય છે. ધર્મારાધક આ વસ્તુનો ખ્યાલ રાખીને ધર્મની આરાધના કરે તો તેનામાં અતુલ બલ ઉત્પન્ન થાય.

o ચારિત્રમોહનીય કર્મના અંશતઃ ક્ષયથી જે શુભ ભાવ પેદા થાય છે, તે 'ક્ષાયોપશમિક ભાવ' કહેવાય છે. તે સમયે ચારિત્રમોહનીય કર્મનો પ્રદેશોદય હોય છે, રસોદય નહિ.

o 'ઐકાગ્ર્ય-સંવિત્તિઃ|' 'એકાગ્રબુદ્ધિ' એટલે
વિજાતીય ભાવના અંતરરહિત સજાતીય ભાવની ધારા
કે ભાવના કે ધ્યાનની અભ્યાસક્રિયા.

અનુપ્રેક્ષા એ મનન કે ચિન્તનરૂપ હોય છે. તાત્પર્ય એ

અંતરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ છે.
તદંજનતા એ અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ છે.

મહા સુદી ૪

અનુગ્રહ અને અનુરાગ વ્યવહારથી ભિન્ન છે,
પણ નિશ્ચયથી તો બંને એક જ છે.
આપણા હૃદયમાં પરમાત્મા પ્રત્યે અનુરાગ જાગવો અને
સતત વધવો એ જ સૌથી મહાન અનુગ્રહ છે.
અનુગ્રહથી જ અનુરાગ જાગે છે અને વધે છે.
અરિહંત અને સિદ્ધ પરમાત્માઓ સ્વભાવથી અને
સાધુ ભગવંતો સૌમનસ્ય એટલે કે ચતુર્ભાવનામયતા દ્વારા
જે પ્રકારનો અનુગ્રહ કરે, એ જ સાધુતા છે.
સૌમનસ્ય વિનાની સાધુતા એ 'દ્રવ્યસાધુતા' છે.
જ્યારે પરમાત્માનો અનુગ્રહ આપણા પ્રત્યે ઉતરે, ત્યારે
અઢી દ્વીપના સર્વ સાધુ ભગવંતોના સૌમનસ્યનો લાભ મળે.
સૌમનસ્ય દ્વારા સાધુ ભગવંતોનો પણ અનુગ્રહ થાય છે.
તેમના સૌમનસ્યથી ભવ્ય જીવોના શત્રુઓ બળહીન બને છે.

°

નમસ્કારનો અર્થ અંગ્રેજીમાં

I am nothing, you are everything.
I am not in me but in thee.

આ નમસ્કાર એ વિભાવને નમાવવાની અને
સ્વભાવને નમવાની અદ્ભુત ક્રિયા છે.

વિભાવ એટલે કષાય અને તેને પેદા કરનારા વિષયો.
તેને નમાવવા એટલે તેની અસારતાનું,
નિર્ગુણતાનું, પરિણામકટુતાનું વારંવાર પરિશીલન કરી,
તેના પ્રત્યે અનુરાગને ઉતારવાની ક્રિયા.
'નમો' પદ પરિપૂર્ણ વૈરાગ્યને સૂચવનારું પદ છે.
'અરિહંતાણં' પદ એ સ્વભાવને ઓળખાવી, તેના પ્રત્યે
ભાવને વધારનારું, ભક્તિને પેદા કરનારું અને
સુદૃઢ સ્નેહને જગાડનારું પદ છે.

સ્વભાવ તરફ વલણ પેદા કરવું તે 'અભ્યાસ' છે, વિભાવ પ્રત્યે અવલણ, અરુચિ, અભાવ પેદા કરવો તે 'વૈરાગ્ય' છે. વૈરાગ્ય અને અભ્યાસ વડે ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. વૈરાગ્ય ચિત્તની શુદ્ધિ કરે, અભ્યાસ ચિત્તને એકાગ્ર બનાવે.

વિભાવ-વિજાતીય તત્ત્વ સાથે તાદાત્મ્ય સાધી શકવાની શક્તિને ઢીલી કરનાર યોગી જો પ્રયત્ન આરંભે તો સ્વભાવ અને સજાતીય તત્ત્વની સાથે નિઃશંક સુતરાં તાદાત્મ્ય સાધી શકે છે. અરિહંતના નમસ્કારમાં સ્વભાવને નમસ્કાર છે અને વિભાવનો તિરસ્કાર છે.

વિનયનું ઉચ્ચત્વ તથા સ્વભાવનું મહત્ત્વ ચિત્તવૃત્તિ પર સ્થાપિત કરવાનું કાર્ય અરિહંતના નમસ્કારથી થાય છે. સ્વરૂપનો અનુભવ લેવા માટે નમસ્કાર અનિવાર્ય છે.

## શાસ્ત્રો તથા મંત્રની અરસપરસતા

શાસ્ત્રો સ્વરૂપ તરફ આંગળી ચીંધે છે,
મંત્ર સાથે રહીને સ્વરૂપનો અનુભવ કરાવે છે.
શાસ્ત્ર એ માર્ગદર્શક છે, મંત્ર એ માર્ગસાધક છે.
સ્વરૂપ એ પહોંચવાનું સ્થાન છે, ત્યાં પહોંચવા માટે મંત્ર વિમાનની જેમ અને શાસ્ત્ર દીપકની જેમ સહાય કરે છે.

મંત્ર એ સૂતેલા આત્માને જગાડે છે,
શાસ્ત્ર એ આત્માનું મહત્ત્વ સમજાવે છે.
શાસ્ત્ર એ શાસન વડે ત્રાણ કરે છે, મંત્ર એ મનન વડે ત્રાણ કરે છે. આમ ત્રાણ કરવાનું સામર્થ્ય બંનેમાં છે.

શાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન કરવાનું છે.
જે વડે શાસ્ત્ર આપણી બુદ્ધિનું રક્ષણ કરે છે.
આમ બુદ્ધિને સુધારવા માટે શાસ્ત્ર છે.
મંત્રનું મનન-ચિન્તન કરવા વડે મનનું રક્ષણ કરવાનું છે.
મનને વિકલ્પરહિત બનાવવા માટે મંત્ર છે.
શાસ્ત્ર વડે બુદ્ધિ સ્થિર થાય, પણ મનની ચંચળતા ન મટે.
મંત્ર વડે મનનું પણ સ્થિરત્વ પ્રાપ્ત થાય છે.

મનને મંત્રાક્ષરી સાથે અને મંત્રાક્ષરીને બુદ્ધિના નિર્દોષ સાથે સીધો બહુ નિકટનો સંબંધ છે. વળી કહ્યું છે કે:

અધિગત્યાઽખિલં શબ્દબ્રહ્મ શાસ્ત્રદૃશા મુનિઃ ।
સ્વસંવેદ્યં પરંબ્રહ્માનુભવેનાધિગચ્છતિ ॥૧॥

અર્થાત્: શાસ્ત્ર દૃષ્ટિથી મુનિ અખિલ શબ્દબ્રહ્મને જાણ્યા પછી અનુભવ વડે સ્વસંવેદ્ય પરબ્રહ્મને જાણે છે. પરબ્રહ્મના અનુભવનો ઉપાય શબ્દબ્રહ્મનું જ્ઞાન છે. સમાધિયોગ ઉપર ચઢવાને ઇચ્છતો મુનિ બાહ્યક્રિયા અને આચારને પણ સેવે છે અર્થાત્ પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પને દૂર કરતો આરાધક થાય છે. સિદ્ધ યોગી તો રાગ-દ્વેષના અભાવરૂપ ઉપશમથી જ કૃતાર્થ છે. તેને અંતર્ગત જે ક્રિયા છે, તે 'અસંગક્રિયા' છે. તે લક્ષ્યરૂપ છે, આલંબનરૂપ નથી. બાકી બધાં કાર્યોનો ત્યાગ કરી યોગ સમયે અત્યંત પ્રીતિ અને નિષ્ઠાપૂર્વક કરે તે 'પ્રીત્યનુષ્ઠાન' છે. તે જ અનુષ્ઠાન જ્યારે પ્રીતિ સાથે બહુમાનપૂર્વક થાય, ત્યારે તે 'ભક્ત્યનુષ્ઠાન' છે. શાસ્ત્રવચનને અનુસરી ઉચિતપણે ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કરાય, તે 'વચનાનુષ્ઠાન' છે અને

અતિશય અભ્યાસના બળથી ચંદન ગન્ધની જેમ
સ્વભાવભૂત ક્રિયા થાય, તે 'અસંગાનુષ્ઠાન' છે.

## શ્રુતધર્મ અને ચારિત્રધર્મ

સામાયિકથી માંડીને ઠેઠ ચૌદમા 'લોકબિંદુસાર' નામના પૂર્વ સુધી શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે. શ્રુતધર્મથી ઉપયોગની વિશુદ્ધિ થાય, ચારિત્રધર્મથી યોગની શુદ્ધિ અને સ્થૈર્ય સધાય છે.

## ભેદ - અભેદબુદ્ધિનો ભેદ

દેહાદિ પર પદાર્થો સાથે થયેલી અભેદબુદ્ધિને નિવારવા ભેદજ્ઞાનનો આશ્રય લેવાનો છે અને જીવાદિ સજાતીય પદાર્થો સાથે થયેલી ભેદવાસનાને ટાળવા માટે આપણે અભેદબુદ્ધિનો આશ્રય લેવાનો છે. કેવળ ભેદ કે કેવળ અભેદ નહિ, પણ ભેદાભેદ બુદ્ધિ એ મુક્તિસાધક છે. અનાદિ અવિદ્યાની વાસનાથી જ્યાં ભેદ સિદ્ધ કરવાનો છે, ત્યાં અભેદ સિદ્ધ થશે અને જ્યાં અભેદ અનુભવવાનો છે, ત્યાં ભેદ દૃઢ થશે. વૈરાગ્ય વડે પુદ્ગલોમાં ભેદબુદ્ધિ અને અભ્યાસ વડે ચેતનોમાં અભેદબુદ્ધિ સાધી શકાય. વિષયોમાં વૈરાગ્ય, જીવોમાં અનુરાગ એ સાધનાનો માર્ગ છે. વૈરાગ્ય વડે કષાય જીતાય, અનુરાગ વડે અપ્રમાદ સધાય.

પરમાત્મા સાથે જીવાત્માને
વ્યક્તિથી ભેદ છે, પણ સામાન્યથી અભેદ છે,

તેથી અરિહંતને નમસ્કાર કરતી વખતે ભેદનયથી અરિહંતને અને અભેદનયથી પોતાના આત્માને નમસ્કાર થાય છે.

જ્યાં સુધી સર્વ જીવનની એકતા ન સમજાય,
ત્યાં સુધી અધ્યાત્મવિદ્યા ચરિતાર્થ થતી નથી.

જીવરૂપી અક્ષર અને પરમાત્મારૂપી
અક્ષરની સંધિ એ જીવનમાં ઈશ્વરની સંધિ-સમાધિ છે.

સંધિની ૪ વસ્તુ: પૂર્વ અક્ષર, ઉત્તર અક્ષર, સંધિ, સંધાન.

૫ પ્રકારે સંધિ

(૧) અધિલોક સંધિ: પૃથ્વી પૂર્વરૂપ, સ્વર્ગ ઉત્તરરૂપ, આકાશ સંધિ અને વાયુ સંધાન છે.

(૨) અધિજ્યોતિષ સંધિ: અગ્નિ પૂર્વ અક્ષર, સૂર્ય ઉત્તર અક્ષર, જલ એની સંધિ અને વિજળી સંધાન છે.

(૩) અધિવિદ્ય સંધિ: આચાર્ય પૂર્વરૂપ, શિષ્ય ઉત્તર, વિદ્યા સંધિ, પ્રવચન સંધાન છે.

(૪) અધિપ્રજ સંધિ: માતા પૂર્વ અક્ષર, પિતા ઉત્તર અક્ષર, પ્રજા સંધિ અને પ્રજનન એ સંધાન છે.

(૫) અધ્યાત્મ સંધિ: નીચલા ટડપચી - ઓઠ એ પૂર્વ અક્ષર, ઉપલા ટડપચી - હોઠ ઉત્તર અક્ષર, વાણી સંધિ અને જીભ સંધાન છે.

# ૐકાર અને પરમાત્માની ભક્તિ

'ૐ' સર્વ વાઙ્મયમાં ઓતપ્રોત એવું શ્રેષ્ઠ છે. મંત્ર સમાન વાઙ્મયની ખાસિયત એટલે સત્યતા, પ્રિયતા અને હિતતા છે. મંત્રોના વિહિત જાપથી મેધા વધે, હૃદયશુદ્ધિ થાય, ચિત્ત પ્રસન્ન બને. શુદ્ધ હૃદય જ અધ્યાત્મવિદ્યામાં અધિકારી છે.

ભગવાન એ ભક્તોના દાનનું પાત્र

અને આત્માના સમર્પણનું અધિષ્ઠાન છે.

જૈનશાસન = શ્રી જિનેશ્વરોનો અનુલ્લંઘ્ય ઉપદેશ. આવશ્યકનું પાલન, શ્રુતાધ્યયન, રત્નત્રયીનું આરાધન, પરમાત્માની ભક્તિ અને મોક્ષનું ધ્યેય એ શ્રી પંચ પરમેષ્ઠિઓની ઉત્તમ ભક્તિ છે. એથી આત્મા પરમેષ્ઠિ ભગવંતોની કૃપાનો ભાગીદાર થાય છે. જે પરમેષ્ઠિ ભગવંતો આપણને દાનનો, પૂજનનો, સત્કારનો અવકાશ આપી ચિત્તશુદ્ધિને વધારે, તે ઉપકારી કેમ નહિ?

'નમો અરિહંતાણં'નો એક અર્થ નીચે મુજબ થઈ શકે: 'આણં તાણં પ્રમાણં' અરિહંતોની આજ્ઞા રક્ષણ કરનારી છે, શરણ આપનારી છે, એ વાત મને પ્રમાણ છે.

'નમો' પદ પ્રમાણવાચક પણ થઈ શકે છે.

જે વસ્તુ પ્રમાણભૂત હોય, તે જ નમનીય બની શકે છે.

પ્રકર્ષેણ માનં પ્રમાણં। અહીં 'માન' શબ્દનું ઉલટું = 'નમઈ'.
માનનીય એટલે નમનીય અને નમનીય એટલે માનનીય,

આમ અર્થની દૃષ્ટિએ પણ સંગત છે.

અરિહં વચ્ચે આયાચાર લોયમ્મિ

આવો અર્થ નવકારના પ્રથમ પદમાંથી તારવી શકાય છે કે: 'ત્રિભુવનપૂજ્ય પુરુષોના આત્મસમદર્શિત્વ રૂપ સામાયિક એ જ પરમધર્મ છે, કર્મક્ષય કરાવનાર પણ છે અને મોક્ષના સુખને આપનાર છે, એ વાત મને પ્રમાણ છે.'

પ્રમાણનું પ્રાકૃતમાં 'પમાણં' થાય છે,

તેથી શુદ્ધ મંત્ર 'આણં તાણં પમાણં' થશે.

'દાસોઽહં'માંથી 'દા' કાઢી લેવામાં આવે, તો 'સોઽહં' રહે.

'દા' દાન અર્થમાં છે એટલે પોતાની વસ્તુ દાનમાર્ગે આપી દેવાથી 'સોઽહં' પદના અધિકારી થવાય છે. દાનથી પુણ્ય બંધાય અને પુણ્યથી સુંદર પ્રકૃતિ મળે છે. પ્રકૃતિના ધર્મોથી પણ મુક્ત થવા માટે 'સોઽહં'માંથી વ્યંજન, અંત્ય અને ઉપાંત્ય કાઢી લેવામાં આવે તો 'ૐ' એટલે શુદ્ધાત્મ સ્વરૂપ રહે છે. 'દાસોઽહં' મંત્રનો અર્થ નીકળે કે:

'પહેલાં દાન, પછી પ્રકૃતિનું સમર્પણ,

પછી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.'

'દાસોઽહં' એ નમોનું પ્રત્યક્ષ છે, તેથી 'નમો'ના આપણ
પણ દાન અને સમર્પણભાવ જાગે છે.
તેના પરિણામે આત્માનું અરિહંત સ્વરૂપ પામી શકાય છે.
મહા સુદી ૫, શનિ

નમો = અનુરાગ. અરિહંતાણં = અનુગ્રહ.
અરિહંતોના અનુગ્રહથી અનુરાગ વધે છે અને
અનુરાગની વૃદ્ધિ થવાથી અનુગ્રહની પણ વૃદ્ધિ થાય છે.
અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે.
એકના વિના બીજો રહી શકતો નથી.
અનુગ્રહના અર્થીએ અનુરાગ ઉત્પન્ન કરવો જોઈએ અને
અનુરાગના અર્થીએ અનુગ્રહનો સ્વીકાર કરવો જોઈએ.
અનુરાગની પછી જે ઉત્પન્ન થાય તે 'અનુગ્રહ.'
અહીં જ રીતે અનુ + પશ્ચાત્ રાગ - સ્નેહ.
અનુગ્રહની પછી જે ઉત્પન્ન થાય તે 'અનુરાગ.'
એ રીતે અનુગ્રહ અને અનુરાગ મળીને થતાં નમસ્કાર
દ્વારા સહજમળનો હ્રાસ તથા તથાભવ્યત્વનો વિકાસ થાય.
નમો = માતા. અરિહંતાણં = પિતા.
બંનેના સંબંધથી ઉત્પન્ન થતો
શુભ કર્મોપશમ ભાવ તે ગર્ભધારણ ગણાય

અને તેમાંય કાલક્રમે જે ક્ષાયિકભાવની પ્રાપ્તિ થાય,
તે પુત્રજન્મ ગણાય. તેથી જ કહ્યું છે કે:

'ક્ષય ઉપશમ તે ક્ષાયિક થાય,
ગર્ભવતી પ્રિયા પુત્ર જણાય.'

ક્ષાયિકભાવ રૂપી પુત્રની પ્રાપ્તિ માટે ક્ષયોપશમ ભાવ રૂપી ગર્ભના ધારણની આવશ્યકતા છે અને ક્ષયોપશમ ભાવ રૂપી ગર્ભધારણ માટે પિતાના સ્થાને ઉપાસ્ય અને માતાના સ્થાને ઉપાસક, એ બેનો ઉચિત સંબંધ જોઈએ છે. 'ઉચિત સંબંધ' એટલે એકાંતમાં ભાવપૂર્વક મિલન ઉપાસ્યનો અનુગ્રહભાવ અને ઉપાસકનો અનુરાગભાવ, જે મળવાથી ગર્ભધારણ અને અનુક્રમે પુત્ર જન્મ થાય. ન+મો માં 'મો'નું ઉલટું 'ઓં' નમો શબ્દમાંથી 'ન' કાઢી 'મો'ને ઉલટો કરવામાં આવે તો 'ઓં' શબ્દ બની જાય છે. 'ન'થી હું બીજું કાંઈ માંગતો નથી એમ સૂચવાય છે અને 'ઓં'થી આપ મારા દાસ્યભાવને સ્વીકારો એમ પ્રાર્થાય છે. અરિહંત એ જાપવાચક છે. નમોના યોગે ચતુર્થી વિભક્તિના પ્રત્યય દાસભાવને સૂચવે છે. એ રીતે પ્રથમ પદ વડે પ્રભુના દાસભાવનો આગ્રહ અને તેના ફલસ્વરૂપ બાળ દશાનો અનાગ્રહ સૂચવાય છે.

'નમો'નું ઊલટું રૂપ મોન પણ થાય છે. મોન = મુનિપણું. 'અરિહંતોનું મુનિપણું મને પ્રાપ્ત થાઓ' એવી ભાવના પણ 'નમો અરિહંતાણં' પદમાંથી નીકળી શકે છે.

ણ = ન, મો = મમ = વૈરાગ્ય = દાસોઽહં

અરિહં = સોઽહં = ભેદોપાસના

તાણં = અહં = સ મમ = અભેદોપાસના

ન = નાઽહં, મો = ન મમ।

અરિહં = સોઽહં, તાણં = સ મમ।

એમનો પ્રથમાક્ષર 'સોઽહં', દ્વિતીયાક્ષર 'સ મમ'ને સૂચવે છે, નમનો પ્રથમાક્ષર 'નાઽહં', દ્વિતીયાક્ષર 'ન મમ'ને સૂચવે છે. 'અરિહં' શબ્દ ઉચ્ચકોટિના અહં એટલે આત્મભાવને અને 'તાણં' રક્ષણભાવને સૂચવે છે. ઉચ્ચકોટિનો અહં એટલે શુદ્ધાત્મા એ જ ત્રાણ એટલે રક્ષણ અને શરણ છે, એવો ભાવ પણ આ નમસ્કારના પ્રથમ પદમાંથી નીકળે છે.

'आचारः कुलमाख्याति।'

'धर्मः स्फुरति कीर्तनात्।' (પરિશિષ્ટ-૧૨)

અરિહ - અરુહ - અરહ એ ત્રણ રૂપો ઉપરથી અરિહંતાણં। અરુહંતાણં। અરહંતાણં। પદો થયા છે.

ઘાતી કર્મોને જીતવાથી જેઓ જન્મને જીતી ગયા છે,

આઠ કર્મોનો ક્ષય કરવાથી જેઓ જન્મ અને મરણ ઉભયને જીતી ગયા છે તથા જન્મ અને મરણ જીતવાની સાથે જેઓ જીવનમાં પણ ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિનો ઉપભોગ કરીને જીવનને પણ જીતી ગયા છે, તે સર્વેને આ નવકારના પ્રથમ પદમાં નમસ્કાર છે. જન્મ, મરણ અને જીવન ત્રણેને જીતી જનારને નમસ્કાર થાઓ.

અરિહંતને નમનારો સર્વને નમે છે,
અરિહંતની જેમ સર્વ જીવોનો સાથીદાર બને છે,
સર્વ જીવોના સુખ-દુઃખનો સહિયારો બને છે,
સર્વ પ્રત્યે આત્મસમ લાગણીને ધારણ કરનારો બને છે.

અરિહંતોએ જે રીતે જગતના જીવોના દુઃખોનો ભાર ઓછો કર્યો હતો, તે રીતે તે પોતાની શક્તિ અને ભાવનાનુસાર વિશ્વના જંતુઓના દુઃખભારને શમાવે છે. 'પુણ્યનો પક્ષ અને શક્યનો પ્રારંભ, પુણ્યનો અભિલાષ અને શક્યનો પ્રયત્ન' એ શુભાનુબંધનો હેતુ છે, તેમ અહીં પણ સર્વ પ્રત્યે ભાવથી પુણ્ય અને સર્વ માટે શક્યનો આરંભ થતો હોવાથી આ અરિહંતને નમનારો અરિહંત બને છે, અરિહંતતુલ્ય થાય છે. અરિહંતને નમનારો રખે એમ માને કે 'હું મારું જ ભલું કરું છું;

પણ તે તો સર્વનું ભલું કરનારો છે, કોઈક જેને નમે છે તે સર્વના છે, તેથી તેમના સંબંધમાં આવેલો પણ સર્વનો બને છે. એ રીતે પોતાના શુભભાવથી સર્વનું હિત કરનારો થાય છે. સર્વ માટે શુભભાવ કરનાર એમ સર્વનું હિત કરનારો થાય છે, તેમ સર્વ માટે શુભભાવથી ભરેલા અરિહંતોને નમનાર પણ સર્વનું શુભ ચિન્તવનારી હોવાથી સર્વનું હિત કરનારો થાય છે. જેના હૃદયમાં સર્વના શુભનો ભાવ નથી, તે નમસ્કાર માટે સર્વના પ્રત્યે શુભભાવવાળા અરિહંતને જ શા માટે પસંદ કરે? અરિહંતને જ પસંદ કરે છે અને બીજાને નહિ, તે એમ સૂચવે છે કે સર્વના શુભભાવનો ભાવ તેને અભીષ્ટ છે,

તેથી એ ભાવથી ભરેલા અરિહંતને નમનાર,

સર્વના શુભમાં વૃદ્ધિ કરનારો થાય જ છે.

અરિહંતનો પ્રકાશેલો ધર્મ જે કોઈ કરે, તે વ્યક્તિ પોતે એક જ હોય, તો પણ તે જે કરે છે, તેનાથી લાભ સકલ વિશ્વને મળે છે એ વાત નિ:સંદેહ છે. એમાં જેટલો સંદેહ, તેટલો ધર્મક્રિયામાં ઉત્સાહ મંદ.

ધર્મક્રિયામાં પૂર્ણ ઉત્સાહ પેદા કરવા માટે શ્રી અરિહંતનો કહેલો ધર્મ કરનાર તેમની જેમ જ

વિશ્વનું હિત કરનારો થાય એ વાત દૃઢ કરવા જોઈએ.
ત્રાણં - રક્ષણ, તેનું કારણ અરિહં - યોગ્યતા અને તેનું કારણ નમઃ - નમસ્કાર, તેથી નમસ્કાર વડે યોગ્યતા અને તેના વડે રક્ષણ એ પ્રથમપદનો સુઘટિત અર્થ છે.

નમસ્કાર એ પુરુષના પ્રકર્ષથી આવે

શ્રી અરિહંત પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થાય છે, તેથી બધાનું મૂળ પરમાત્માની કૃપા છે. પરમાત્માની કૃપાથી પુરુષનો પ્રકર્ષ, પુરુષના પ્રકર્ષથી પરમેષ્ઠિ નમસ્કાર, પરમેષ્ઠિ નમસ્કારથી જીવમાં પાત્રતા-યોગ્યતા અને યોગ્યતા વડે રક્ષણ.

યોગ્યને નમવાથી યોગ્યતા આવે છે,
અયોગ્યને નમવાથી અયોગ્યતા આવે છે.

વિષયો નમવાને અયોગ્ય છે, છતાં જીવ અજ્ઞાનના દબાણથી અનાદિકાળથી વિષયોને નમતો આવ્યો છે, તેથી અયોગ્યતા વધતી રહી છે. હવે કોઈ પ્રબળ પુરુષના યોગે તેને યોગ્યને નમવાનો અવસર મળ્યો છે. નમવાને યોગ્ય ખરેખર પંચ પરમેષ્ઠિ ભગવંતો છે, તેથી તે યોગ્યને નમસ્કાર છે. યોગ્યને નમવાથી જીવની યોગ્યતામાં આપોઆપ વધારો થાય, યોગ્યતા વધવાથી રક્ષણ પણ આપોઆપ થાય છે, તેથી શ્રી નમસ્કારમંત્ર જીવના પરમાર્થ રક્ષણનો મહામંત્ર બને છે.

નમવું + નાણાં = નમસ્કાર એ રક્ષા કરે છે.

<u>જે પોતાની જાતને ભૂલે તેને આખું જગત યાદ કરે છે.</u>

જે જગતને ભૂલે અને પોતાને જ યાદ રાખે,

તેને આખું જગત ભૂલી જાય છે.

'નમો' પદ વડે પોતાની જાતનું વિસ્મરણ કરવામાં આવે છે તેથી આખું વિશ્વ તેને સ્મરણ કરવા તૈયાર થાય છે.

નવકારનું પ્રથમપદ એવો બોધ આપે છે કે:

પોતાની જાતનું અરિહંતમાં વિલીનીકરણ કરવામાં આવે,

ત્યારે અવશ્ય રક્ષણ થાય છે.

પોતાની જાતને ભૂલો પણ પરમાત્માને કદી ન ભૂલો, તો તમારું રક્ષણ અવશ્ય થશે. પરમાત્માને ભૂલ્યા અને કેવળ જાતને જ નમ્યા, જાતને ન ભૂલ્યા તો ત્રાણ છે નહિ. ત્રાણનો ઉપાય જાતને ભૂલી પરમાત્માને ન ભૂલવા તે છે.

<u>મહા સુદી ૬, રવિ</u>

'ણમો'માં પશ્ચાનુપૂર્વી ઉચ્ચાર કરતાં 'ૐણ' થાય છે, તેનો અર્થ: ૐ ણિતિ પ્રતિ પદ્યસ્વ નાથ! નાતઃ પરં બ્રુવે।

<u>અર્થાત્</u>: હું તારો દાસ છું મને સ્વીકાર કર અને

એ સિવાય બીજું હું કાંઈ માંગતો નથી

અથવા પશ્ચાનુપૂર્વીથી 'ણમો'નું ઉચ્ચારણ કરીને

પછી પૂર્વાનુપૂર્વી ઉચ્ચારણ કરવામાં આવે,
તો ૭ અક્ષરના બદલે ૮ અક્ષરનો નવો મંત્ર બને છે.
'ૐ ણમો અરિહંતાણં' અને 'ૐ ણમો'
એ 'નમઈ'નું સંપુટ બને છે.

'ણમો અરિહંતાણં'ના જાપમાં બે-બે અક્ષરના જોડલા
સીધા-ઊંધા બનાય છે, જેમ કે 'ણમો અરિ હંતા ણં।'
શત્રુને હણનારા માટે પૂજ્ય અને તેમ રક્ષણ કરનારાને
નમસ્કાર થાઓ એટલે તેમની આજ્ઞા જ મને પ્રમાણભૂત હો.
તેમની આજ્ઞા એટલે આત્મસમદર્શિત્વ જેના મૂળમાં છે
એવા પરમ ધર્મનું આચરણ હું કરું.

અહિંસા, ક્ષમા અને તપ-સંયમાદિનું જીવનમાં સેવન
કરવાથી આત્મસમદર્શિત્વનો ભાવ જાગૃત રહે છે,
મન-વચન-કાયાથી એકતા જાગૃત રહે છે અને
જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા સચવાય છે.

નમસ્કાર વડે ભાવશત્રુ, કષાય, રાગ-દ્વેષ હણાય છે.
શત્રુ હણાવાથી પૂજ્યતા પ્રાપ્ત થાય છે.

પૂજ્યતા પ્રાપ્ત થવાથી પૂજકની રક્ષા થાય છે,
તેથી પૂજ્યની પૂજારૂપ નમસ્કાર રક્ષાનો હેતુ બન્યો.
પૂજ્યની પૂજા પૂજ્યની આજ્ઞા પ્રત્યે પ્રેમભાવ પેદા કરે.

તેથી તે આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન થાય છે.
પ્રભુની આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન કરવાથી
સર્વ ભવી જીવો સાથે મૈત્રી સધાય, જે સૌને
રાગ-દ્વેષનો ક્ષય કરાવી પરમપદની પ્રાપ્તિ કરાવે છે.
આ રીતે શ્રી નમસ્કાર મંત્ર ભવ્ય જીવો માટે
સર્વ મંગળોમાં પ્રથમ મંગળરૂપ, મૂળ મંગળરૂપ બને છે.

એવંભૂતનયના મતે

અધ્યાત્મ આત્માને ઉદ્દેશીને પંચાચારનું પાલન અથવા
આત્મામાં જ જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું પાલન અથવા
આત્મસ્વરૂપમાં અવસ્થિતિ એ જ પંચાચારોનું પાલન છે.
'અધ્યાત્મ' શબ્દની વ્યુત્પત્તિ અનુસાર આ અર્થ છે,
આત્મામાં રહેવું તે અધ્યાત્મ.
યોગાદ્રૂઢેર્બલીયસ્ત્વમ્ ।
એ ન્યાય મુજબ વ્યુત્પત્તિ અર્થ કરતાં રૂઢિ અર્થ બલવાન છે.
અધ્યાત્મ શબ્દની રૂઢિ મૈત્ર્યાદિવાસિત ચિત્તમાં છે.
બાહ્ય વ્યવહારથી પુષ્ટ બનેલ
મૈત્ર્યાદિભાવવાળું ચિત્ત એ જ અધ્યાત્મ છે.
ઋજુસૂત્ર અને વ્યવહારનય રૂઢિને માનનારા છે,
લોકરૂઢ અર્થને સ્વીકારનારા છે.

તદનુસાર નિશ્ચય ચિત્ત એ અધ્યાત્મ છે.

બાહ્યવ્યવહાર ચિત્તને નિર્મળ રાખવામાં સહાયક માત્ર છે,
સહકારી કારણ છે.

એવંભૂતનયથી પંચાચારનું પાલન અધ્યાત્મ છે,
આત્મભાવ તેનું અંગ છે, પાલનમાં બળ આપનારું છે.

ઋજુસૂત્રનયથી પાલન એ સહકારી કારણ છે.

ચિત્તની નિર્મળતા મુખ્ય છે, તે મૈત્ર્યાદિભાવો વડે થાય છે,
તેથી મૈત્ર્યાદિભાવો વડે વાસિત ચિત્ત એ જ અધ્યાત્મ છે.

'અધ્યાત્મ' એટલે આત્મવિશુદ્ધિ.

ચિત્તની નિર્મળતા અને ક્રિયાની વિશુદ્ધિ
ઉભયની અપેક્ષા રાખે છે,
તેથી પરિપૂર્ણ અધ્યાત્મ ભાવ અને ક્રિયા ઉભયના
મિલનમાં ફલિત થાય છે. પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયે
પુરુષ ઉપર પ્રકૃતિનું પ્રભુત્વ ઘટ્યા પછી આત્માને
ઉદ્દેશીને જે ક્રિયા થાય, તેને જ 'અધ્યાત્મ' કહેવાય છે.

જેમ સર્વ ચારિત્રોમાં સામાયિક,
તેમ સર્વ યોગોમાં અધ્યાત્મ રહેલું છે.

અપુનર્બંધકથી માંડી ચતુર્દશ ગુણસ્થાનક શુદ્ધિ ક્રમે
શુદ્ધિ પામતી ક્રિયાને 'અધ્યાત્મ' કહેવાય છે.

અધ્યાત્મમાં શુદ્ધ જ્ઞાન અને ક્રિયા બંને મળેલાં રહેલ છે. અધ્યાત્મના અભ્યાસકાળમાં ય ક્રિયા અને જ્ઞાન ભિન્ન જ છે, માટે જ્ઞાનક્રિયારૂપ અધ્યાત્મ કહ્યું છે, કેવળજ્ઞાન અથવા કેવળક્રિયારૂપ નહિં, તેથી બંનેમાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ. શક્યનો આરંભ એ આચાર છે. આચારમાં શક્યાશક્યતાનો પ્રશ્ન રહેવાનો જ. વિચારમાં એ રહેતો નથી, કેમકે વિચારની પૂર્ણ શક્તિ મનુષ્યને મળેલી છે. શક્યાશક્યનું વિચારનાર પોતાની શક્તિનો સૌથી પહેલો વિચાર કરે છે, તેથી આચારને વિકસાવવા દરેકે પોતાની આંતરિક શક્તિ વધારવા પ્રયત્ન કરવો.

વિચાર પ્રેરક છે, આચાર-વર્તન પ્રેર્ય છે.

આચાર એ જીવનની રંગભૂમિ છે,

વિચાર એ આચારની જનેતા છે.

જેઓ 'તત્ત્વમસિ' વગેરે વાક્યોને અનુભવની ભૂમિકાએ સમજી શકે છે, તેઓ મહાજ્ઞાની, યોગી, ભક્ત અને પૂર્ણ માનવ બની શકે છે. એ પછી કોઈ જીવનો

તે પોતે કે કોઈ જીવ તેનો ઝુણા રહેતો નથી.

પરમાત્મા પ્રાપ્તવ્ય છે. તેનું સાધન યોગ છે, યોગ એ પરવૈરાગ્યને આધીન છે, જે વળી અપરવૈરાગ્યને આધીન છે,

અપરવૈરાગ્યનો પાયો મૈત્ર્યાદિભાવો છે,
એ ભાવોનો ઉત્કર્ષ એટલે મનુષ્યત્વ.

આ અર્થમાં જે મનુષ્ય તે જ ચોથા પુરુષાર્થનો અધિકારી. સદ્‌ગુણનો ભેદ [illegible] સાધીને નિર્ગુણને પમાય, જેને મેળવીને સગુણમાં આનંદ પામે. મૈત્રી આદિ દ્વારા ઈર્ષ્યા, અસૂયાદિ અને પ્રતિપક્ષ દ્વારા અવિદ્યા, અસ્મિતા આદિ ક્લેશ અને ઉપક્લેશનો નાશ સાધીને તેને નામશેષ કરે, તે સાધનસંપન્ન માનવ જ મહામાનવ બની શકે છે.

સાંભળનાર માટે તો સૃષ્ટિના પદાર્થમાત્રમાં સંદેશ છુપાયા છે.

He will be Compassionate & Sympathetic
with sinners and sufferers.

મનુષ્યને જે પશુ ન બનવા દે તે સામાન્યધર્મ,
જે દિવ્ય બનાવે તે વિશિષ્ટધર્મ.

ધર્મરહિત શક્તિ અને અધ્યાત્મરહિત ભક્તિ
એ બન્ને સમાજ માટે નુકસાનકારક છે.

o 'અર્હત' શબ્દના બે અર્થ છે : પૂજ્ય અને પૂજક, અથવા સેવ્ય અને સેવક અથવા ઉપાસ્ય અને ઉપાસક. પૂજા કરવાથી જ પૂજ્ય બનાય, સેવા કરવાથી જ સેવ્ય બનાય, ઉપાસના કરવાથી જ ઉપાસ્ય થવાય છે.

અરિહંતો શ્રેષ્ઠ કોટીની સેવા જગતના જીવોની કરે છે.
તે સેવા આધ્યાત્મિક લોકહિતે સર્વોત્કૃષ્ટ છે.
સર્વ જીવોને મોક્ષમાર્ગ પમાડવાની તીવ્રતમ ભાવના વડે થતી
સેવા બાકી સર્વ પ્રકારની સેવાઓના શિરોમણિભૂત છે.
દેહસેવા કરતાં આત્મસેવા શ્રેષ્ઠ છે.

૦ એક નિશ્ચય લીધો જોઈએ કે પ્રકૃતિમાતા સર્વ આત્માઓમાં શુદ્ધિની સાધના કરી રહી છે અને ક્રમિક મુજબ સર્વ જીવોનો વિકાસ તે ક્રમશઃ થઈ રહ્યો છે. તે વિકાસમાં આપણે કાંઈ હિસ્સો આપવાની ઈચ્છા હોય, તો પ્રેમ દ્વારા આપી શકીએ છીએ. પ્રેમના રૂપમાં આપી શકવાની કાંઈ શક્તિ ન હોય, તો આપણે તટસ્થ રહેવું જોઈએ કેમકે પ્રકૃતિમાતા જે સાધના કરી રહી છે, તેમાં દખલ ઉભી કરવી એ ગુન્હો અને અપરાધ છે.

પ્રેમ એ ગુલાબથી પણ કોમળ, મયૂરપાંખથી પણ મનોહર,
કસ્તુરીથી પણ સુગન્ધી, સૂર્યથી પણ તેજસ્વી,
ચંદ્રથી પણ શીતળ, વાયુથી પણ વેગવાન,
સાગરથી પણ ગહન અને પર્વતથી પણ અડગ છે.
પ્રેમ પ્રભુની નિત્ય જીવંત પ્રતિમા અને પૂજા છે.
પ્રેમ પશુતાને નષ્ટ કરી પ્રભુતાને પ્રગટાવે છે.

પ્રેમ દરિદ્રને તવંગર, અજ્ઞાનીને જ્ઞાની, નિર્બળને સબળ, નાસ્તિકને આસ્તિક અને ઇન્સાનને ઈશ્વર બનાવે છે. પ્રેમમાં માતનું માતૃત્વ અને પ્રભુનું પ્રભુત્વ છુપાયેલું છે. તેન ત્યક્તેન ભુઞ્જીથાઃ । અર્થાત્: ત્યાગી અને ભોગવો. માનવદેહ ત્યાગ માટે જ છે, ત્યાગ એ જ સેવા અને સેવા એ જ ત્યાગ. સેવામાં અહંકાર આવે તો રાગ. 'આ મારું છે' એવી ભાવના = અહંકાર - ચૈતન્યનો સંકોચ.

: નાદના ત્રણ પ્રકાર છે :

(૧) આર્ત (Tragedy) (૨) હર્ષ (comedy)

(૩) બ્રહ્મ (મુક્તિ, પરમસુખ).

સાહિત્યમાત્ર આખરે એક નાદ છે.

સાહિત્યનો ઉપાસક જ્યારે જીવન ઉપર દૃષ્ટિ કરે છે, ત્યારે તેના અંતરમાં એક નાદ ઉત્પન્ન થાય છે. એ નાદનો શબ્દમાં આવિષ્કાર તે સાહિત્ય. જીવન અને જગતના ભેદ પામવાને મથતા દૃષ્ટાનાં હૃદયમાં જ્યારે સ્વાનુભૂતિનો એકાદ ઝબકારો થાય છે, ત્યારે તેમાંથી સુખાનુભવ કરાવતો એક મહાનાદ પ્રગટે છે. સાત્ત્વિક આનંદથી સંતૃપ્ત બનેલા એ મહાનાદનું નામ 'બ્રહ્મનાદ' છે. જો આપણે સાચું સુખ મેળવવું હોય, તો પરપોટો મટી

સાગર, અહંકારી મટી વિશ્વાકારી, રાગી મટી ત્યાગી બનો.

બધાની ખાતર આપણે, પણ...

આપણી ખાતર બધા નહિ એવો નિશ્ચય કરીએ.

સેવા એ જ મહાનતાનો મંત્ર છે.

ત્યાગ એ જ જીવન છે. સુખ-દુઃખની જેમ રાગ અને ત્યાગ એ પણ અનુભવના વિષયો છે. આચરણ વિના અનુભવ હોતો નથી, તેથી ત્યાગ એ આચરણનો વિષય બનવો જોઈએ. જગતની તમામ ક્રિયાઓમાં ચૈતન્યના મહાવિલાસની અનુભૂતિ થવી જોઈએ. મન જ્યારે શરીરનો અહંકાર મૂકી દે છે, ત્યારે વિશ્વમય બની ચૈતન્યમાં વિલીન થાય છે. આપણે દેહના વિરોધી બનવાને બદલે દેહ ઉપરના રાગના વિરોધી બનવું જોઈએ. જો આમ થઈ શકે, તો દેહ પણ એક સાધનરૂપે સહાયક બનશે.

○ પ્રાપ્તવ્યનો વિચાર કર્યા સિવાય કર્તવ્ય વિચાર થઈ શકે નહિ. કર્તવ્ય કરવાનું કહેવામાં આવે છે, પણ આત્મવિચાર કરવાનું કોઈ કહેતું નથી. આત્મવિચારના માર્ગે જ ધર્મ અને આચરણ આવે છે. આત્મવિચાર વિનાનું મૌન, ધ્યાન અથવા તપ જડ બની જાય છે. આત્મવિચાર વિનાનો ધર્મ હાસ્યાસ્પદ થઈ રહે છે.

અનાત્મા કરતાં આત્માનાં મૂલ્ય વધારે સમજવા જોઈએ.
પ્રેમથી તુષ્ટિ દેનારી ભક્તિ, પુષ્ટિ કરનાર અનુભૂતિ
અને ક્ષુધા ટાળનારી વિરક્તિ એકી વખતે મળે છે.
પ્રેમ હૃદયને અને અનુભવ આત્માને પુષ્ટ કરે.
વિરાગ સંસારની ભૂખને ભાંગે.
'ભક્તિ' એટલે પ્રેમ. 'જ્ઞાન' એટલે સ્વરૂપની સમજ.
'વૈરાગ્ય' એ પરમ પ્રેમથી ફલિત થતી તટસ્થતા.
ટૂંકમાં 'જ્ઞાન' એટલે આત્માનો અનુભવ અને
'વૈરાગ્ય' એટલે અનાત્માની વિસ્મૃતિ.
પ્રેમ એ ચંદન, શેરડી અને કાંચન છે.
વિરક્તિ એ પ્રેમની જ એક અલૌકિક અવસ્થા છે.
પ્રેમ પરિગ્રહી નહિ, પણ ત્યાગી જ હશે.
સર્વમાં આત્માને જોનાર માટે ભોગ માત્ર ત્યાગવાને માટે
જ હશે. સમજણમાંથી જન્મતી માનસિક મહાત્યાગની
જે ઉદાર અવસ્થા હોય છે, તે 'વૈરાગ્ય' છે.
દ્વૈત બુદ્ધિથી વિપર્યય અને સ્વરૂપ વિસ્મરણ થાય.
નામ સ્મરણે સર્વાત્મભાવ જાગે અને અંતઃશૂન્યતા પ્રગટે.
શરણાગતિ અને સમર્પણયોગ
એકી વખતે ભક્તિ, જ્ઞાન અને વિરાગ આપે છે.

મહા સુદી ૭, સોમ

પઢમં હવઇ મંગલં । માં ગાલયતિ ભવાત્, સ્વાર્થાત્, અર્હત્વ - મમત્વ - ભાવાત્ ઇતિ મંગલં । (પરિશિષ્ટ-૧૩)

જે મને ભવથી, સ્વાર્થવૃત્તિથી, અહંતા - મમતાથી દૂર કરી આપે તે પ્રથમ, શ્રેષ્ઠ, નિત્ય વૃદ્ધિ પામતું શાશ્વત મંગલ છે. જે અહંત્વને અર્હત્વથી અને મમત્વને સમત્વથી ગાળી આપે છે, ટાળી આપે છે, દૂર કરી આપે છે તે મંગલ છે. અર્હત્વ પરમાત્મસ્વરૂપતાનો અને સમત્વ સર્વાત્મસ્વરૂપતાનો બોધ કરાવે છે. એ બોધની દૃઢતા પરમેષ્ઠિ નમસ્કાર કરી આપે છે, કેમકે તેમાં 'અર્હત્વ'ને નમસ્કાર છે. અર્હત્વ એ સમત્વથી ભરપુર છે અને તેથી સમત્વસહિત અર્હત્વનું ધ્યાન જેમાં છે, તે પરમેષ્ઠિ નમસ્કાર મમત્વ અને અહંત્વને દૂર કરે એમાં કોઈ શંકા નથી.

સમત્વ એ સર્વ જીવો સાથે અને
અર્હત્વ એ પરમાત્મા સાથે
પોતાના આત્માની એકતા સાધી આપે છે.

## 'મંત્ર'નો તાત્ત્વિક અર્થ

મનન વડે રક્ષણ કરે તે

મંત્ર દ્વારા દેવતા, ગુરુ અને આત્માનું ઐક્ય સ્થાપન કરવું.

મંત્ર મન અને પવનને આત્મા સાથે ઐક્ય કરી આપે.
આત્મા તે મંત્રનાં મનન દ્વારા
ગુરુ અને દેવતા સાથે ઐક્ય કરી આપે છે.
મંત્રના અક્ષરો મન અને પવન સાથે સંબંધ રાખે છે.
મંત્રનો અર્થ દેવતા અને ગુરુ સાથે સંબંધ રાખે છે
એ રીતે દેવતા, ગુરુ અને મંત્રની એકતા સાધવાથી
મંત્રચૈતન્ય પ્રગટે છે અને યથેષ્ટ ફળની સિદ્ધિ થાય છે.
દેવતા અને ગુરુનો સંબંધ સકળ જગ સૃષ્ટિ સાથે છે,
તેથી મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બને છે.

સમત્વનો વિસ્તાર અર્હત્વની સાથે સંબંધ કરાવે છે અને મમત્વનો હ્રાસ એ અર્હત્વને ઓગાળી આપે છે. અહંત્વ અને મમત્વ એ વિજાતીય કર્મદ્રવ્યના સંબંધથી મનઃકલ્પિત હતું, તે કલ્પના સમત્વની અને અર્હત્વની સાધના દ્વારા ગળી જાય છે. જેમ જેમ વિકલ્પ કલ્પિત અહંત્વ-મમત્વની કલ્પના ઓસરવા માંડે છે, તેમ તેમ વિજાતીય દ્રવ્યના સંબંધમાં આવવાની જીવની યોગ્યતા પણ ઘટતી જાય. વિજાતીય દ્રવ્યના સંબંધને અને અહંત્વ-મમત્વની કલ્પનાને પરસ્પર કાર્યકારણ ભાવનો સંબંધ છે, તેથી જ એકના ઘટવાથી બીજાનું ઘટવું અવશ્યમેવ થાય છે.

તેથી શાસ્ત્રકાર ભગવંતોનું એવું ફરમાન છે કે:
જ્ઞાન અને ક્રિયા ઉભય મળી મોક્ષનો માર્ગ બને છે.
વ્યવહારકાળમાં ક્રિયા અને ધ્યાનકાળમાં જ્ઞાન મુખ્ય બનીને
કર્મ દ્વેષ અને અહંત્વ-મમત્વનો વિકલ્પ ઘટાડનાર થાય.
દોષદર્શનજનિત વૈરાગ્ય એ 'અપરવૈરાગ્ય' છે અને
આત્માનુભવજન્ય દોષદર્શનરૂપ વૈરાગ્ય એ 'પરવૈરાગ્ય' છે.

વિષયોમાં ગમે તેટલા દોષો જોવામાં આવે,
પણ જ્યાં સુધી જીવને દેહાધ્યાસ છે, ત્યાં સુધી વિષયોનો
અધ્યાસ પણ કાયમ રહે છે. અર્થાત્ જડદેહમાં અહંત્વ-
મમત્વ બુદ્ધિનો અંશ છે, ત્યાં સુધી જડ વિષયોમાં અહંત્વ-
મમત્વ ટળતું નથી. વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય
વિષયોના સંગથી દૂર રહેવા પુરતું પ્રારંભિક-આભ્યાસિક
કાર્ય સિદ્ધ કરી આપે છે. તેટલા પુરતી પ્રારંભ કાળે તેની
અનિવાર્ય ઉપયોગિતા છે, કેમકે વિષયનાં સંગમાં રહીને
આત્માનુભૂતિનો અભ્યાસ અશક્ય જ છે. વિષયોમાં
વિપાકકાળે થતાં દોષોનું દર્શન વિષયોના સંગનો ત્યાગ
કરાવી આત્માનુભૂતિના અભ્યાસમાં ઉપકારક થાય છે,
તેથી તે વૈરાગ્યને શાસ્ત્રકારોએ પ્રથમ સ્થાન આપેલું છે,
પરન્તુ વિષયોનો બાહ્ય સંગ છુટ્યા પછી તેના આંતરિક

આસક્તિ ટાળવા માટે આત્માનુભૂતિ સિવાય બીજો કોઈ ઉપાય નથી અને આત્માનુભૂતિવાળા પુરુષોની ભક્તિ સિવાય આત્માનુભૂતિ પણ નીપજતી નથી. પહેલાં પ્રાથમિક વૈરાગ્ય, અનુભૂતિમાન પુરુષો ઉપરની ભક્તિ અને પછી આત્માનુભૂતિ. આત્માનુભૂતિ પછી ઉપજતી વિષયોની વિરક્તિ એ તાત્ત્વિક વિરક્તિ છે, કેમકે એ પછી વિષયોની વિજાતીયતાનું પ્રત્યક્ષ ભાન થાય છે.

કહ્યું છે કે:

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥१॥

અર્થાત્: આત્માનું દર્શન થયા વિના વિષયો પ્રત્યે આંતરિક રસ, આસક્તિ ટળતી નથી. આત્મદર્શનનો ઉપાય ભક્તિ છે. 'ભક્તિ'નો અર્થ સજાતીયતત્ત્વ સાથે એકત્વનું અનુભવન. સજાતીયતત્ત્વ = સમગ્ર જીવરાશિ. તેની સાથે એકત્વનું અનુભવન મૈત્ર્યાદિભાવો વડે થાય છે, તેથી મૈત્ર્યાદિભાવોનો અભ્યાસ જ ભક્તિનો અભ્યાસ છે.

એ અભ્યાસ તેના પરિપાકકાળે

રાગ-દ્વેષની વૃત્તિઓથી રહિત સમત્વની સિદ્ધિ કરી આપે છે. સમત્વવાન પુરુષને પોતાના આત્મામાં જ

પરમાત્માના સ્વરૂપનું દર્શન થાય છે, કહ્યું છે કે:
રાગાદિધ્વાન્ત-વિધ્વંસે કૃતે સામાયિકાંશુના ।
સ્વસ્મિન્ સ્વરૂપં પશ્યન્તિ યોગિનઃ પરમાત્મનઃ ॥૧॥
(પરિશિષ્ટ-૧૪)

પરમનું સ્વરૂપ જોયા બાદ વિષયો પ્રત્યે અંતરંગ આસક્તિ ચાલી જાય છે તેનું જ નામ 'પરવૈરાગ્ય' છે. અપરવૈરાગ્ય આદિમ કારણ છે, પરવૈરાગ્ય અંતિમ ફળ છે. તેનો હેતુ આત્માનુભૂતિ અને આત્માનુભૂતિનો હેતુ ભક્તિ છે. ભક્તિ વડે ઇર્ષ્યા અને અસૂયાદિ ઉપક્લેશો જાય છે અને વિરક્તિ વડે રાગ-દ્વેષાદિ વૃત્તિઓ ટળે છે.

રાગ-દ્વેષાદિ મૂળ ક્લેશ છે,

તેને ટાળવા આત્મદર્શનજનિત પરવૈરાગ્ય આવશ્યક છે.

० 'अविषयेऽभिष्वंग-करणाद्रागः ।
तत्रैवाग्निज्वाला-कल्पमात्सर्योपादनाद्द्वेषः ।(પરિશિષ્ટ-૧૫)
हेयेतराभिगम - प्रतिबन्ध - विधानान्मोहः ।' અર્થાત્ :

અભિષ્વંગને અયોગ્ય એવા વિષયો ઉપર અભિષ્વંગ કરવો તે રાગ. માત્સર્યને અયોગ્ય જીવો પર માત્સર્યભાવ કરવો તે દ્વેષ. તે અગ્નિજ્વાળાની જેમ સંતાપ ઉપજાવે છે. જીવો પ્રત્યે મૈત્રી આદિ ભાવોના અભ્યાસથી દ્વેષ અને વિષયો પ્રત્યે વિરક્તિના અભ્યાસથી રાગ જાય છે.

વિવેકજ્ઞાનને આવરનાર એ મોહ છે.

'વિનશ્વર વિષયોના સંગથી આસક્તિ વધે છે.'

'આત્મા અવિનાશી છે.'

'આત્માના દર્શનથી વિરક્તિ પેદા થાય છે'.

વિગેરે તત્ત્વનો અવબોધ ન થવા દેવો તે મોહનું કાર્ય છે.
ભક્તિ એ રાગ-દ્વેષ અને મોહની વૃત્તિઓનું નિવારણ છે.

જેમ જેમ દોષો ટળતા જાય છે,

તેમ તેમ આત્માનંદનો અનુભવ વધતો જાય છે.
એ અનુભવ પુષ્ટ થતાં જ વિષયભૂખ ભાંગી જાય છે.

માટે જ કહ્યું છે કે:

જેમ ભોજન વડે તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાની નિવૃત્તિ એ ત્રણે કાર્ય સાથે થાય છે, તેમ પ્રભુના નામરૂપી ઔષધિ વડે પણ ભક્તિરૂપી તુષ્ટિ, આત્માનુભૂતિરૂપી પુષ્ટિ અને વિષયોની વિરક્તિરૂપી ક્ષુધાની નિવૃત્તિ એક સાથે થાય છે, તેથી શારીરિક ક્ષુધાની નિવૃત્તિને માટે જેટલી જરૂર આદરપૂર્વકના ભોજનની છે, તેટલી જ વાસનારૂપી ક્ષુધાના નિવારણ માટે આદરપૂર્વક પ્રભુના નામની અને ઔષધિના સેવનની જરૂર છે. પ્રભુનામ એ આધ્યાત્મિક આહાર છે, નિર્બળ આત્માને બળવાન બનાવનાર છે.

વાસનારૂપી માનસિક રોગોના કારણે જીવ
પોતાનું શુદ્ધ જ્ઞાન ગુમાવીને નિર્જીવ જેવો છે
અને તે પથ્યભોજન વડે દૂર થઈ શકે છે.
માનસિક પથ્યભોજન એ
પ્રભુનામનું શ્રવણ અને અર્થનું ગ્રહણ કરવું તે છે.
તે વડે ભક્તિ, આત્માનુભૂતિ અને વિષયવિરક્તિરૂપી
તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાવેદનાની નિવૃત્તિ સધાય છે.
વિષયોની વાસનાઓથી ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ થાય.
તેના પુનઃ પુનઃ સેવનથી આત્માની મૂળકાયા ક્ષીણતા પામે.
તે ક્ષીણતાને દૂર કરવાનો ઉપાય
પથ્યભોજનની જેમ
પ્રભુ નામસ્મરણ છે અને
કુપથ્ય વર્જનની જેમ વિષયોના સંગનો ત્યાગ પણ છે.
વિષયોથી દૂર રહી પ્રભુસ્મરણમાં
સમય પસાર કરવામાં આવે તો આત્મગુણોની તુષ્ટિ-પુષ્ટિ
અવશ્ય થાય છે, એવો સર્વ મહાપુરુષોનો અનુભવ છે.
નિશ્ચયનયના અભિપ્રાયે નિગોદનો જીવ પણ સિદ્ધસમ છે.
વ્યવહારનયના અભિપ્રાયે
ચૌદમા ગુણઠાણે રહેલો જીવ પણ અસિદ્ધ છે.

મહા સુદી ૮, લોહ

મૂર્તિ: સ્ફુર્તિમતી સતી ત્રિજગતિ કષ્ટાનિ હર્તું ક્ષમા।

પ્રકૃતિ: ચિત્તમાં સ્ફુરાયમાન શ્રી પાર્શ્વનાથપ્રભુની મૂર્તિ

ત્રણે જગતના કષ્ટોને હરવા માટે સમર્થ છે.

'પ્રભુની મૂર્તિનું ધ્યાન એ કેવળ ધ્યાન કરનાર ધ્યાતાને

જ નહિ, કિન્તુ ત્રણ જગતના કષ્ટોને વિદારવા માટે સમર્થ છે'

એમ શ્રી ચિંતામણિ સ્તોત્રના કર્તા મહાપુરુષ ફરમાવે છે.

ધર્મ એ ધર્મ કરનાર એકલાનું જ નહિ,

પણ પ્રાણીમાત્રનું હિત કરે છે,

કેમકે ધર્મના આધારે જ ધરતી ટકી રહી છે.

ધરતી ધર્મ કરનારને જ નહિ, પ્રાણીમાત્રને ટેકો આપે છે.

સૂર્ય પોતાને જ નહિ, પણ વિશ્વમાત્રને પ્રકાશ આપે છે.

તે સૂર્ય-ચંદ્ર, અગ્નિ-વાયુ, મેઘ-સાગર ઉપર

પણ જેનું પ્રભુત્વ છે, તે વિશુદ્ધ અને કેવલિ કથિત

ધર્મ કેવળ ધર્મ કરનારનું જ નહિ, પણ જગમાત્રનું

મંગલ અને કલ્યાણ કરે છે. 'મંગલ' એટલે મમતા ગાળી

દે છે, 'કલ્યાણ' એટલે સમતા લાવી આપે છે. મમતાથી

દુઃખ અને સમતાથી સુખ છે, તેથી ધર્મ વિશ્વની અંદર

મમતાના નાશનું કાર્ય કરવાથી દુઃખનો નાશ કરે છે અને

સમતાને વિસ્તારવાનું કાર્ય કરવાથી પુણ્યને વધારે છે.
ધર્મ એટલે ચિત્તમાં ઉત્પન્ન થતો વિશ્વકલ્યાણનો ભાવ.
જેમાંથી ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મળ બોધ
વગેરે ગુણો પ્રગટે છે, એ ભાવ જે મહાપુરુષોના હૈયામાં
પ્રગટ્યો છે, તેમને નમન, તેમની આજ્ઞાનું પાલન, તેમનું
બહુમાન કરીએ. જીવમાત્રની સાથે અભેદભાવ સાધવા
તેવી પ્રત્યેક વૃત્તિ અને પ્રત્યેક પ્રવૃત્તિ એ ધર્મ છે.
o 'નમો અરિહંતાણં' મહામંત્ર એટલા માટે જ છે કે
તે વિશ્વનું સર્વશ્રેષ્ઠ કલ્યાણ સાધનારા સર્વ મહાપુરુષોને
નમસ્કારરૂપ છે. તેમાં 'અરિહં' શબ્દ મુખ્ય છે, તેમાંથી
જ અર્હં, હ્રીં, ઇતિ ઓં વગેરે ધ્વનિઓ પ્રગટે છે, તેથી
પ્રાણની શુદ્ધિ થાય છે. પ્રાણ શુદ્ધ થવાથી ચિત્ત શાંત
થાય છે અને અંતરસ્થ પરમાત્મા પ્રકાશિત થાય છે.

જૈનશાસનમાં પ્રાણાયામ ઉપર ભાર નથી,
તેનું કારણ ઉપવાસ છે. તેનાથી સહજભાવે પ્રાણની
વિશુદ્ધિ થઈ જતી હોવાથી પ્રાણાયામના હઠપ્રયોગનો
નિષેધ કર્યો છે. ઉપવાસની આરાધના તે ભવમાં જ
મોક્ષ નક્કી હોવા છતાં તીર્થંકરના જીવો પણ કરે છે.
અપૂર્વ નમસ્કાર = દેવાધિદેવની પરમ તારક નિશ્રામાં
બેસીને તેઓશ્રીના લાભ માટે ચોધાર આંસુએ રડવું તે.

અગ્નિનો તાપ જેમ સોનાનો ઘાટ બદલે છે,
તેમ આવી જાપ આત્માનો અસલી ઘાટ તૈયાર કરે છે.
'જાપ' એટલે ભવને બદલવાની ક્રિયા. ભવનો ઓઢેલો
અંચળો ફેંકી દઈને, ભગવાનની ભાવનાના તાણાવાણાવાળી
વિશુદ્ધ પછેડી ઓઢવી તે. તે પછેડી તે સર્વવિરતિપણું.
સ્વભાવ દશા ઉઘડતી જાય, તેમ તેમ તે પછેડી પણ
ખસતી જાય અને પરિણામે સ્વભાવમગ્નતા પ્રગટે.

<u>મહા સુદી ૯, બુધવાર</u>

વિષયોમાં ઈષ્ટાનિષ્ટપણાની કલ્પના આત્માને રાગ-દ્વેષનો
રંગ બનીને કર્મબંધ કરાવે છે, તેથી તેને નિગ્રહ વડે અને
પ્રારબ્ધ કર્મના સમતાપૂર્વકના ઉપભોગ વડે નિવારવા.
કર્મકૃત પર્યાયોને ટાળવા સર્વ જીવોને સમાનપણે જોવાથી
જીવો પ્રત્યે વિષમબુદ્ધિ નિવારી શકાય.

સર્વત્ર કર્મનું પ્રાબલ્યપણું વિચારવાથી સમત્વ કેળવી શકાય.
સમત્વ થતાંની સાથે જ આત્મામાં પરમાત્માનું સ્વરૂપ
દેખાઈ આવે છે, જે દેખાયા પછી વિષયો પ્રત્યેની
વિરક્તિ અને જીવો પ્રત્યેનું સમત્વ સહજ બને છે.
ઈશ્વર = સર્વ સમર્થ પરમાત્મા. 'પ્રણિધાન' શબ્દનો અર્થ:
પ્ર = અતિશય, નિ = પરિપૂર્ણપણે, ધાન = સ્થાપન.

## 'ઈશ્વર પ્રણિધાન' એટલે શું?

પોતાની જાતનું પરમાત્મામાં અત્યંત અને પરિપૂર્ણપણે સ્થાપન કરીને તથા તન - મન - વચનપૂર્વક સંપૂર્ણ જાતને ઈશ્વરમાં છેવટની પૂર્ણપણે સમર્પી દેવા તે. ઈશ્વરને જાત સોંપી દેવી, અત્યંત અને પૂર્ણપણે દાન દઈ દેવું તે લક્ષણ છે, એમ જાણ્યા બાદ પ્રવૃત્તિ થઈ શકે. 'જાતમાં ઈશ્વરનો ન્યાસ' એ અર્થ કરવાથી આત્મા એ જ પરમાત્મા અને 'પરમાત્મામાં જાતનો ન્યાસ' એ અર્થ કરવાથી પરમાત્મભક્તિનો સિદ્ધાંત ફળે છે. વિવેકની દૃષ્ટિએ સાધકે શરૂઆતમાં પહેલો અર્થ લેવો, બીજો નહીં.

'તેનો હું' અને 'તે જ હું'
આ બે વાક્યોના અર્થમાં ભેદ છે,
તેમ તદનુકૂળ જીવનસરણીની રચનામાં પણ મહાન ભેદ છે.
'તેનો હું છું' એ અર્થનો સ્વીકાર કરવાથી
પરમાત્મામાં પરમ ભક્તિ ફળે છે.

જ્યાં પૂરો પ્રેમ નહિ, ત્યાં કદાચ ત્યાગ હશે પણ તેમાં નિઃસંગતા ન હશે, કચવાટ હશે અને પ્રસન્નતા ન હશે, દુભવણ હશે પણ વાસ્તવિકતા ન હશે. પ્રસન્ન અને નિઃસંગ, પ્રફુલ્લ અને વાસ્તવિક ત્યાગ પૂર્ણપ્રેમની અપેક્ષા રાખે.

પ્રેમ વિના ભક્તિ નહિ, તેમ વિશ્વાસ વિના પ્રેમ નહિ.
પ્રેમ જ્ઞાનજન્ય અને જ્ઞાનાશ્રય છે. જ્ઞાન વસ્તુ માંગે છે,
શોધ ચાહે છે. જ્ઞાન આસ્તિકમૂલક છે. સૂક્ષ્મ ચીજ પણ
સૂક્ષ્મતાને લઈને જણાતી ન હોય, તોય તે ટળતી નથી.

સૌ પહેલાં 'ઈશ્વર છે' એવો નિશ્ચય થવો જોઈએ.
આસ્તિકબુદ્ધિને શ્રદ્ધા અથવા સર્વ ભદ્રની માતા કહી છે.

શ્રદ્ધા એ જ ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં
ઉપયોગી, માર્ગદર્શક ભોમિયો અને ગુરુ છે.
જેની પાસે શ્રદ્ધા છે, તેને જ સાચું જ્ઞાન થાય છે.
સત્યજ્ઞાન આસ્તિકની અપેક્ષા રાખે છે.

શ્રદ્ધા-બુદ્ધિને વિરોધ નથી, બુદ્ધિનો બળવો અસત્ય માટે થાય છે. શ્રદ્ધા પણ સત્ય છે. બંડખોર બનેલી બુદ્ધિનું બંડ પ્રામાણિક શ્રદ્ધાથી જ શમે છે. તત્ત્વનો પક્ષપાત પણ બુદ્ધિનો સ્વભાવ છે. બુદ્ધિ લડે છે, તે પણ સત્યને ખોળવા માટે જ. સત્ય બુદ્ધિનો પ્રાણ છે. સત્ય સાથે બુદ્ધિનો યોગ થાય છે, ત્યારે બુદ્ધિ જ શ્રદ્ધા સ્વરૂપિણી બની જાય છે. સત્ય પક્ષપાતીની બુદ્ધિ તો પોતાના આત્માની અસ્તિ કરતાં ય વધારે નિશ્ચલ શ્રદ્ધા ઈશ્વરની અસ્તિ વિષે રાખશે જ. શ્રદ્ધાવાન પુરુષ એ પૂજનીય છે, કેમકે શ્રદ્ધા પોતે પૂજનીય છે.

શ્રદ્ધાવાનને ઈશ્વર પ્રાપ્તિમાં વિલંબ નહિ.

'શ્રદ્ધા પછી વિશેષ જ્ઞાન જોઈએ છે'

શ્રદ્ધા માત્ર સામાન્ય જ્ઞાન છે, પ્રવૃત્તિ માટે વિશેષ જ્ઞાન જોઈએ.

શાસ્ત્રો પણ ઈશ્વરનો સામાન્ય બોધ કરાવે છે,

વિશિષ્ટ બોધ સાધનાની અપેક્ષા રાખે છે.

વિશિષ્ટજ્ઞાન = સ્વરૂપ, ગુણ, કર્મ, ધર્મ વગેરેનું જ્ઞાન.

'તે સચ્ચિદાનંદ છે' એમ શબ્દોનો નિર્દેશ છે.

આ છે પરમાત્માનું સ્વરૂપ અને ધર્મ.

પરમાત્મા સૌને જાત કરતાં વધારે વહાલાં હોય જ છે,

પણ અજ્ઞાન દશામાં તે સમજાતું હોતું નહિ.

પૂર્ણાનંદમય હોવાથી તે પ્રિયતમ છે.

સંબંધના જ્ઞાનમાંથી પ્રેમ, તેમાંથી પરવશતા અને

પરવશતામાંથી આરાધના પેદા થઈ જાય છે.

ઈશ્વરારાધના જીવનું રસાયણ છે.

પ્રેમપાત્રના સુખે સુખી થવું એ પ્રેમની મુખ્ય ચાલ છે.

પ્રેમમાં મારાપણાનું વિસ્મરણ, તારાપણાનું સંસ્મરણ છે.

'તું જ છે અને હું નહિ'

એવી પૂર્ણ સભાન દશામાં અહંતા-મમતાનું વિસર્જન

અને તું-તારાપણાનું સર્જન હોય છે.

મહા સુદી ૧૦, ગુરુવાર

'નમસ્કારભાવ' એટલે આત્મભાવની સર્વોપરિતાનો સ્વીકાર અને અનાત્મભાવનો તિરસ્કાર.

'મારું ભવદુઃખ ટળો' એ અનિષ્ટવિયોગ ચિંતારૂપ આર્તધ્યાન, 'મને મોક્ષસુખ મળો' એ ઇષ્ટસંયોગ ચિંતારૂપ આર્તધ્યાન અથવા રોગ, ચિંતા અને અગ્રશૌચરૂપ આર્તધ્યાનની સાથે સાથે તેના ઉપાયનું ભાન પણ હોય કે 'સર્વ સાથે આત્મસમદર્શિત્વરૂપભાવ આવ્યા વિના મોક્ષ થતો નથી', તો તે આર્તધ્યાનરૂપ મટી ધર્મધ્યાનરૂપ બની જાય, કેમકે પછી કેવળ પોતાના જ નહિ, પણ સર્વના ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિપરિહારરૂપ શુભાત્મ ચિંતા જાગૃત થાય છે.

o અરિહં + તાણં = પરમેષ્ઠિભાવમાં મનનો વિસ્તાર.

તન વિસ્તાર અર્થમાં છે અને તેના ઉપરથી 'તાન' શબ્દ બને છે, તેથી 'નમો' વડે મનરૂપી તેલના ટીપાને 'અરિહંત' પરમાત્મારૂપી જળમાં ઝબોળવાથી સર્વાત્મભાવમાં વિસ્તરી જાય છે, સ્વાર્થભાવમાં સંકોચાઈ જાય છે. મનરૂપી તેલના ટીપાને અરિહંતરૂપી જળમાં નમાવવાની-નાંખવાની ક્રિયા 'નમો' પદ વડે થાય છે, પછી તેના સ્વભાવ વડે તે મનરૂપી તેલ અરિહંતભાવમાં-સર્વાત્મભાવમાં 'તાન' એટલે કે વિસ્તરી જાય છે, તન્મય બની જાય છે.

ताणं + आणं + प्रमाणं। આ સૂત્રનો ભાવાર્થ થશે કે:

તે અરિહંતોની ક્રિયા + જ્ઞાનના સમુચ્ચયની સાધનારૂપી આજ્ઞા સિદ્ધ હોવાથી મને પ્રમાણ છે, માન્ય છે અને હું એને યથાશક્તિ આચરણમાં ઉતારવા તત્પર થાઉં છું.

अरिहंताणं = અરિહંતોની અને सिद्धाणं = સિદ્ધ આજ્ઞા

આચારપાલનની, શ્રુતાધ્યયનની સાધના યોગ્ય છે,

તે વાત મને મંજુર છે.

તે પ્રમાણભૂત હોવાથી ત્રિકાલાબાધ્ય સર્વ જીવોને શુભ કરનારી છે, અને પણ હું શ્રદ્ધાપૂર્વક સ્વીકારું છું.

साहू + आणं = साहूणं। સાધુઓની આજ્ઞા.

અરિહંતોની આજ્ઞા કેવી છે?

सिद्धाणं = સિદ્ધ છે.

आयरियाणं = આચારપ્રધાન છે.

उवज्झायाणं = અધ્યયનપ્રધાન છે.

साहूणं = સાધનાપ્રધાન છે.

શ્રુતાધ્યયન પ્રધાન અને આચારની સાધનાપ્રધાન એવી અરિહંતોની આજ્ઞા મને પ્રમાણ છે, તેને નમસ્કાર થાઓ.

અહીં પંચપરમેષ્ઠિને નમસ્કાર થવા સાથે તેમની આજ્ઞાને પણ નમસ્કાર થાય છે.

સાધનાની સફલ સામગ્રીઓ પ્રત્યે એક સાથે આદર
જણાવાય છે. 'અરિહંત, સિદ્ધાદિ પોતાના આત્માનાં જ પાંચ
ભાવિ પર્યાયોને હું નમસ્કાર કરું છું' એ અભેદ નમસ્કાર
'એસો પંચનમુક્કારો' સહજમલરૂપી પાપનો નાશ કરે અને
તથાભવ્યત્વના પરિપાકરૂપી સર્વશ્રેષ્ઠ મંગલની પ્રાપ્તિ કરાવે.

० 'સુમતિનાથ ગુણ શું મિલી જી, વાધે મુજ મન પ્રીતિ જી.
તેલ બિન્દુ જેમ વિસ્તરે જી, જલમાંહે ભલી રીતિ જી.'

તેલ જેમ સ્નિગ્ધ છે, તેમ મનમાં 'નમો' પદાર્થ
ઉત્પન્ન થાય છે, તે પ્રીતિરૂપ હોવાથી સ્નિગ્ધ છે.
પ્રભુમાં તે પ્રીતિ મળવાથી વધતી જાય છે,
એટલે પ્રભુના ભાવ જેટલો ભાવ વધતો જ જાય છે.

મહા સુદી ૧૧, શુક્રવાર

'નમો' = ન મમ, અરિહંતાણં = અરિહંતોનું.
મારું કાંઈ નહિ, બધું અરિહંતોનું છે.
એ રીતે બધું સિદ્ધોનું, આચાર્યોનું, ઉપાધ્યાયોનું અને
સાધુ ભગવંતોનું છે પણ મારું કાંઈ નહિ.

મને પ્રાપ્ત થયેલ ક્ષયોપશમ ભાવ પણ મારો નહિ,
અરિહંતાદિનો છે, કેમકે તેમના આલંબને મળેલો છે.
મને પ્રાપ્ત થયેલ શુભ ઔદયિકભાવ, પુણ્ય પ્રકૃતિઓના

ઉદય પણ મારા નહિ. એમના આરાધનના-આલંબનના
પ્રભાવે તે પ્રાપ્ત થયા છે તેમના છે, તેથી ઔદયિકભાવ
કે ક્ષયોપશમભાવ ઉપર હુંપણાની કે મારાપણાની બુદ્ધિનો
હું ત્યાગ કરું છું અને તે એમના પ્રભાવે પ્રાપ્ત થયેલ છે,
તેમને મન-વચન-કાયાથી સમર્પણ કરું છું.

o સર્વાત્મભાવ વડે દેહાત્મભાવનો નાશ થાય છે અને
દેહાત્મભાવના નાશ વડે વિષયાત્મભાવનો નાશ થાય છે.
દેહાત્મભાવ ટળ્યા વિના વિષયાત્મભાવ ટળે નહિ.
'વિષયાત્મભાવ' એટલે વિષયો મારા છે અને હું એનો છું,
એવી વિકલ્પ કલ્પિત મિથ્યાભાવના.

જ્યાં સુધી દેહાત્મભાવ ઊંડો છે, ત્યાં સુધી એ ભાવના
તદવસ્થ રહે છે, કેમકે દેહ પણ એક વિષય છે.
જ્યાં સુધી તેમાં હું અને મારાપણાની બુદ્ધિ રહે, ત્યાં
સુધી તે દેહને અનુકૂળ વિષયોમાં બુદ્ધિ રહેવાની જ.

વિષયોની અસારતા કે વિપાકકટુતા અથવા તો
શરીરની ક્ષણભંગુરતા અને આત્મભિન્નતાનો વિચાર
ગમે તેટલો કરવામાં આવે, પણ જ્યાં સુધી સર્વ જીવો
સાથે રહેલા અભિન્નતાનો વિચાર કરવામાં ન આવે,
ત્યાં સુધી વિષયાત્મભાવ મૂળમાંથી જઈ શકતો નથી.

મહા સુદી ૧૨, શનિવાર

વિષયોના નિર્ગુણતાના વિચારથી વિષયસંગથી દૂર રહેવાની પ્રેરણા મળે છે, પણ વિષયોનો રસ જવા માટે સત્સંગરસ જોઈએ છે, તેના સાથે અભેદ સાધવો આવશ્યક છે.

જગમાત્રની સાથે અભેદબુદ્ધિનું ભાવન જેમ જેમ વધતું જાય, તેમ તેમ દેહની સાથેનો સંબંધ તૂટતો જાય છે. દેહનો સંબંધ ઘટવાથી વિષયોના સંબંધનો અંત આવે છે.

વિષયવિરાગ અને ગુણાનુરાગ

એ બે વડે જ સાધના અપ્રમત્ત બને છે.

વિષયવિરાગ વડે કષાયભાવ ટળે છે અને

ગુણાનુરાગ વડે અપ્રમત્તભાવ મળે છે.

બંને સાધના એકસાથે આવશ્યક છે.

અધિકાર મુજબ ક્રમથી પણ તે થઈ શકે છે.

પંચપરમેષ્ઠિની આજ્ઞાનો મહિમા

અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓની

આજ્ઞાને કરેલો નમસ્કાર

સર્વ પાપનો સમૂલ નાશ કરે.

એ નમસ્કાર સર્વ મંગળોમાં પહેલું મંગળ છે.

આજ્ઞા તે આજ્ઞા છે, તેમાં તર્ક કે દલીલને અવકાશ નથી.

જે આજ્ઞાની મર્યાદામાં રહે તેનું કલ્યાણ છે,
જે આજ્ઞાનો ભંગ કરનારને શાસન છે, શિક્ષા છે.
આજ્ઞા ત્રાણ પણ કરે અને શાસન પણ કરે છે.
આજ્ઞા પાલન કરનારનું ત્રાણ કરે છે તથા
વિરુદ્ધ વર્તનારનું શાસન કરે છે.
આજ્ઞા અકૃત્રિમ, અનાદિનિધન, ભૂતહિતકર,
ભૂતભાવન, સત્ય, અવિતથ અને અમિથ્યા છે.
તેનાથી સર્વ પદાર્થો જણાય છે અને
યથાયોગ્ય આચરણ થાય છે.
આજ્ઞાને આધીન સમગ્ર વિશ્વ છે,
ઇંદ્રાદિ દેવોને પણ તે આજ્ઞા નમનીય છે.
આજ્ઞા પ્રત્યેનો આદર પણ પાપનાશક છે, અનાદરનો અંશ
પણ ઘાતક છે. સૂર્ય-ચંદ્ર નિયમિત ફરે છે, પૃથ્વી
નિરાધાર ટકી છે, એ આજ્ઞાનો આદરથી નમસ્કાર છે.
અરિહંતોની આજ્ઞા વિશ્વમૈત્રીભાવની છે,
સિદ્ધોની આજ્ઞા સમદર્શિત્વની છે,
આચાર્યોની આજ્ઞા સદાચારપાલનની છે,
ઉપાધ્યાયોની આજ્ઞા શ્રુતાધ્યયનની છે,
સાધુઓની આચારપાલન અને શ્રુતાધ્યયન સહાયની છે.

એ પાંચ પ્રકારની આજ્ઞાના પાલનમાં મંગલ છે,
વિરુદ્ધ વર્તનમાં અમંગલ, પાપ, દુર્ગતિ અને ભવભ્રમણ છે.
આ આજ્ઞા અનાદિસિદ્ધ છે, કોઈ તેમાંથી છટકી શકતું નથી.
આજ્ઞાની સિદ્ધિમાં મુક્તિ છે, અસિદ્ધિમાં બંધન છે.

તેમાં તર્ક કે દલીલને અવકાશ નથી,
કાં તો આજ્ઞાનું આરાધન કરી અને સુખ પામો,
કાં તો તેનું વિરાધન કરી અને દુઃખ પામો.
ત્રીજો કોઈ માર્ગ છે જ નહિ.
આજ્ઞામાં મધ્યસ્થ રહેવું તે પણ
આજ્ઞાની સામે થવા બરાબર - ગુન્હો છે.
તેને તો નમે જ છુટકો. જે ન નમ્યો તે ગયો, નમ્યો તે રહ્યો.
એ રીતે સનાતન અને શાશ્વત આજ્ઞા પ્રત્યે
સદા નમનશીલ રહેવાનું શીખવનાર મંત્ર એ મહામંત્ર છે.

ધ્યાનશતકમાં કહ્યું છે કે:

सुनिउणमणाइनिहणं भूयहियं भूयभावणमहग्घं ।
अमियमजियं महत्थं महाणुभावं महाविसयं ॥४५॥

(પરિશિષ્ટ-૧૬)

ૐમાં 'નમો' અને 'નમો'માં ૐ સમાઈ જાય છે.
'નમો' અને ૐ સંસાર-બંધનના ઉચ્છેદક સમાન છે.

'મો' અક્ષરને ઉલટાવવાથી ૐ ધ્વનિ પેદા થાય છે.
ૐ ધ્વનિને આલેખવાથી 'નમો' પદ પ્રકટે છે,
કેમકે ન + ઓં મળીને ૐ આકૃતિ બનેલી છે,
તેથી ૐ અને 'નમો' બે પદાર્થ એક જ છે.
'ૐ નમઃ' મંત્ર પણ તેમાંથી જ ઉત્પન્ન થાય છે.
ૐ એ શ્રી પંચપરમેષ્ઠિવાચક પદ છે.
તેને નમસ્કાર અને તેમની આજ્ઞાને નમસ્કાર
એ જ કર્મના લીધેલા બંધનમાંથી છૂટવાનો આનંદ ઉપાય.
શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની આજ્ઞાને નહિ માનવાથી જ
જીવ ભવભ્રમણ કરે છે. તેમની આજ્ઞા એટલે સર્વાત્મભાવ
અને પરમાત્મભાવને પામવા માટે આચાર અને જ્ઞાનને
જીવનમાં સાધવાની આજ્ઞા છે. સર્વ જીવો આત્મતુલ્ય છે,
એવા ઉપદેશના જ્ઞાન મુજબ જીવનમાં વર્તન કરવું.
તે સાધના સર્વાત્મભાવ સ્થિર કરે છે. તે સ્થિર થતાં
જ પોતાના આત્મામાં પરમાત્માના દર્શન થાય છે અને
સર્વ આત્મા પરમાત્મતુલ્ય લાગે છે એ જ્ઞાન પાછું પોતાના
આત્મામાં રમણ કરાવનારું વર્તન લાવી આપે છે અને
'आत्मानमधिकृत्य यः पंचाचार चारिता'રૂપી
એવંભૂતનયના અધ્યાત્મને મેળવી આપે છે.

મહા સુદી ૧૩, રવિવાર

વસ્તુના અનેક ધર્મોમાં ઉપકારિત્વ, અનુઉપકારિત્વ,
અપકારિત્વ વગેરે પણ રહેલા જ છે. પરિણામ વિશુદ્ધિ
માટે ઉપકારિત્વ અંશને આગળ કરવો જ રહ્યો.
ચિત્તવિશુદ્ધિ એ ધર્મ અને ચિત્તસંક્લેશ એ અધર્મ છે.

સંક્લેશ નિવારી વિશુદ્ધિ પેદા કરવા
વસ્તુમાં રહેલો ઉપકારિત્વ ધર્મ અને
પોતામાં રહેલ અપકારિત્વ ધર્મ
આગળ કરવાથી જ
સાચા ખમતખામણા અને હિતચિંતા થઈ શકે.

વ્યવહારધર્મના મૂળમાં પરહિતચિંતા રહેલી છે.
નિશ્ચયધર્મના મૂળમાં સ્વાત્મહિતચિંતા રહેલી છે.
વ્યવહારની પરિણતિ જ નિશ્ચયની યોગ્યતા અર્પે છે.

સર્વાત્મભાવની આરાધના એ કર્મયોગ છે,
તેથી ચિત્તનો મળ દૂર થાય છે.
પરમાત્મભાવની આરાધના એ ભક્તિયોગ છે,
તેથી ચિત્તનો વિક્ષેપદોષ દૂર થાય છે.
જીવાત્મભાવની આરાધના એ જ્ઞાનયોગ છે,
તેથી આવરણ ભંગ થાય છે.

જીવોને આત્મતુલ્ય માની તેમની સાથે આત્મતુલ્યવર્તનરૂપી
અધ્યાત્મ એ વ્યવહાર અને ઋજુસૂત્રનયનું અધ્યાત્મ છે.
'પોતે અને સર્વનો આત્મા પરમાર્થથી પરમાત્મતુલ્ય છે'
એમ માનીને પોતાના આત્મામાં જ
પંચાચારના પાલનરૂપી અધ્યાત્મ એ
શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનયનું અધ્યાત્મ છે.
અધ્યાત્મમાં ચિત્તવિશુદ્ધિ અને યોગવિશુદ્ધિ જોઈએ.
ચિત્તની વિશુદ્ધિ જેમાં પ્રધાન અને
યોગની વિશુદ્ધિ તેનાં કારણરૂપ હોઈ ગૌણ છે,
તે વ્યવહાર અને ઋજુસૂત્રનયનું અધ્યાત્મ છે.
ચિત્તની વિશુદ્ધિ જેમાં કારણ છે અને
યોગની વિશુદ્ધિ જેમાં મુખ્ય છે
તે શબ્દ, સમભિરૂઢ, એવંભૂતનયની દૃષ્ટિએ અધ્યાત્મ છે.
આ રીતે નય વિભાગને યથાર્થપણે સમજી, સ્યાદ્વાદ દૃષ્ટિથી
સમન્વય સાધીને જે કોઈ સ્વરૂપમાં વિશ્રાંત થવાના
પ્રયત્નમાં લીન થાય છે, તે અધ્યાત્મનું ભાજન થાય છે.
સર્વ જીવો હિતચિંતાનું આલંબન પૂરું પાડતા હોવાથી
તેઓ નિશ્ચયથી માનનીય, વંદનીય, આદરણીય છે.
તેમની હયાતિ સ્વરૂપલક્ષ્યમાં નિમિત્ત બનવાથી નમનીય છે.

સૌ જીવો ઉપકારદૃષ્ટિ અને ગુણદૃષ્ટિએ જોવાલાયક છે.
સર્વ જીવોને ગુણદૃષ્ટિએ ન જોવાથી કૃતઘ્નતા ટકી રહે છે.
આપણો ઉપકાર કરનારને પણ ઉપકારી તરીકે ન જાણે;
જ્યારે આપણો ઉપકાર ન કરનારને પણ
ઉપકારમાં નિમિત્ત બનનાર ગણી ઉપકારી જાણે છે.

મહા સુદી, ૧૪

જેમ જળમાં પડેલું ઘીનું ટીપું સંકોચાતું જાય છે,
તેમ મનરૂપી જળમાં પડેલું 'નમો' રૂપી ઘીનું ટીપું
વિષયોની વાસનાથી સંકોચાઈ જાય છે.
'નમ' સ્નેહવાળું હોઈ તેલ-ઘીના બિંદુની ઉપમા યોગ્ય છે
અને મન એ જળના સ્થાને છે.
'નમો' પદ દાનાર્થે, આત્મત્યાગાર્થે તથા પૂજનાર્થે પણ છે,
તેથી 'નમો' પદ વડે પરમેષ્ઠિઓની
ભાવપૂજા, સન્માનદાન અને આત્મવિસર્જન સધાય છે.
એવો સાચો નમસ્કાર સર્વ અર્થોની સિદ્ધિ કરે છે.
દેવ-ગુરુ-ધર્મના ધ્યાનથી મન બદલવા તરફ મુખ્ય
લક્ષ્ય આપવું જોઈએ. આશ્રયને કાયા સોંપવામાં અલ્પ
ફળ છે, મન સાથે કાયા સોંપવામાં ફળ અનંત છે અને
તેનાથી આશ્રય જ આપણો સ્વભાવ થઈ જાય છે.

## દેવ-ગુરુ-ધર્મને મન સોંપવાથી

આત્માના દોષો આપોઆપ નાબૂદ થવા લાગે છે.
ચૈતન્યની જ્યોત પ્રતીતિ જ્યારે સ્વભાવ જ બની જાય,
ત્યારે તેની અપાર શક્તિ પ્રગટ થાય છે.
દેવ-ગુરુનું ધ્યાન એવી અદ્ભુત ચીજ છે કે
જો તે કરવામાં આવે અને તેમાં મન લીન થાય,
તો મનના ઘણા દોષો દૂર થવા લાગશે અને
એ જ મન કલ્યાણગામી બની જાય છે.
વિષયોનું સ્મરણ એની મેળે થાય છે,
દેવ-ગુરુનું સ્મરણ આપોઆપ થતું નથી પણ
જ્યારે દેવ-ગુરુના સ્મરણમાં રસ પડી જાય છે,
ત્યારે વિષયો આપોઆપ ટળે છે.
વિષય ટળે એટલે સંસાર આપોઆપ ગયો.
એક વસ્તુ વધારે ગમે એટલે બીજી પર અભાવ થાય જ.
દેવ-ગુરુ ગમ્યા એટલે વિષયો પર અભાવ આવવાનો જ.
આચારાંગમાં એ માટે સ્પષ્ટ પાઠ છે. માટે મન ઉપર
ચોકી મૂકવાથી વિષયોની નીરસતા અને અસારતા સમજાય,
પરંતુ સાથે સાથે રસ પણ મળવો જોઈએ અને તે
દેવ-ગુરુમાંથી મળે છે. ભગવાન ઉપર રસ કેળવવો અને
વિષય-કષાયોની અસારતા માટે ભાવના પણ ભાવવી.

પાંચ ઈંદ્રિયોના વિષયો અચિત્ત વસ્તુ છે કે
સર્વ કલ્યાણની ભાવનાને બાધા ન આવે છતાં
તે વિષયો મનને અતિ મલિન કરે છે.

એને નિવારવા માટે ૧૨ ભાવનાની તેટલી જ જરૂર છે.
આત્મા બહિરાત્મભાવમાં જાય તો આત્મઘાત થાય છે.
સર્વના કલ્યાણની ભાવના સાથે આત્માને દોષમુક્ત થવાની પ્રાર્થના પણ જોઈશે. પરંતુ આપણી જાતને ભગવાન દોષમુક્ત કરે તેવી પ્રાર્થના કરવી જોઈએ. આપણે દોષવાળા હોઈને જગતને નિર્દોષ બનાવવાની જ વિચારણા કરીએ તો આપણી શક્તિ પાછી પડે. એટલે ભગવાન આપણને અને જગતના જીવોને પણ વિશુદ્ધ કરે એવી બેવડી પ્રાર્થના આપણે કરવી જોઈએ.

પ્રાર્થના સાથે પરમાત્માનું ધ્યાન તો જોઈશે જ.
એક રસ ત્યારે જ બરાબર છૂટે જ્યારે બીજો રસ જાગે.

जं इच्छसि अप्पणं तो जं च णिच्छसि अप्पणं तो।
तं (जं) इच्छ परस्सवि मा, एत्तियग्गं जिणसासणयं॥

- બૃહત્કલ્પ ભાષ્ય

અર્થાત્: જો તું તારે માટે ચાહે છે, એ બીજાઓને માટે પણ ચાહ. જો તું તારે માટે નથી ઈચ્છતો, એ બીજાને માટે પણ ન ઈચ્છીશ. બસ, જિનશાસન આટલું જ છે.

'આચારાંગ સૂત્ર'માં ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે:
'વિષયો જ સંસાર છે, તે ભૂલાય એટલે સંસાર ગયો
અને તરત મુક્તિ મળી જ જવાની!'
માટે ભગવાન ઉપર રસ કેળવવો જોઈએ અને
વિષયોમાં નિરસપણાની ભાવના કરવા જોઈએ.
મનમાં ક્રોધ-માન-માયા-લોભ-મોહ એટલા ભર્યા છે કે
જ્યારે એનું નિરાકરણ કરીએ, ત્યારે જ ખબર પડે કે
પરમાત્મા કેમ મળતા નથી અને સંસાર કેમ ટળતો નથી?
માનસિક જગતમાં પ્રેમને દૃઢ કરવો જોઈએ. અરિહંતો
માનસિક જગતમાં વિશ્વકલ્યાણની ભાવના નિર્માણ કરે છે.
અહિંસાની જોડી વ્યાખ્યા છે:
નિષેધાત્મક = હિંસાત્યાગરૂપ, વિધેયાત્મક = સર્વ મૈત્રીરૂપ.
દુર્ગતિનાં દુઃખ દૂર કરવાં એ પણ એક પ્રકારે દેહભાવના જ છે.
એથી દુર્ગતિ અટકે છે, પણ હૃદયનો વિકાસ થતો નથી.
આત્મભાવ હજુ આવ્યો નથી. જગતના જીવો પ્રતિ
સ્વાર્થપરાયણ એવી દેહભાવમાં જ ડૂબેલા લોકોને
'દુઃખો જાય માટે પણ ધર્મ કરો' એમ કહેવાય છે.
ભાવ બધામાં પ્રધાન ગણાયો છે.
'ભાવ' એટલે ભાવના, કોઈપણ કાર્ય હૃદયપૂર્વક કરવું
જોઈએ પછી તે દયા, દાન અથવા તપ ગમે તે હોય.

સર્વોત્કૃષ્ટતાની ભાવના પણ એના મન ઉપર સિદ્ધ થાય છે.
દોષોને ટાળવાની અને ભક્તિની બંને પ્રાર્થના જોઈશે.
ભક્તિ પણ બળ દોષોને ટાળવામાં બહુ સહાય કરે છે.

## મનના સંકલ્પનું બળ

'થાય તો સારું' કે 'થશે તો સારું' એ સંકલ્પ નહિ.
'[illegible] લોગો મારે કરવું છે જ, મેળવવું છે જ'
એવા નિરંતર વિચારનું નામ જ 'સંકલ્પ' છે.
પ્રબળ વિચાર એ સંકલ્પ છે. આપણો સંકલ્પ મોટેભાગે
પાંચ ઇંદ્રિયોના અનુકૂળ વિષયોને ભગતો જ રહેય છે.
મન અનંત છે, એની અગાધ કળા છે,
એના પારને પામી શકાતો નહિ.
એ ધારે તે કરે છે, એને કામ સોંપવું જોઈએ,
પછી સંસાર સોંપો કે મોક્ષ, તે ઝટ થઈને ઊભું કરી દે છે.
મનની શક્તિ અને મર્યાદાનો પાર પામવો મુશ્કેલ છે,
કારણકે એ અનંત છે, એને માટે અશક્ય કાંઈ જ નહિ.
માટે બહાર જે જોઈતું હોય, તે મનમાં દૃઢપણે ઊભું કરો.
પછી કેમ કરવું તે મન સંભાળી લેશે.
જે જોઈએ તેના દૃઢ-પ્રબળ ઇચ્છા એવા વિચારો રચો.
મનમાં જે થશે તે બહાર આવશે જ, માટે મનમાં ગોઠવો.

## સર્વકલ્યાણ ભાવનાનો ઉપક્રમ

ભાવના એ સાધન અને સ્વરૂપમાં લીનતા એ સાધ્ય છે.
અરિહંતધ્યાનમાં પરોપકાર ભાવના ભાવવાની જ છે.
પરમાત્માનું ધ્યાન તો જોઈશે જ, કારણકે એક રસ ત્યારે
જ બરાબર છૂટે કે જ્યારે બીજો રસ પ્રબળતાથી જાગે.
બધું સર્વકલ્યાણ ભાવના માટે જ છે એ કરતાં આત્માને
આત્મભાવમાં સ્થાપવા માટે છે, એ વાત વધુ ઉચિત છે.
આત્માની આત્મભાવમાં સ્થાપના = પરમાત્મપદની પ્રાપ્તિ.
અરિહંતાદિમાં રસ ચોંટાડવા સર્વકલ્યાણભાવ ઉપકારી છે.

આત્મા પુદ્ગલથી અલગ છે.

ઇંદ્રિયોના સુખ-દુઃખથી એને કંઈ જ લાભ-હાનિ નથી.
આ પ્રમાણે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં આત્મલીનતા
સિદ્ધ કરવા ૧૨ ભાવનાઓની જરૂર પડશે જ.

ગોળ ખાવો ગમે છે, કરિયાતું ગમતું નથી.
આમાં કંઈ કલ્યાણભાવને બાધા આવતી નથી,
પણ ત્યાં આપણે આત્મા મટીને ઇંદ્રિય બનીએ છીએ
માટે એક ગમે અને બીજું ગમતું નથી.
આ આત્મભાવના ત્યાગનું જ નામ
'આત્મઘાત' અને 'બહિરાત્મદશાના સંસ્કાર'.

ગોળ આકૃતિનું ધ્યાન કરવાથી સર્વ વસ્તુઓને સર્વ પ્રકારના
દૃષ્ટિબિન્દુથી જોવાની મનમાં રહેલી શક્તિની વૃદ્ધિ થાય છે.
આકૃતિઓના ધ્યાનથી અમુક પ્રકારનાં જ ફળ થવાનું
કારણ એ છે કે પ્રત્યેક માનસિક ચિત્ર અથવા પ્રતિમા
એ કોઈ વિચારની વિકૃતિ અગર સ્વરૂપ હોઈ,
એ વિચારના સ્વરૂપને પ્રકાશિત કરે છે.
આકૃતિ, ધ્વનિ, રંગના મૂળ પર્યંત શોધ ચલાવતાં,
જે વાસ્તવિક આંદોલનોમાંથી તે ઉત્પન્ન થાય છે,
તે આંદોલનો પર્યંત આપણે આવીએ છીએ ત્યારે
આકૃતિને પ્રગટાવનાર સામર્થ્ય આપણને પ્રત્યક્ષ થાય છે.
તે સમયે જે ઇચ્છીએ, તે સામર્થ્ય આપણને આપે છે.
પ્રત્યેક બાહ્યઆકૃતિ અથવા પદાર્થ
કોઈ આંતરવિચારનું જ સંકેતચિહ્ન હોય છે.
શ્વેત ગોળો શુદ્ધિ અને પૂર્ણતાને જણાવે છે.
શ્વેત રંગમાં બધા રંગો અવિરોધપૂર્વક મિશ્ર થયા હોય છે.
પ્રત્યેક દિશામાં પૂર્ણતા હોવાનો તેનો પ્રધાન ગુણ છે.
0 આ નમસ્કારને ગણનારો દરિદ્ર ન હોય.
'દરિદ્ર' એટલે કૃપણ.
પોતાની પાસે હોય તે વસ્તુ ન તો ભોગવે, ન કોઈને આપે.

મહા સુદી, ૧૫

નવકાર સાધના : દ્રવ્ય - ભાવથી સમૃદ્ધિ

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો મૈત્ર્યાદિ ભાવથી ભરેલા છે.
શ્રી અરિહંતો મૈત્ર્યાદિ ભાવોના
આદ્યપ્રચારક, ઉત્પાદક અને વિશ્વમાં વહેતો મૂકનારા છે.
શ્રી સિદ્ધ ભગવંતો તે ભાવને સિદ્ધ કરનારા છે.
આચાર્યો તે ભાવને આચરણમાં મૂકવા-મૂકાવવા પ્રયત્ને છે.
શ્રી ઉપાધ્યાયો તે ભાવને વિકસાવનારા
શાસ્ત્રોને ભણનારા - ભણાવનારા છે.
શ્રી સાધુ ભગવંતો તે ભાવને સાધનારા છે.
મૈત્ર્યાદિ ભાવથી વાસિત અંતઃકરણવાળાને પુણ્ય ન ખૂટે.
તેઓને નવું પુણ્ય ધોધબંધ આવ્યા જ કરે છે,
તેથી તેઓનું દ્રવ્યદારિદ્ર્ય પણ ટકતું નથી.
દ્રવ્ય અને ભાવ ઉભયથી તેઓ સદા ય સમૃદ્ધ રહે છે.
તેથી જ શ્રી નવકારને ગણનારો કદી દરિદ્ર હોતો નથી.
જેઓને સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યદૃષ્ટિ સિદ્ધ થઈ છે,
તેવા વીતરાગ પુરુષોનું ધ્યાન અરાગદ્વેષતા પેદા કરે છે.
આવી દૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ નથી, તેનું ધ્યાન રાગદ્વેષાદિ
દોષોની વૃદ્ધિ કરે છે. એટલા માટે જ શ્રી જૈનશાસનમાં

વીતરાગનું ધ્યાન, પૂજન, દર્શનાદિનું વિધાન કર્યું છે અને રાગીનું સર્વથા નિષિદ્ધ કર્યું છે. સર્વ સાધુ ભગવંતો પ્રત્યેનું નમન વિહિત કર્યું છે, સર્વ જીવો પ્રત્યેનું નહિ.

નિશ્ચયથી જીવમાત્ર શિવસ્વરૂપ હોવા છતાં
વ્યવહારથી રાગ-દ્વેષયુક્ત છે, માટે

જીવના ધ્યાનમાં રાગ-દ્વેષનો ક્ષોભ પેદા થવાનો સંભવ છે, જ્યારે વીતરાગ તો નિશ્ચય અને વ્યવહાર ઉભયથી રાગ-દ્વેષના ત્યાગી હોઈ તેમનું ધ્યાન એકાંત કલ્યાણકર છે. વીતરાગ એટલે રાગ-દ્વેષથી રહિત પણ સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવથી તો ભરેલાં જ, તેથી તેમનું નમન, પૂજન, વંદન, ધ્યાન, સ્મરણ, ચિન્તનાદિ સઘળું ય મૈત્ર્યાદિભાવોનો એકાંતે વિસ્તાર કરનારું થાય છે.

मैत्री पवित्र-पात्राय मुदिता मोदशालिने ।
कृपोपेक्षा-प्रतीक्षाय तुभ्यं योगात्मने नमः ॥१॥

(પરિશિષ્ટ-૧૭)

नाऽसद्ध्यानानि सेव्यानि कौतुकेनाऽपि किन्त्विह ।
स्वनाशायैव जायन्ते सेव्यमानानि तानि यत् ॥१५॥
सिध्यन्ति सिद्धयः सर्वाः स्वयं मोक्षावलम्बिनाम् ।
संदिग्धा सिद्धिरन्येषां स्वार्थभ्रंशस्तु निश्चितः ॥१६॥

(પરિશિષ્ટ-૧૮)

મહા વદી ૬, લોચ

આત્માનુભવનો મંત્ર

'ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ નમો અરિહંતાણં।'

એ ૨૪ અક્ષરનો મંત્ર જાણે છે.

સાંકેતિક ભાષામાં લખેલા મંત્રાક્ષરો વડે મનના સંકલ્પ-વિકલ્પની પરંપરા શાંત થવાથી આત્માનુભવ મેળવાય છે. મંત્રના આ બધા ગુણો નવકારના પ્રથમ પદમાં રહેલા છે, તેથી તેને બધા મંત્રરત્નોની ઉત્પત્તિનું સ્થાન કહેવાય છે.

કયો જીવ સરાગતાને પામે?

કોલાહલ અર્થાત્ કે કામ - ક્રોધ - ઈર્ષ્યા - શોક - રાગ-દ્વેષાદિ વિક્ષેપને કરનાર જીવ સરાગતાને પામે છે.

અહંકાર કઈ રીતે ઓગળે?

નમસ્કારભાવ સિવાય માનસિક ભેદભાવ ન ટળે. તે ન ટળે ત્યાં સુધી અહંકાર ન ઓગળે. 'અહંકારનું ઓગળવું' અર્થાત્ ભેદભાવનું ટળવું. અભેદભાવ સિવાય જીવ જીવને જીવરૂપે કદી પે ન ઓળખી શકે, ન આવકારી શકે, ન ચાહી શકે.

શ્રી નવકાર એ તીર્થંકર દેવો તરફથી ભવ્યાત્માઓને મળેલું અમૂલ્ય ભેટણું છે.

## કયા અધ્યાસને તોડવા કયા પ્રકારે ધ્યાન?

દેહાધ્યાસને તોડવા પિંડસ્થ ધ્યેયનું ધ્યાન કરવું.
નામાધ્યાસને તોડવા પદસ્થ ધ્યેયનું ધ્યાન કરવું.
રૂપાધ્યાસને તોડવા રૂપસ્થ ધ્યેયનું ધ્યાન કરવું.
ગુણાધ્યાસને તોડવા રૂપાતીત ધ્યેયનું ધ્યાન કરવું.
પ્રભુનું નામ-રૂપ ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું અને સ્વનામ-રૂપ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું કારણ થાય છે.

## શેના સ્મરણે કયું ધ્યાન થાય?

સ્વનામસ્મરણે આર્તધ્યાન - પ્રભુનામસ્મરણે ધર્મધ્યાન.
સ્વરૂપસ્મરણે રૌદ્રધ્યાન - પ્રભુરૂપસ્મરણે શુક્લધ્યાન.
સ્વપિંડસ્મરણે આર્તધ્યાન - પ્રભુપિંડસ્મરણે ધર્મધ્યાન.
સ્વગુણસ્મરણે રૌદ્રધ્યાન - પ્રભુગુણસ્મરણે શુક્લધ્યાન.

## મમત્વ થકી કર્મબંધન

પિંડ, પદ, રૂપ, ગુણ એ ૪ વસ્તુ ધ્યાનના વિષયરૂપે જીવમાત્રને પ્રતિક્ષણ ચાલુ રહેલ છે અને તે ચારના મમત્વના કારણે જ જીવ પ્રતિક્ષણ નવા નવા કર્મો બાંધાય. મમત્વ એક પ્રકારનું તીવ્ર ચિંતનરૂપ ધ્યાન જ છે. સતત તે ધ્યાનના પ્રભાવે જીવમાત્રની પોતાના દેહ, દેહના નામ-રૂપ તથા રાગ-દ્વેષાદિ વૈભાવિક ગુણો ઉપર

આસક્તિ વધતી જ જાય છે. પરિણામે ક્રોધ, મોહ, સ્મૃતિ,
બુદ્ધિનાશ, વિભ્રમ અને સર્વનાશ થઈ રહ્યો હોય છે.
તેનાથી બચવાના ઉપાયરૂપે પ્રભુનો દેહ, તેના લક્ષણો,
તેનું પ્રાતિહાર્ય, ઐશ્વર્ય, અતિશયો તથા પ્રભુનું નામ,
શાંતાકાર મુદ્રા, પ્રભુના જ્ઞાનાદિ ગુણોનું ધ્યાન આવશ્યક છે.

તે ધ્યાનના બળે જ અશુભ અને અનિત્ય
નામ-રૂપ, ગૃહ તથા પિંડનાં મમત્વ છુટી શકે.
કેવળ વિચારમાત્રથી અનાદિ અભ્યાસ ટળે નહિ.
તે માટે વિચારને અનુસાર આચાર અને ક્રિયા જોઈએ.
એ ક્રિયાનું જ બીજું નામ પિંડસ્થાદિ ધ્યેયોનું ધ્યાન છે.

## ધ્યાનક્રિયા એ મોક્ષનું કારણ કઈ રીતે?

સંસારનું કારણ પણ ધ્યાનક્રિયા જ છે.
સંસારના હેતુભૂત ધ્યાનક્રિયા જો ન હોત, તો
મોક્ષના હેતુભૂત ધ્યાનક્રિયાની કોઈ અગત્ય રહેત નહિ,
પણ તે વસ્તુસ્થિતિ ન હોવાથી વસ્તુસ્થિતિને સમજી લઈ
તેના અશુભમાંથી છુટવા શુભનું આલંબન અનિવાર્ય છે.

## નવકાર ધ્યાનનો મહિમા

નવકારમાં વૃત્તિની શાંતિ અને સવળી દૃષ્ટિ છે. તેનાથી
પોતાની ક્ષુલ્લકતા, ક્ષુદ્રતા, તુચ્છતા, દીનતા, લઘુતા દેખાય છે.

નમસ્કાર કરવાથી પરમતત્ત્વની
મહત્તા, ભવ્યતા, સારરૂપતા, ઉચ્ચતા, ગહનતાનો ખ્યાલ આવે.
અહંતાનો ફોડો ફૂટી, મમતાનું પરૂ નિકળી જીવને શાંતિ થાય.
સદ્‌ગુણની અનંતતા, અપારતા અને ગંભીરતા સમજાય.

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥ (પરિશિષ્ટ-૧૯)

## પ્રણામની આવશ્યકતા શા માટે?

નમસ્કાર આદરજન્ય હોય છે.
પ્રણામમાં પ્રણમ્યની મહત્તાનો નિઃશેષ સ્વીકાર અને
પોતાની અલ્પતાનો ભાનપૂર્વક સ્વીકાર હોય છે.
અહંભાવ ઓગાળે એટલે પ્રણામ થઈ જ જાય.
ફૂલી ગયેલો અહંકાર જ્યારે શૂન્યવત્ થઈ જાય,
ત્યારે ઈશ્વરની પ્રેમરસ રૂપી નમ્રતા પ્રગટે છે.
આ નમ્રતા હૃદયમાં ઈશ્વરની વાહક બને છે.
પ્રસન્નતા, પવિત્રતા, નિર્મળતા એનાથી છે.
બુદ્ધિરૂપી કન્યાને પ્રભુરૂપી પતિના મિલન માટે લાયક
બનાવવામાં શાસ્ત્ર વગેરે માતા-પિતાની ગરજ સારે છે.
પ્રભુગૃહે વળાવવા પાદર સુધી આવે છે.
એ પછી તો બુદ્ધિ સ્વયમેવ સ્વપતિમિલન સાધે છે.
વ્યુત્થાનકાળમાં નામ-રૂપ ભેદે ભેદાયેલું જગત જણાય છે.

મહા વદી ૨, બુધ

## પ્રેમપાત્રમાં એકનિષ્ઠા = અનન્ય ભક્તિ

પ્રાણીમાત્રના સુખે સુખી થવાની જે તત્પરતા,
તેને દુઃખી ન કરવાની જે સદા જાગ્રત કુશળતા,
તે અનન્ય ભક્તિનું આચારમાં ઉતારેલું સ્વરૂપ સમજવું.
આવી ભક્તિ દેહાદિમાં પરિપૂર્ણ અનાસક્તિ સિવાય સંભવતી નથી, તેથી 'ભક્તિ'નો અર્થ એ થયો કે: આત્મામાં પરમાત્માના રાગને લઈને આવેલી ગુણમાત્રમાં અભિરુચિ. વિષયરસિકતાનો પૂર્ણ અભાવ અને તેમાંથી ઉપજતી પ્રાણીમાત્ર પ્રત્યેની પ્રેમોદારવૃત્તિ, સૌમાં સ્વરૂપસત્તાનું સ્વાભાવિક ભાન, તદનુકૂળ આત્મૌપમ્ય વર્તન એ પરમપ્રેમ. જ્ઞાન, કર્મ, યોગ વગેરેનું અંતિમ ફળ એ અનન્ય ભક્તિ. પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન અશક્ય છે. આજ્ઞાથી વિરુદ્ધ વર્તનનો ત્યાગ કરવો આજ્ઞાને અનુસરીને વર્તવાનો પ્રયત્ન જ આ સંસારમાં સુખી થવાનો અનન્ય માર્ગ છે.

आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥
तवादत्तो भवोधारा भवोत्तारोऽपि ते वशः ।(परिशिष्ट-२०)

આમ ભવ અને ભવોત્તાર પ્રભુની આજ્ઞાને વશ હોવાથી આજ્ઞાનું આરાધન એ જ માનવજીવનનું અંતિમ ફળ છે.

મહા વદી ૩/૨

શાસ્ત્ર વડે થતું જ્ઞાન અસ્પષ્ટ અને સામાન્ય હોય છે.
ક્રિયાથી જ તે સ્પષ્ટ અથવા વિશિષ્ટ થાય છે.
'કર અને જો' અથવા 'કરીને જો' એ કહેવત પણ
ક્રિયાની જ્ઞાન કરાવવાની શક્તિનું સમર્થન કરે છે.
Theoreticalના આધારે Practicalનું જે મહત્ત્વ
છે, તે પણ આ જ કબૂલે છે. Theoryએ બતાવેલું
જ્ઞાન આપણને Practice જ સ્પષ્ટ કરી આપે છે.

જ્ઞાનપ્રાપ્તિ માટે જેટલી જરૂર શ્રુતાધ્યયનની છે,
તેટલી જ અને તેથી પણ વધુ જરૂર
તેને ક્રિયામાં ઉતારીને જીવનમાં જીવવાની છે.
પરમાત્માનો પરિચય કેવળ શ્રુતથી નહિ,
પણ તેમની આજ્ઞાનું પાલન કરવાથી જ થઈ શકે.
વિષયોમાંથી મન સંકુચિત કરી પરમેષ્ઠિઓમાં વિસ્તારવું,
એ બંને વસ્તુઓ તત્ત્વથી એક જ છે.
વ્યવહારથી એક વૈરાગ્યરૂપ છે, બીજું અભ્યાસરૂપ છે.
વૈરાગ્ય અને અભ્યાસ બંને એક જ મનરૂપ વસ્તુના
અશુભ સંકોચ અને શુભ વિસ્તારરૂપ છે.
સિદ્ધિ અને વિનિયોગ સાથે જ ચાલે છે.

'જે ગુણ જેને સિદ્ધ થયો હોય, તેના સંનિધાનમાં તે ગુણ બાળને પણ સિદ્ધ થાય છે' એ નિયમને અનુસરીને વીતરાગ, અહિંસા ભગવંતો તથા સર્વ સિદ્ધ ભગવંતોનું માનસિક સંનિધાન આત્મામાં અથવા ગુણના અર્થી તે તે જીવોને તે તે ગુણોની સિદ્ધિનું કારણ બને તે સ્વાભાવિક છે.

શ્રી યોગબિન્દુ ગ્રન્થમાં કહ્યું છે કે:

हेतुमस्य परं भावं सत्त्वाद्योगो निवर्तनम् ।
प्रधानकरुणा रूपं ब्रुवते सूक्ष्मदर्शिनः ॥४२७॥

અર્થ: પાપાકરણના નિયમના હેતુભૂત પ્રધાન કરુણાભાવ
બાળ શત્રુ, મિત્ર કે ઉદાસીન એવા
અપરાધી જંતુઓના અપરાધને પણ નિવર્તન કરનારો છે
એમ સૂક્ષ્મદર્શી મહાપુરુષો કહે છે.

'પ્રધાન' એટલે જ્ઞાનપૂર્વકની કરુણા, જે કેવળ દ્રવ્ય-દુઃખને નહિ, પણ દ્રવ્યભાવ ઉભય દુઃખને ઉદ્દેશીને છે. અહીં પણ 'પોતાને સિદ્ધ થયેલો ગુણ બાળને તે ગુણની સિદ્ધિ કરાવે છે' એ જાતનો સિદ્ધિ પછી પ્રકટ થતો વિનિયોગ નામનો આશય જણાવે છે. સમવસરણભૂમિમાં પશુઓ જાતિવેર વિસરી પરસ્પર સ્નેહવાળા બને છે, તેમાં પ્રભુની સિદ્ધ થયેલા પ્રધાન કરુણા જ કારણ છે.

પશુતુલ્ય જીવોને પ્રભુના શારીરિક સંનિધાનની અપેક્ષા છે.
દ્વિતીય જીવોને પ્રભુનું માનસિક સંનિધાન પણ
ઇષ્ટગુણોની સિદ્ધિમાં કારણભૂત થઈ શકે છે.
શ્રી નવકાર મંત્ર સિદ્ધયોગી એવા પંચપરમેષ્ઠિ ભગવંતોનું
માનસિક સંનિધાન કરાવનારું હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવોને
ઇષ્ટગુણોની સિદ્ધિનું કારણ થાય એ સહજ છે.
એવું શાસ્ત્રીય પ્રતિપાદન યથાર્થ છે કે:
પાપાકરણ નિયમ અને ધર્મકરણનો ઉત્સાહ એ અહીં
અભીષ્ટગુણ છે, તેથી તેની સિદ્ધિ શ્રી નમસ્કાર વડે થાય.
પાપી પશુઓ ધર્મભૂમિમાં શાંત થઈ જાય છે.
અહીં 'ધર્મભૂમિ' એટલે મનોમંદિર અને
તેમાં ધ્યાનના વિષયભૂત બનેલા પંચ પરમેષ્ઠિ.
નવકારના સંનિધાન વડે પાપવૃત્તિરૂપી પશુઓ શમે છે.
તેમના માનસિક સંનિધાન વડે મનોભૂમિમાં પશુતુલ્ય કામ-
ક્રોધાદિક વૃત્તિઓ શાંત થઈ જાય છે અને શમ-
વૈરાગ્યાદિ યોગવૃત્તિઓ જાગૃત થાય છે, તેથી મનોમંદિરને
સમવસરણભૂમિ બનાવીને આંતરિક વિકારો જીતવાનું
બળ મેળવવા માટે એકાગ્ર ચિત્તે નવકારનું વારંવાર
સ્મરણ કરવાનો અભ્યાસ અત્યંત ઉપકારક થાય છે.

સ્વપ્રયત્ન વડે કામક્રોધાદિ શત્રુઓને જેઓ જીતી શકવાને અસમર્થ છે, તેઓને માટે આ ઉપાય અનિવાર્ય છે. તેને જ 'પ્રભુ કૃપા' કે 'દૈવ-ગુરુ કૃપા' કહેવામાં આવે છે. કેમ કે પુરુષપ્રયત્નથી અનાદિકાળથી સિદ્ધ ન થયેલાં એવા આંતરિક શત્રુઓ અને વિકારોને જીતવાનાં મહત્ કાર્યો પ્રભુકૃપા-દૈવકૃપા વડે અલ્પ પ્રયત્ને સિદ્ધ થઈ શકે છે. એને ચરિતાર્થ કરાવનારું ભક્તિપૂર્વકનું પરમેષ્ઠિ સ્મરણ છે. એમાં 'સિદ્ધિ' અને 'વિનિયોગ' નામના બીજાના ક્રિયાગત બે આશયો મુખ્ય ભાગ ભજવે છે.

એક દ્રવ્યની અસર બીજા દ્રવ્ય ઉપર થાય છે તથા એકના ગુણની સિદ્ધિ બીજાને ગુણ સિદ્ધ કરાવે છે, એનું પ્રમાણ વિનિયોગ નામના પાંચમા આશયનું નિરૂપણ છે.

વિનિયોગ = વિશેષેણ - નિઃશેષેણ - યોજનં ।

પોતાના ગુણનો વિશિષ્ટ અને નિઃશેષ પ્રકારે
બીજા જીવની સાથે સંબંધ કરાવી આપવો,
તેનું નામ 'વિનિયોગ' છે.

अहं प्रमादः परमः समत्वस्य प्रतीकताम् ।
रत्नापिनः कणोनाऽपि पदविकृति शाश्वतम् ॥१॥

(परिशिष्ट-२१)

નીચેનું વાક્ય પણ તે માટે પ્રમાણ છે:

स्निह्यन्ति जन्तवो नित्यं वैरिणोऽपि परस्परं ।
अपि स्वार्थकृते साम्यभाजः साधोः प्रभावतः ॥१॥

(પરિશિષ્ટ-૨૨)

પોતાના કલ્યાણાર્થે આત્મસામ્યશક્તિનો ભાવ કેળવનાર મહર્ષિઓના પ્રભાવ વડે પરસ્પર વૈર-વિરોધ ધરાવતા ક્રૂર જંતુઓ પણ જો પરસ્પર સ્નેહભાવને ધારણ કરનારા થાય છે, તો પછી જેઓ વિવેકચક્ષુને વરેલા છે, તેઓ ઉપર તે મહર્ષિઓનો પ્રભાવ પડે તેમાં આશ્ચર્ય શું? માત્ર તેમના સન્નિધાનમાં આવવું જોઈએ, પછી તે સન્નિધાન *physical* યા *mental contact* રૂપ ભલે હોય. અપેક્ષાએ શારીરિક કરતાં માનસિક સન્નિધાન વધુ અસર કરનારું પણ બને. એક દ્રવ્યની બીજા દ્રવ્ય ઉપર અસર થવાની યોગ્યતાના કારણે જ તો જગતનું ભવભ્રમણ છે. અયોગ્ય દ્રવ્યની અયોગ્ય અસર જો સ્વીકારીએ છીએ, તો યોગ્ય દ્રવ્યની યોગ્ય અસર સ્વીકારવામાં હરકત ક્યાં? માનસિક શક્તિ એ માનસિક આકૃતિના પરિણામે હોય છે અને એ આકૃતિ બાહ્યાકૃતિના આધારે રચાતી હોય છે.

બાહ્ય આકૃતિની પાછળ
તે પ્રકારના માનસિક આંદોલનો કાર્ય કરતાં હોય છે.

વચનાનલ ક્રિયા કર્મેન્ધન દાહક છે.

પ્રતિષ્ઠા વિધિ અને ચૈત્યવંદનાદિ વિધિ
વચનાનુષ્ઠાનરૂપ હોવાથી કર્મેન્ધન દાહક છે.

જે કોઈ પ્રવૃત્તિ શાસ્ત્રોક્ત વચનાનુસાર થાય, તેમાં પ્રવૃત્તિનું
અનુવાદક શાસ્ત્ર અને શાસ્ત્રના આદ્ય પ્રકાશક શ્રી જિનેશ્વર
દેવનું હૃદયમાં સ્થાપન થતું હોઈ તે કર્મેન્ધન દાહક બને છે.

વચનાનલમાં શાસ્ત્રોક્ત ક્રિયાના વ્યાપાર વડે
કર્મેન્ધનનો પ્રક્ષેપ થતો હોવાથી કર્મનાશક બને છે.

પ્રતિષ્ઠા વિધિમાં વચનાનલ ઉપરાંત સર્વગુણો વડે પ્રભુ
સ્મરણ થતું હોવાથી તે ભાવ પણ રસેન્દ્ર બની જાય છે.
સિદ્ધાનુસ્મરણથી 'સોઽહં' ભાવ અને તેનું બિંબમાં સ્થાપન
થતું હોવાથી 'સોઽહં' ભાવ ઉત્પન્ન થાય છે, પછી 'આ
બિંબ વિધિપૂર્વક પ્રતિષ્ઠિત છે' એવા અનુસંધાનપૂર્વક
દર્શન કરનારને 'સોઽહં' ભાવ જાગે છે અને
એ ભાવ વડે 'સોઽહં' ભાવ સ્થિર થાય છે.

પ્રીતિ તથા ભક્તિઅનુષ્ઠાન અભ્યુદયસાધક છે અને
વચનાનુષ્ઠાન મોક્ષસાધક છે.

વીતરાગ ! સપર્યાતસ્તવાજ્ઞાપાલનં પરં ।
આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ શિવાય ચ ભવાય ચ ॥

(પરિશિષ્ટ-૨૩)

પૂજા કરતાં આજ્ઞા ચઢે, જેનું કારણ આજ્ઞા વચનાનલ રૂપ હોવાથી કર્મેન્ધન દાહ કરવા સમર્થ છે.

'ક્રિયામાત્ર પ્રભુની આજ્ઞારૂપ છે'

અવિધિ આદિ કરવામાં આવે તો કર્મબંધનો હેતુ થાય, પછી તે પૂજા કે સર્વવિરતિ અંગીકાર કરવાની ક્રિયા હો. પ્રભુઆજ્ઞાનું પાલન એ જ શાસ્ત્રનો અંતિમ નિષ્કર્ષ છે, કેમકે જેનું પાલન મુક્તિનો અને ખંડન સંસારનો હેતુ છે. આજ્ઞાપાલનનો અધ્યવસાય એ જ વચનાનુષ્ઠાનની આરાધના સ્વરૂપ છે, જેમાંથી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ છે.

પ્રતિજ્ઞા રહસ્ય

(૧) વચનાનુષ્ઠાનનો અર્થ: વિહિત ક્રિયામાત્રમાં તેના આદ્ય પ્રકાશક તીર્થંકર દેવોના ગુણોનું સ્મરણ થાય છે, તેથી પોતાના આત્મામાં તે તે ગુણોનું સ્થાપન થાય છે.

(૨) જે કોઈ અહિંસાદિ એક ગુણની સિદ્ધિના ઉદ્દેશથી જે અનુષ્ઠાન શાસ્ત્રે વિહિત કર્યું હોય, તે એક ગુણ દ્વારા વ્યુત્પન્નને પરમાત્મ સમાપત્તિ થાય છે.

(૩) પ્રતિષ્ઠાવિધિમાં સ્થાપનાના ઉદ્દેશથી વિધિની પ્રવૃત્તિ છે અને સ્થાપનામાં લક્ષથી સર્વ ગુણોનો આરોપ કરવાનો હોવાથી પ્રભુના સર્વ ગુણો વડે 'સ એવાઽહમ્ ।' થાય. એ રીતે પોતાના આત્મામાં પરમાત્મા સ્થાપિત થાય છે.

પચ્ચક્ખાણાનુષ્ઠાન વડે થતી અન્ય ક્રિયામાં અને પ્રતિષ્ઠાની ક્રિયામાં એટલો વિશેષ તફાવત છે.

(૪) સિદ્ધાનુસ્મરણ દ્વારા 'સ એવાઽહમ્ ।' એ લક્ષનું પોતાના આત્મામાં સ્થાપન કરવું, એ 'તાત્ત્વિક પ્રતિષ્ઠા' છે.

(૫) મુખ્ય દેવતા વિષયક પોતાનો લક્ષ 'સ એવાઽહમ્ ।' એ પ્રકારનો લક્ષ બાહ્ય પ્રભુબિંબમાં સ્થાપન કરવો, તે ઉપચારાત્મિકા 'ઔપચારિક પ્રતિષ્ઠા' છે. 'સ એવાઽહમ્ ।' એ રીતે થાય છે. પોતાના જ લક્ષની પ્રભુ પ્રતિમામાં સ્થાપના કરવી, તે 'બાહ્ય પ્રતિષ્ઠા' છે.

(૬) 'આ પ્રતિમા પ્રતિષ્ઠા કરાયેલ છે' એવા જ્ઞાનથી ઉત્પન્ન થયેલ ભક્તિવિશેષ વડે લોકોને પણ તે પ્રતિષ્ઠા વિશિષ્ટ પૂજાનું ફળ આપવામાં પ્રયોજિકા છે. 'આ બિંબ પ્રતિષ્ઠિત છે' એટલે 'મારો આત્મા અભેદથી પરમાત્મા છે' એવો પ્રતિષ્ઠાકારકનો લક્ષ આ પ્રતિમામાં વિધિપૂર્વક પ્રસ્થાપિત થયેલો છે, તેનું સ્મરણ કરાવનાર હોવાથી

'પોતાનો આત્મા પણ સિદ્ધ પરમાત્મા જેવો છે' એવો સમ્યક્ શ્રદ્ધાને દૃઢ કરાવનારો ભાવ જાગે છે. (૭) પ્રતિષ્ઠાકારકને પહેલાં 'સ એવાઽહમ્ |' એવો ભાવ આવે છે, પછી 'સ એવાઽયમ્ |' ભાવ બિંબમાં સ્થાપે છે. દર્શન કરનાર ભવિકને 'સ એવાઽયમ્ |' એવો ભાવ પહેલાં આવે છે અને પછી 'સ એવાઽહં |' એવો ભાવ આવે છે. બંને સ્થળે પૂર્ણ ફલ પ્રયોજક 'સ એવાઽહમ્ |' ભાવ છે, તે ભાવને ઉદ્દેશીને કરનાર 'પ્રતિષ્ઠિત વ સ્થાપિત' 'સ એવાઽહમ્ |'નો જ ભાવ છે, જે ભાવ 'સ એવાઽહમ્ |' એવી બુદ્ધિને પેદા કરે છે તેથી સમકીત નિર્મળ થાય છે, શ્રદ્ધા સુદૃઢ થાય છે, મિથ્યાત્વાંધકાર નાશ પામે છે.

## શાસ્ત્રવિધિથી જિનપ્રતિમાની પ્રતિષ્ઠાથી શું થાય?

અનાદિ અવિદ્યાજનિત દેહાત્મ બુદ્ધિનો વિલય થાય છે અને પરમાત્મબુદ્ધિનો વિકાસ થાય છે, તેથી પ્રભુપ્રતિષ્ઠા અને શાસ્ત્રવિધિથી થતું જિનપ્રતિમાનું અર્ચન-પૂજનાદિ સર્વ જનસમૂહને અત્યંત હિતકારી છે, ભવોદધિમાં બુડતા અશરણ જીવોને આત્મજ્ઞાનનો પ્રકાશ આપનારું છે અને આત્મવિસ્મૃતિને ટાળી બિંબરૂપથી પરમાત્મસ્વરૂપ એવા પોતાના આત્માના નિજરૂપને સ્મરણ કરાવનારું છે.

(૯) આ બધો પચ્ચક્ખાણનો મહિમા છે. પચ્ચક્ખાણરૂપી અગ્નિમાં પ્રભુપ્રતિજ્ઞા અને પૂજનવિધિના વ્યાપાર વડે કર્મેન્ધનનો પ્રક્ષેપ થવાથી તેનો દાહ થાય છે. કર્મેન્ધન દહન વડે જીવરૂપી તાપ શુદ્ધ સિદ્ધરૂપી કાંચનપણાને પ્રાપ્ત થાય છે.

સંયમ, ભક્તિમાં શક્તિ - અસંયમ, આસક્તિમાં અશક્તિ છે.

વિષયોમાં સ્વયં ચૈતન્ય નથી. આત્મા પોતાનું ચૈતન્ય વિષયોમાં આરોપે છે, તેથી રાગનો ઉદય થાય છે.

ભક્તિમાં આત્માને નવું ચૈતન્ય મળે છે,
કેમકે ભક્તિના વિષયભૂત ભગવાન ચૈતન્યઘન છે.

વિષયો અસત્, જડ અને અનાનંદમય છે. જીવો અને જગદીશ્વરો એ સત્ અને ચૈતન્યઘન, આનંદનિધાન છે.

જીવ, જગત તથા જગદીશ્વરની એકતાનું ધ્યાન સચ્ચિદાનંદ સ્વરૂપ બનીને ધ્યાતાને આનંદમય કરે છે.

૦ જે કોઈ નવકારને ભાવિત કરવા પ્રયત્ન કરશે, તેને તેના પ્રથમ પદના ૭ અક્ષરોમાં અપૂર્વ ચમત્કાર દેખાશે અને સર્વ તીર્થંકર, ગણધરોના સાક્ષાત્ દર્શન થશે તથા સર્વ મંત્ર અને વિદ્યાઓની સિદ્ધિ થશે.

મનુષ્યના જીવનમાં એકલું જ્ઞાન ઉપયોગી થતું નથી,
જ્ઞાનને ક્રિયામાં પલટાવવું પડે છે.

જ્ઞાન અને ક્રિયાને જોડનારી વસ્તુનું નામ 'ઇચ્છા' છે,
એટલા માટે જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા
એ ત્રણ શક્તિઓના સંયોગથી જ મનુષ્ય પુરુષાર્થી ગણાય છે.
જ્ઞાન વગરની ક્રિયા અને ક્રિયા વગરનું જ્ઞાન
એ બન્ને ફોગટ વસ્તુઓ છે.
જ્ઞાન, ઇચ્છા અને ક્રિયાનો સંયોગ જ સ્વફળ સાધક થાય.
અનીતિનું કારણ નિર્બળ ઇચ્છાશક્તિ છે.
'મારાથી આવું ન જ થઈ શકે' એવા શુભ નિશ્ચયને
વળગી રહેવાની અશક્તિનું નામ જ 'અનીતિ.'
શક્તિ હંમેશા પ્રાણનિરોધ, વૃત્તિનિરોધાદિ સાધનોથી આવે.
જેનું જીવન વ્રતબદ્ધ નહિ,
તેઓ નીતિના પાલન માટે સર્વદા, અસમર્થ જ રહેવાના.
ધર્મની મહત્તા આત્મા-પરમાત્માની ચર્ચામાં રહેલી નહિ,
પરંતુ આત્મનિગ્રહની ક્રિયામાં રહેલી છે.
સંયમ એ જ ઈશ્વર છે.
જો યમ-નિયમ-વ્રતોમાં દૃઢ ન રહીએ, પ્રભુશક્તિનો
દુરુપયોગ કરીએ, તો ઈશ્વર આપણામાં ન જ ઊતરે.
'ઈશ્વર' એટલે ઈશત્વ, પ્રભુત્વ, સંયમ.
કુદરતે આપેલી પોતાની શક્તિ માનવીએ સાર્થક કરવી ઘટે.

માનવનું શરીર ઇંદ્રિયોના દુરાચાર માટે નથી,
પરંતુ ઈશ્વરના અગોચર અને અદ્ભુતરૂપની સિદ્ધિ તથા
પરમાત્માના પ્રગટીકરણ અર્થે છે.

લાકડામાં અગ્નિની જેમ શરીરમાં ઈશ્વર ગુપ્તપણે રહે છે.
સંયમ એ એની શોધનો માર્ગ છે, માટે સંયમ એ જ
પરમાત્મા છે, સંયમની શક્તિ એ જ એની શક્તિ છે.
વ્રતબદ્ધ જીવન, ત્યાગનું બળ એ જ સાચો ઈશ્વર છે.
બાળકોને નીતિના બોધપાઠો વંચાવવાથી કે તેમની પાસે
ઝાઝું બધું ગોખાવવાથી નીતિમય જીવન કદી નહિ બને.
એ કામ ભાષણો કે પ્રવચનોથી સિદ્ધ થવાનું નથી.
એ માટે તો વ્રતબદ્ધ જીવનની જ જરૂર છે.
સંયમ અને નિગ્રહ જ નીતિ ઉપર ટકવાની શક્તિ આપશે.
શિક્ષકો કે વાલીઓ જો વ્રતબદ્ધ જીવન નહિ ગાળે,
તો ઉગતી પ્રજા અધિક વિમુખ બની જશે.
વિદ્યાર્થીઓ તો શિક્ષકમાં જે જોશે, તે જ શીખશે.
શક્તિના વિકાસ વગર નીતિનો વિકાસ થઈ શકતો નથી.
ધર્મની મહત્તા ધર્મચર્ચાઓમાં નથી, પણ આત્મનિગ્રહની ક્રિયામાં છે.
સંયમની ક્રિયાથી ઈશ્વરનું ઈશત્વ અને પ્રભુત્વ
આચરણમાં ઉતરી આવે છે.

જે ઈશત્વ પ્રગટાવવા માટે જ માનવનો દેહ મળ્યો છે,
તેને અન્ય કાર્ય વડે સાર્થક ન કરી શકાય.
ઈશત્વ કે પ્રભુત્વની નાની સરખી ઝાંખી મનુષ્યને કરી છે,
તેને અદા કરવાની માનવમાત્રની ફરજ છે.

વ્યક્તિના વિશ્વ સાથેના સંબંધનો સાચો નાદ
આ નવકારમાં સંભળાય છે.

સર્વ જીવોના શુભની ભાવનાના પ્રભાવે જ્યાં જ્યાં શુભ થાય છે, ત્યાં ત્યાં તે શુભ ચિંતકનો હિસ્સો જમે થાય છે, જે તેને યથાસમયે વ્યાજ સાથે મળી રહે છે (according to law of multiplication). આમ અશુભથી નહિ વિરમનારને ખાતે અશુભ ઉધરે છે (according to law of mental consent).

અનાદિકાળથી જન્મ-મરણ કરતાં જીવમાં જે કુસંસ્કારો પડી ગયા હોય, તેની જડ ઉખેડી નાંખવાનો કોઈ સરળ રસ્તો ખરો? હા, પરમાત્માનું અનન્ય ભાવે શરણ, જીવનમાં કરેલા પાપોનો જોરદાર પશ્ચાત્તાપ અને જગતમાં ચાલી રહેલા સત્કાર્યોની હાર્દિક અનુમોદના, આ ત્રણ બાબતોનું વારંવાર સેવન કરવાથી કુસંસ્કારોની જડ ઉખેડી જાય છે અથવા તો સાવ ઢીલા પડી જાય છે.

## અષ્ટાંગ યોગનું માહાત્મ્ય

અષ્ટાંગ યોગ વડે ૮ પ્રકારના દોષોની શુદ્ધિ થાય છે:

(૧) યમ વડે બાહ્ય જગત સાથે સંબંધ સુધરે તથા
બાહ્ય વિશ્વ પ્રત્યેના અપરાધથી મુક્તિ મળે છે.

(૨) નિયમથી આત્મા પ્રત્યેના અપરાધથી છુટાય છે.

(૩) આસન વડે શરીર ઉપર વિજય પ્રાપ્ત થાય છે,
શરીર વડે થતા દોષોથી મુક્ત થવાય છે.

(૪) પ્રાણાયામ વડે પ્રાણ વિશુદ્ધિ થાય છે,
પ્રાણની અશુદ્ધિથી થતી વાસનાઓ જીતાય છે.

(૫) પ્રત્યાહાર વડે ઇંદ્રિયો ઉપર વિજય પ્રાપ્ત થાય છે,
ઇંદ્રિયો વડે સેવાતા દોષોથી મુક્ત થવાય છે.

(૬) ધારણા વડે મનના દોષોથી બચાય છે,
મનની ચંચળતા રોકાય છે.

(૭) ધ્યાન વડે બુદ્ધિ સુધરે છે,
બુદ્ધિના સંશયાદિ દોષો નાશ પામે છે અને
મનની અપવિત્રતા ઘણી ટળે છે.

(૮) સમાધિ વડે આત્મા ઉપર કાબુ આવે છે,
આત્માની અશુદ્ધિ અને કર્મદોષ ટળે છે
તથા કર્મનું બંધન છુટે છે.

'પરમાત્માની મુદ્રા' એટલે
સંયમ મુદ્રા અથવા ધ્યાન મુદ્રા.
શરીર, મન, પ્રાણ, ઇંદ્રિયાદિ કરણો ઉપર
પ્રભુત્વ પ્રાપ્ત કરાવનારી
મુદ્રા કે સંયમ વડે પોતાના કરણો ઉપર
જેણે વિજય મેળવ્યો છે,
તેનું બાહ્ય સ્વરૂપ દર્શાવનારી મુદ્રા.
'સંયમ' એટલે પ્રભુત્વ.
એનું જ નામ ઈશ્વરત્વ.
તે ઈશ્વરત્વ જેણે પ્રાપ્ત કર્યું છે,
તેનાં સાક્ષાત્ દર્શન જેનાથી થાય,
તેનું નામ
'જિનમુદ્રા,' 'જિનેશ્વરોની મુદ્રા' અથવા 'તીર્થંકરોની મુદ્રા'.
પ્રભુત્વ ફક્ત વાતોથી જ સિદ્ધ થતું નથી,
પણ સંયમક્રિયાથી સિદ્ધ થાય છે.
સંયમક્રિયા એ ઇચ્છાશક્તિ વડે સધાય છે.
ઇચ્છાશક્તિ નિગ્રહ વડે વધે,
તેથી જ મોક્ષનો માર્ગ
સંયમપ્રધાન, નિગ્રહપ્રધાન, વ્રતપ્રધાન, નિયમપ્રધાન કહ્યો છે.

પત્ર વહી૩ / ૨

ખમાવવા તથા શાંતિ મેળવવાના શ્લોકો

૦ ખામેમિ સવ્વ જીવે સવ્વે જીવા ખમંતુ મે ।
મિત્તી મે સવ્વ ભૂએસુ વેરં મજ્ઝ ન કેણઇ ॥

(પરિશિષ્ટ-૨૪)

૦ સવ્વસ્સ જીવરાસિસ્સ
ભાવઓ ધમ્મનિહિઅનિઅચિત્તો ।
સવ્વં ખમાવઇત્તા, ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥

(પરિશિષ્ટ-૨૫)

૦ સવ્વ જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત ।
તે મે સવ્વ ખમાવિઆ મુજ્ઝવિ તેહ ખમંત ॥

(પરિશિષ્ટ-૨૬)

૦ અર્હં તિત્થયર-માયા
સિવાદેવી તુમ્હ નયરનિવાસિની ।
અમ્હ સિવં તુમ્હ સિવં
અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ॥

(પરિશિષ્ટ-૨૭)

૦ સર્વોઽપિ સ્વજનમાપ્નોતુ સર્વોઽપિ સ્વસ્થાનમન્તુ ।
સર્વસ્તરતુ સંસારં સર્વઃ સર્વત્ર નન્દતુ ॥૧॥

(પરિશિષ્ટ-૨૮)

अरहन्त णमोक्कारं
तिविणावि काले करेइ जोपुरिसो ।
તસ્સ બહુઅં વિ પાવં નાસઇ વર-સુદ્ધ-ભાવસ્સ ॥૧॥

(પરિશિષ્ટ-૨૯)

નવકારના અક્ષરો એક દેશવ્યાપી છે.

નવકારનો ભાવ સર્વવ્યાપી છે.

ભાવનાનાં પુષ્પો, શ્રદ્ધાની ધૂપસળી અને ભક્તિ દીપક
પ્રગટાવી નવકાર ગણવાથી તે ફળીભૂત થાય છે.

શુભ વ્યવહાર સવિકલ્પ - શુદ્ધ નિશ્ચય નિર્વિકલ્પ છે.

એક સાધન છે, તો બીજું સાધ્ય છે.

૪-૫-૬-૭ મે ગુણસ્થાનકે
પોતાના શુદ્ધ સ્વભાવની પ્રતીતિ અવશ્ય હોય છે.

પોતાના સ્વાર્થને પ્રધાન કરવો = માનવદેહનું અપમાન.

મનમાં રાગ-દ્વેષને રમવા દેવા = વિશ્વહિતનું અપમાન.

હુંને સાથે લઈને કોઈ મોક્ષમાં ગયું નથી, જવાનું નથી.

કેવળ સ્વાર્થના વિચારો પ્રાણોને દૂષિત કરે છે.

દૂષિત થયેલા તે પ્રાણો ભાવદાનની પાત્રતા ગુમાવે છે.

પાપને વધારનારો સ્વાર્થ છે, તેથી તે ઘટવો જોઈએ.

પરમાર્થ ભવ્યત્વ વિકસાવનારો હોવાથી વધવો જોઈએ.

મહા વદી ૪, રવિવાર

શરણા ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે,
જે સુખહેતુ જિનવર કહ્યો, પાપજલ તારવા નાવ રે
ચેતન જ્ઞાન અજુઆલીએ...

ધર્મનું લક્ષણ દયા અને કરુણા છે.
ધર્મના પ્રત્યેક અંગોમાં તે લક્ષણ રહેલું છે.
સ્વાધ્યાય અને ધ્યાન પણ આત્માને ભવદુઃખમાંથી
ઉગારી લેવાની ભાવદયાનું જ પરિણામ છે.
મોક્ષાભિલાષ પણ ભાવકરુણારૂપ છે.

સ્વ-પર ઉદ્ધારની ભાવનારૂપ કરુણા એ જ વિશ્વનું ધારક-પોષક બળ છે, એથી જ ધર્મના આધારે ધરતી ટકી છે, સૂર્ય-ચંદ્ર નિયમિત ઉદયાસ્ત પામે છે, મેઘ કાળે વરસે છે, વાયુ તિરછું અને અગ્નિ ઉર્ધ્વગમન કરે છે વગેરે વિશ્વની વ્યવસ્થાનો સમગ્ર નિયમ ધર્મના પ્રભાવે છે, એમ કહેવાય છે. દુઃખપંક મગ્ન જગતને તેમાંથી ઉદ્ધારવાની ભાવનાથી જ તીર્થંકર નામકર્મનો બંધ થાય. એના ઉદયકાળે તે કર્મપ્રકૃતિ વડે જગદુદ્ધારક તીર્થ સ્થપાય છે અને તેમાંથી જ જગતના જીવોનાં દુઃખોનો પ્રતિકાર કરવાના ઉપાયો વિશ્વમાં ફેલાય છે.

એ રીતે ધર્મનું લક્ષણ કરુણા અને કરુણાની વિશ્વ ઉપર વ્યવસ્થા ચલાવવાની શક્તિનું નામ જ કર્મની અચિન્ત્ય શક્તિ, કર્મનો સનાતન નિયમ, કર્મનો અકાટ્ય કાયદો વગેરે ઇત્યાદિ છે. સમગ્ર વિશ્વ કર્મને આધિન છે અર્થાત્ કરુણાને આધિન છે અર્થાત્ ધર્મને આધિન છે. એ રીતે અંતમાં કર્મ, કરુણા, ધર્મ એકાર્થવાચી બને છે.

ધર્મ = પ્રકૃતિ ઉપર પ્રભુત્વ. એનું જ નામ ઈશ્વરત્વ.

આમ ઈશ્વરતત્વ અને ધર્મતત્વ
એ બંને પણ એકાર્થવાચી બની જાય છે.
ઈશ્વરતત્વ, ધર્મતત્વ, કરુણાતત્વ અને કર્મતત્વ
વિશ્વવ્યવસ્થાના નિયામક છે અથવા તો એમ કહો કે
વિશ્વવ્યવસ્થાનો સનાતન નિયમ એ જ છે.
ઈશ્વર કરુણાપ્રધાન, કર્મ ન્યાયપ્રધાન અને
ધર્મ દયાપ્રધાન ઇત્યાદિ છે.
દયા, કરુણા અને ન્યાય પણ એકાર્થવાચક જ છે.
જ્યાં ન્યાય છે, ત્યાં જ કરુણા છે અને
જ્યાં કરુણા છે, ત્યાં જ ન્યાય છે.
એ રીતે જ્યાં દયા છે, ત્યાં જ ન્યાય છે અને
જ્યાં ન્યાય છે, ત્યાં જ દયા છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ કે વીર્યરૂપ
આત્માનો ભેદપણે ગુણ લઈએ, તો તે પણ
ન્યાયપ્રધાન, કરુણાપ્રધાન, દયાપ્રધાન જ માલુમ પડે છે.
જ્યાં ન્યાય, દયા કે કરુણા નહિ,
તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નહિ, તે દર્શન સમ્યગ્દર્શન નહિ,
તે ચારિત્ર સમ્યક્ચારિત્ર નહિ, તે તપ સમ્યક્તપ નહિ,
તે વીર્ય સમ્યક્પરાક્રમ નહિ.

આત્માના એ ગુણોને સમ્યગ્ બનાવનાર કરુણા તત્ત્વ છે કેમ કે કરુણાના ગર્ભમાં આ ગુણોની યથાર્થતા સમાઈ છે. તીર્થંકર નામકર્મ, ધર્મ મહાસત્તા, કર્મનો મહાનિયમ તથા સમ્યગ્દર્શન-ચારિત્રની એકતારૂપી મોક્ષનો મહામાર્ગ બધું કરુણારૂપ બની જાય છે. અનુકંપા, આસ્તિક્ય, નિર્વેદ, સંવેગ, પ્રશમ કે સંતોષરૂપી મહાગુણો પણ એક યા બીજા રૂપે કરુણારૂપી મહાસાગરમાં મળી જાય છે.

તીર્થંકરો, ગણધરો, મહામુનિઓ પણ કરુણાનિધાન છે, પછી એ કરુણા દ્રવ્ય-ભાવરૂપ, સ્વ યા પરવિષયક હો, પણ અંતિમ તત્ત્વ કરુણાને છોડીને બીજું કાંઈ જ નહિ.

પ્રભુની આજ્ઞા એ કરુણારૂપ હોવાથી કરુણાનું ખંડન એ આજ્ઞાનું ખંડન અને કરુણાનું પાલન એ આજ્ઞાપાલન.
આ જ અંતિમ સત્ય છે.

'નમો અરિહંતાણં'ની મહામંત્રમયતા
કરૂણાના કારણે જ સિદ્ધ થાય છે.
સર્વ પાપોનો નાશ કરૂણારૂપ છે,
સર્વ મંગળોનું મંગળ પણ કરૂણાના કારણે જ છે.
જીવોની સુખેચ્છા અને દુઃખદ્વિષ્ટતાને કારણે જે
મનોવાંછના છે, તેને પૂર્ણ કરનાર મંગળરૂપ મહામંત્ર છે.
અનિષ્ટ પરિહાર અને ઇષ્ટપૂરણ પણ કરૂણારૂપ છે,
તેથી તેને સિદ્ધ કરનાર મંત્ર પણ 'મહામંત્ર' છે.
ભગવાનનું જ્ઞાન અને કરૂણા સર્વવ્યાપી છે.
ભગવાન સ્વસ્વરૂપમાં સ્થિર રહીને
વિશ્વ ઉપર ઉપકાર અને વિશ્વને સિદ્ધશિલા તરફ
ખેંચવાનું કામ લોહચુંબકના ન્યાયે કરી રહ્યા છે.
ગતિ લોહચુંબકમાં નહિ, પણ લોહમાં દેખાય છે,
છતાં ય તે ગતિમાં પ્રેરક લોહ નહિ, પણ લોહચુંબક છે.
એ ન્યાય ભગવાનની કરૂણા અને અનુગ્રહમાં ઘટે છે.
ભગવાનનું બિંબ એ ભગવાનના ભાવની આકૃતિ છે.
એ આકૃતિની પાછળ ભગવાનનો ભાવ છુપાયેલો છે.
ભગવાનનો એ ભાવ પરિપૂર્ણ જગતને સુખી કરવાનો છે.
એ ભાવને જણાવનાર આકૃતિ પ્રભુનું બિંબ છે.

'સર્વ જીવો સર્વ દુઃખોથી મુક્ત થાઓ' અને
'સર્વ જીવો સર્વ પ્રકારનાં સુખ પામો'
એ ભાવને અંતઃકરણથી પ્રભુની આકૃતિની પાછળ
રહેલાં આંદોલનો સુધી જેઓ એકરૂપ થઈ શકે છે,
તેઓને પ્રભુની સાથે ભાવસંબંધ બંધાય છે.
સર્વ જીવોને સંપૂર્ણ સુખી કરવાનો પ્રભુનો સંકલ્પ
સિદ્ધ અવસ્થામાં પરિપૂર્ણ બને છે, તેથી સિદ્ધ અવસ્થા
તે સંકલ્પનું કાર્ય કરવા માટે સતત જાગ્રત રહે છે.
માટે જ કહ્યું છે કે:

त्रिलोकी-परित्राण-निस्तन्द्रमुद्रः ।
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥

- શ્રી सिद्धसेन दिवाकरसूरि (પરિશિષ્ટ-૩૦)

ધર્મની શરૂઆત પરના દુઃખ દૂર કરવાની બુદ્ધિથી અને
પૂર્ણાહુતિ સર્વનાં દુઃખ દૂર કરવાની શક્તિથી થાય છે.
પરના દુઃખ દૂર કરવાની બુદ્ધિમાંથી શરૂ થયેલો ધર્મ
સર્વનાં દુઃખ દૂર કરવાની શક્તિમાં વિરામ પામે છે,
તેથી ધર્મતત્ત્વ, પંચ પરમેષ્ઠિ અને તેમનો નમસ્કાર
કરુણાથી વ્યાપ્ત છે.
ધર્મના પ્રત્યેક અંગો કરુણાતત્ત્વની સિદ્ધિ માટે વિહિત છે.

પ્રભુનું નામ અને આકૃતિ જેવા જડ વસ્તુઓમાં
જો જીવનાં દુઃખોનો નાશ કરવાની શક્તિ છે,
તો પ્રભુના જીવ અને ભાવમાં તે શક્તિ નહિ અગર
ઉપચારવત્ છે, એમ કહેવું એ વદતો વ્યાઘાત સ્વરૂપ છે.
પ્રભુનો જીવ એટલે દ્રવ્ય અને પ્રભુનો ભાવ એટલે ભાવ.
એ રીતે 'નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ એ ચારેવડે
પ્રભુ ત્રણ ભુવનના જીવોને સર્વ દેશ, અને કાળમાં પવિત્ર
કરી રહ્યાં છે' એમ કહેવું એ પ્રભુની યથાર્થ સ્તુતિ છે.

० नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन् अर्हतः समुपास्महे ॥१॥
- श्री हेमचंद्राचार्य (પરિશિષ્ટ-૩૧)

परमेट्ठि णमोक्कारो 'अरहं' तिहि अक्खरेहि जे सरहि ।
ते लंघिउं सव्वभवा रिद्धिसिद्धिजुआ हुंति ॥२॥
- तेरस मेद नवकार पडलं (પરિશિષ્ટ-૩૨)

० अर्हं स्वं पश्यति सोऽत्र योगीन्द्रः ।
० स्मर जिनपतिकल्पं मन्त्रराजं यतीन्द्र ।
अर्हं मेरुध्यातुस्तनादृग्नवसिद्धिसाम्राज्यम् ।
० मंत्रराज समुद्भूतानाहत स्थितचेतसः ।
सिध्यन्ति सिद्धयः सर्वा अणिमाद्याः स्वयं यतेः ॥
(પરિશિષ્ટ-૩૩)

(अर्हं) मंत्रतनुः जिनपतिः साक्षात् । अर्हति:

અર્હં એ શ્રી જિનપતિનો સદા વિદ્યમાન મંત્રદેહ છે.

o अकारादि हकारान्ता प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता ऋषभेण महात्मना ॥

o एकैकमक्षरं तस्यां तत्त्वरूपं समाश्रितम् ।
तत्राऽपि त्रीणि तत्त्वानि येषु तिष्ठति सर्ववित् ॥

- શ્રી જયસિંહસૂરિ વિરચિત ધર્મોપદેશમાલા (પરિશિષ્ટ-૩૪)

જગતના કલ્યાણ માટે સાક્ષાત્ શ્રી જિનેશ્વર ભગવંત અર્હં રૂપ મંત્રદેહે ધબકતા રહીને મંત્રશરીરથી સદા જીવે છે.

સ્વ અને પરનો ભેદ વ્યવહારથી છે, નિશ્ચયથી નહિ.
જ્યાં સર્વ સમાન છે, ત્યાં સ્વ-પર શબ્દનો વ્યવહાર નથી,
પણ 'આત્મ' શબ્દનો વ્યવહાર છે.

ભક્તિથી સ્વ-પરનો ભેદ મટી જાય છે.

સ્વનો વિચાર એ દુષ્કૃત, સર્વનો વિચાર એ સુકૃત.
તેના અનુક્રમે ગર્હા અને અનુમોદના જોઈએ.

સ્વ સર્વમાં સમાઈ જાય છે.

'પર' એટલે શત્રુ. શત્રુભાવ મોક્ષમાં બાધક છે.
મિત્રભાવથી જ તે દૂર થાય. મોક્ષનું પણ તે જ સાધન છે.
જે પરને આત્મસમ ન ગણે, તે પોતાના ભાવથી રહિત છે.

તેને જ 'ભાવહિંસા' કહેલી છે.

ભાવહિંસામાં વિવેકબુદ્ધિ, ન્યાયશક્તિ,

પ્રીતિ, ભક્તિ, નીતિ, પ્રામાણિકતા બધું જ હણાય છે.

આત્માનો અસલી ગુણ સર્વજીવહિતચિંતા છે.

જેમ જેમ શરીરબળ વધે, તેમ તેમ રોગોનું બળ ઘટે,

એ રીતે જીવોના જીવત્વ પ્રત્યેનું બહુમાન પ્રગટ થતાં

સ્વાર્થ, અહંકાર, હિંસા, જૂઠ આદિ પાપો સ્વયં ઘટે છે.

જીવોના જીવત્વની કીંમત ન સમજવાથી પાપાસક્તિ થાય છે.

જીવત્વ પ્રત્યે સન્માન જાગ્યા પછી પાપાસક્તિ ન થઈ શકે.

વ્યાપક જીવત્વ સ્વજીવમાં અને સર્વજીવમાં પણ છે,

તેથી જીવત્વનું બહુમાન સ્વપર ઉભયને હિતકારક થાય છે.

વૈરાગ્ય = સ્વાર્થવૃત્તિ તોડીને પરાર્થવૃત્તિ પ્રગટાવવી તે.

સ્વાર્થવૃત્તિથી સર્વ પાપો વધે છે, પરાર્થવૃત્તિથી તે ઘટે છે.

પર = સ્વભિન્ન જીવ = પરમ તત્ત્વસ્વરૂપ પરમાત્મા.

આપણી વૃત્તિ સદા શ્રી જિન મરણમાં રહો,

એ જ પુણ્યના પરિપાકનું ઉત્કૃષ્ટ ફળ છે.

'નમો અરિહંતાણં' એ સમર્પણની ક્રિયા છે.

તમારાથી પ્રેરાઈને જ હું કાંઈપણ સત્કર્મ કરી શકું છું,

તેથી હું જે કાંઈ કરું છું, તે સર્વ તમને અર્પણ કરું છું.

મહા વદી ૫, સોમ

## સ્વાધ્યાય અને યોગનું જોડાણ

उत्साहात्साहसाद्धैर्यात् तत्त्वज्ञानाच्च निश्चयात् ।
पुनर्जनपदत्यागात् षड्भिर्योगः प्रसिध्यति ॥१॥

(પરિશિષ્ટ-૩૫)

સ્વાધ્યાય = શ્રી નવકારનો જાપ અને તેની અર્થભાવના.
યોગ = શ્રી સિદ્ધચક્રનું ધ્યાન અને તેમાં એકાગ્રતા.
સ્વાધ્યાય + યોગ = પરમાત્મપદની પ્રાપ્તિ.
સ્વાધ્યાયથી વૈરાગ્ય અને યોગથી સમત્વ પ્રાપ્ત થાય છે.
વૈરાગ્યથી નિર્મમત્વ અને ધ્યાનથી દૃઢ સમત્વ સિદ્ધ થાય.

न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्माद् द्वयमन्योऽन्य-कारणम् ॥१॥

અર્થાત્:

સમતાથી ધ્યાન અને ધ્યાનથી નિષ્કંપ સમતા
એમ પરસ્પર કાર્યકારણભાવ વર્તે છે.
શ્રી નવકારથી સ્વાધ્યાય અને ભાવનારૂપ સમત્વ આવે.
શ્રી સિદ્ધચક્રથી વિશ્રાંતિ અને એકાગ્રતારૂપ સમત્વ આવે.
'નમો अरहं ताणं'માં
'अरहं' એ સર્વ પરમાત્માનો મંત્રદેહ છે.

તેમાં સ્થિર થવાથી લબ્ધિ-સિદ્ધિઓ આવી મળે છે.

અરિહંતોને જન્મ અને ઘાતીકર્મ નથી.

સિદ્ધોને મરણ અને અઘાતીકર્મ નથી.

આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓને ભોગ નથી,

દર્શનમોહનીય કર્મ - ચારિત્રમોહનીય કર્મ ન હોઈ

ભવભ્રમણ તથા રાગ-દ્વેષયુક્ત સુખાનુભવ પણ નથી.

પ્રારબ્ધ કર્મનો ઉદય સમતાભાવે ભોગવી લેવાનો છે.

મહા વદી ૬, ભોમવાર

આ નવકાર એ મન્ત્રરૂપી બાણનું ધનુષ છે તથા

આપણા મન્ત્રરૂપી હીરાની ખાણ છે.

પ્રથમ પદના ૭ અક્ષરોનું શ્વેત વર્ણે ધ્યાન કરવાનું છે.

તેમાં શ્વેત વર્ણમાં જે ૭ રંગ રહેલાં છે,

તે સૂર્યના ૭ ઘોડા સ્વરૂપ છે.

પ્રથમ પદના જાપથી તે પદના ૭ અક્ષરો

ઘોડારૂપ બની આત્મસૂર્યનો ભાસ કરાવે છે.

આત્મા એ સૂર્ય છે, તેના જ ૭ ઘોડા એ ૭ વર્ણયુક્ત

શ્વેત વર્ણના પ્રકાર છે. તેને ૭ અક્ષરોમાં વર્ણવ્યા છે,

તેથી પ્રથમ પદનું ધ્યાન એ સૂર્યનું ધ્યાન છે.

સૂર્ય આત્માનું પ્રતીક હોઈ શુદ્ધ આત્માનું જ ધ્યાન છે.

શુદ્ધ આત્માનું દર્શન કરાવનાર હોવાથી પ્રથમ પદનો મહિમા વર્ણવતા શ્રી હેમચંદ્રસૂરિજી ફરમાવે છે કે:

यदिच्छेद् भवदावाग्नेः समुच्छेदं क्षणादपि ।
स्मरेत् तदाऽऽदिमंत्रस्य वर्णसप्तकमादिमम् ॥१॥

-પ્ર- શ્લોક ૮

સદ્ગતિ: જો ભવરૂપી દાવાનળમાં એક ક્ષણમાં જ સમુચ્છેદ કરવાની ઇચ્છા હોય, તો પહેલાં પદના ૭ અક્ષરોનું સ્મરણ કરો કે જે ૭ વર્ણો સ્વરૂપના ૭ અક્ષરોની જેમ આત્મસ્વરૂપના ૭ અક્ષરોનું કાર્ય કરે છે.

'નમો' પદનું મહત્ત્વ

ન = સૂર્ય, મસ્ = ચંદ્ર

'નમઃ' એ સૂર્ય અને ચંદ્રનું પ્રતીક છે.
અહં એ સૂર્ય અને મન એ ચંદ્ર છે.
'શુદ્ધ અહં' એટલે આત્મા અને
'શુદ્ધ મન' એટલે તેના કેવળજ્ઞાનાદિ ગુણો.
એ બેનું દર્શન એક 'નમઃ' પદના સ્મરણથી થાય છે.
'નમઃ' પદ અશુદ્ધ અહં અને મનનો ત્યાગ કરાવી
શુદ્ધ અહં અને મનનું દર્શન કરાવનાર હોવાથી
સ્વયં પણ મહામંત્ર બને છે.

પ્રણવો ધનુઃ શરો હ્યાત્મા, બ્રહ્મ તલ્લક્ષ્યમુચ્યતે ।
અપ્રમત્તેન વેદ્ધવ્યં શરવત્ તન્મયો ભવેત્ ॥૪॥ અર્થાત્:

'નમો' રૂપી ધનુષ્ય ઉપર ચઢેલું મનરૂપી બાણ 'અરિહં' રૂપી લક્ષ્યને લક્ષ્ય કરીને અપ્રમત્તપણે વીંધવામાં આવે, તો 'તાહં' રૂપી તન્મયતાને પામે.

'નમો' પદ પ્રણવ સ્વરૂપ અર્થાત્ પ્રકૃષ્ટ સ્તુતિરૂપ છે, તેથી પ્રણવ જ છે. પરમાત્માની સ્તુતિરૂપ બનાવવા માટે 'નમો'ના છેલ્લા અક્ષરને ઉલ્ટાવવાથી ઓં પરમાત્મવાચક બની જાય છે, તેથી 'ૐ નમો' એ ધનુષ્ય બન્યું. એ જ રીતે 'મનસ્'ને ઉલ્ટાવવાથી 'નમસ્' બને છે. મનસ્ એ ઇંદ્રિયાભિમુખ મન છે, તેને નમસ્ વડે પરમાત્માભિમુખ બનાવાય છે, અર્થાત્ નમસ્ પદની સાથે મનસ્‌ને જોડવું તે નમસ્કારાકાર મનોવૃત્તિ કરવાનું સાધન છે.

'નમો' એ મનને ઉલ્ટાવવાની ક્રિયા છે.

જે મનથી ઇંદ્રિયાભિમુખ થઈને કર્મ બાંધતો હતો, તેનાથી જ આત્માભિમુખ બની જાય કર્મને નિર્જરે, એ પ્રભાવ 'નમો' પદનો છે, તેથી 'નમો' પદ મહામંત્ર સ્વરૂપ છે. 'નમો' પદ મનન વડે ત્રાણ કરવાની શક્તિ ધરાવે છે અથવા તો પરમાત્માની સાથે જીવાત્માને તન્મય થવાની

શુદ્ધ મંત્રણા સ્વરૂપ છે અથવા
સર્વ પ્રકારના શ્રેષ્ઠ પુરુષાર્થને આમંત્રણ આપનાર છે.
'નમો' પદ એ મોક્ષસુખનું આમંત્રણ છે.
ઇંદ્રિયો અને તેના વિષયો સાથે અથવા
દેહ અને તેના ધર્મો સાથે જોડાઈને એકમેક થયેલું મન
આત્મા અને તેના ધર્મો સાથે કે પરમેષ્ઠિઓ અને
તેમના ગુણો સાથે 'નમો' પદ વડે જોડાઈ શકે,
તેથી 'નમો' એ મહાયોગ સ્વરૂપ છે.
'નમો' પદનો પુનઃ પુનઃ જાપ જીવને ભોગી મટાડી યોગી,
સંસારી મટાડી સિદ્ધ અને જીવ મટાડી શિવ બનાવે છે.
જે આકારનું મન જે આકારના નામ વડે વશ થાય છે.
ન = સૂર્યવાચક, મો = ચંદ્રવાચક, ૐ = પરમાત્મવાચક.
ૐ ન મો = ઓંરૂપી સૂર્ય આત્મામાં
મો રૂપી ચંદ્રમાં મન વિલીન થાય છે
એટલે અહં 'અરહં' રૂપ બની જાય છે અને
'અરહં' ત્રાણરૂપ બની જાય છે.
ૐ = પરમાત્મા, ન = સૂર્ય - આત્મા, મો = ચંદ્ર - મન.
સૂર્યરૂપી આત્મામાં ચંદ્રરૂપી મન મળી જાય,
તો તે આત્મા પોતે જ પરમાત્મારૂપ બની જાય.

મળી જવાની આ ક્રિયા ત્રાણરૂપ છે અને
તેનાથી આત્મા પરમાત્મસ્વરૂપ બની જાય છે.

### 'નમો' પદનું પરમ રહસ્ય

મનને આત્મામાં વિલીન કરવાની ક્રિયાનું નામ 'નમો' છે.
'નમો' એ મનનું ત્રાણ, શરણ અને આશ્રયસ્થાન છે,
મનરૂપી હંસને વિશ્રાંતિ લેવા માટેની કમળોની શ્રેણી છે.
મનોરૂપી બાણ 'નમો'રૂપી ધનુષ્ય વડે
અરહંરૂપી લક્ષ્યને વીંધીને ત્રાણરૂપ બને છે.
'ત્રાણ' એટલે મનનું આત્મામાં વિલીન થઈ જવું,
સંકલ્પ-વિકલ્પરહિત થવું,
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ બની જવું.
તે સમાધિ માટે
'અરહં' આલંબનની અને 'નમો' ધનુષની જરૂર પડે છે.
મનની અવળી ક્રિયા છોડાવી તેને સવળી ક્રિયામાં જોડવા
'નમો' પદની આવશ્યકતા છે.
'નમો' પોતે જ અરહં અને ત્રાણવાચક બની જાય છે,
કેમકે તેમાં ૐ અરહંવાચક અને નમો ત્રાણવાચક છે.
મો રૂપી મન, ન રૂપી આત્મામાં વિલીન થવાથી
ૐ રૂપી પરમાત્મા પ્રગટ થાય છે.

તેથી મંત્રનું ઉચ્ચારણ આ પ્રમાણે થવું કે:

નમો... ઓં... અરહં... તાણં...

'નમો'માં 'મ' રૂપી મનચંદ્ર 'ન' રૂપી સૂર્યમાં મળી ગયો એટલે 'અરહં' પ્રગટ થયા. તે પ્રગટ થવાથી હંમેશ માટે ભવભય ગયો અને આત્મલાભરૂપી શરણ પ્રાપ્ત થયું.

એટલે ૭ અક્ષરમાંથી માત્ર ૐ અક્ષર બચ્યો.

બાકી બધા અક્ષરો પોતાની ભાવના સાથે પ્રણવાક્ષરમાં મળી ગયા. પ્રણવાક્ષર મૂળમંત્ર કાયમ રહ્યો.

મહા વદી ૭, બુધ

'શરણ' એટલે આશ્રય, આલંબન, ગતિ, મતિ, પ્રાણ, ત્રાણ, ભવન, આધાર ઇત્યાદિ કોઈપણ અર્થ લઈ શકાય છે.

પ્રથમ પદમાં પણ 'નમો' એ દુષ્કૃતગર્હા અર્થમાં,

'અરિહં' એ સુકૃતાનુમોદન અર્થમાં અને

'તાણં' એ શરણાગમન અર્થમાં લઈ શકાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ પરમાત્મભાવ દ્વારા આત્મભાવ કરાવનાર હોવાથી અને આત્મભાવ એ જ ધર્મકૃત્યનું કારણ હોવાથી મુમુક્ષુઓનો મહામંત્ર છે. સ્વાધ્યાય અને ધ્યાનરૂપી અભ્યંતર તપનું કારણ હોવાથી તથા પ્રાયશ્ચિત અને વિનય ઉભયરૂપ હોવાથી તેમ જ વૈયાવચ્ચ અને

કાયોત્સર્ગનું પ્રબળ અંતરંગ કારણ હોવાથી નમસ્કાર
એ આભ્યંતર તપના ૬ એ ૬ પ્રકારોનો સંગ્રહ કરનારું છે.

આ નમસ્કાર મહામંત્રના જાપનું અનુષ્ઠાન
આ રીતે આત્માને અત્યંત હિતકારી છે.

સાધુને સૂત્રાર્થ કરવાનાં કહ્યાં છે, તે બંને
મહામંત્રના જાપથી અને અર્થભાવનથી સિદ્ધ થાય છે.

ચૌદ પૂર્વીઓને પણ આ મહામંત્ર આલંબનરૂપ કહ્યો, તેનું
મુખ્ય કારણ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓનો
તે સ્મારક અને પ્રતિપાદક હોવાથી
આત્મભાવનામાં અસાધારણ કારણ બને છે.

આ નમસ્કાર મંત્ર એ મન વડે સાધ્ય થાય છે.
મન એ 'દેહલી દીપક ન્યાયે' એક બાજુ પ્રાણ અને શરીરને
તથા બીજી બાજુ બુદ્ધિ અને આત્માને સુધારનાર હોવાથી
આ નમસ્કારમંત્ર વડે આત્માની સમગ્રતા શુદ્ધ થાય છે.
મંત્રક્રિયા મુખ્યત્વે મન ઉપર, મન વડે, મન માટે થાય છે.

મન અને મંત્રનો અંતરંગ સંબંધ છે.
જેવો મંત્ર તેવું મન બને છે. જેવું મન તેવો મંત્ર ફળે છે.
તેથી મંત્રના આરાધકે મનને સુધારવું જોઈએ અને
તેના માટે શ્રેષ્ઠ મંત્ર પસંદ કરવો જોઈએ.

મંત્ર અક્ષરરૂપ હોઈ અક્ષર સદા આત્માને
મન વડે પકડી શકે છે અથવા મન જેમ સૂક્ષ્મ છે,
તેમ તેને પકડવા માટે સાધન પણ સૂક્ષ્મ જોઈએ.
<u>બાહ્ય બધા સાધનો કરતાં અક્ષરો સૂક્ષ્મ હોવાથી</u>
<u>મનને પકડવા માટે તે વધારે અસરકારક છે.</u>

સંયમ એ ઇંદ્રિય - મનના નિરોધરૂપ આત્મહિતકર છે.
તે ષડ્જીવનિકાયના રક્ષણરૂપ પરહિતકર પણ છે.
અસંયમ એ ઇંદ્રિય - મનવિષયક સ્વચૈતન્યના
અપમાન, અવજ્ઞા અને વિરાધનારૂપ છે તથા
ષડ્જીવનિકાયના વધરૂપ અન્ય ચૈતન્યની
અવજ્ઞા, વિરાધના, અપમાનરૂપ છે.
ઉભયાત્મા અસંયમ એ ચૈતન્યની વિરાધના હોવાથી
અનંત અનંત દુઃખ - અનંત અશાન્તિ ફળવાળું છે.

નાહં ન મમ, સોઽહં સ મમ ।

મહા વદી ૮, ગુરુવાર

| | |
|---|---|
| નમઃ | तव प्रेष्योऽस्मि दासोऽस्मि |
| દાસોઽહં | सेवकोऽस्म्यस्मि किंकरः । |
| — સોઽહં | ओमिति प्रतिपद्यस्व |
| — હં | नाथ! नातः परं ब्रुवे ॥१॥ (परिशिष्ट-३६) |

० એગંમિ પૂઇએ સવ્વે તે પૂઇયા હોંતિ ।
એગંમિ હીલિએ સવ્વે તે હીલિયા હોંતિ ॥ (પરિશિષ્ટ-૩૭)

०

Wherever there is life, you must rever it. If not, you will perish. In not giving due reverence to life anywhere, you are insulting yourself, because you yourself are the same. ગુંશિર સરૂપેવ । you are not different from others in life aspect. Therefore by revering life anywhere, you rever yourself. By insulting life anywhere, you are insulting your own self.

० વિષયોને જાણવાનું છોડીને પરમાર્થ વિષયોને જાણવું તે જડને જાણવાનું છોડીને ચૈતન્ય તત્ત્વને જાણવાનું છે. ચૈતન્ય તત્ત્વની ઉપાસના જીવની મુક્તિનું કારણ છે. જડ તત્ત્વની ઉપાસના જીવના બંધનનું કારણ છે.

એકમાં વિવેક છે, બીજામાં અવિવેક છે.

વિવેક એ પ્રકાશ છે, અવિવેક અંધકાર છે.

વિવેકી આત્મા ચેતનને જ જાણે છે.

અવિવેકી આત્મા જ જડને નમે છે.
વિવેક વિચારથી જન્મે અને વિચાર એ સત્યની શોધ છે.
જડ સુખરહિત છે. સુખનો આધાર ચેતન તત્ત્વ છે.
ચેતનની ઉપાસનાથી હૃદય શુદ્ધ થાય છે.

'હૃદય શુદ્ધિ' એટલે...

જીવો પ્રત્યે આત્મતુલ્ય પણ જડ પ્રત્યે આત્મભિન્નભાવ,
ચૈતન્યની ભક્તિ પણ જડની અનાસક્તિ,
ચૈતન્યની સ્પૃહા પણ જડની અસ્પૃહા તથા
ચૈતન્યમાં રહેલ જડ અંશની ઉપેક્ષા પણ
જડમાં રહેલ ચૈતન્ય અંશનું બહુમાન.

કયો ધર્મ સૌને સુખકારી?

જે ધર્મથી ચૈતન્ય તત્ત્વનું રક્ષણ-પોષણ-શોધન થાય તે.
આવો ધર્મ કોઈ એકને પણ અસુખકારી નથી.
ધર્મ સાર્વજનિક વસ્તુ છે. તે સર્વ કોઈને સુખ કરે.
કોઈ એકને કરે અને એકને ન કરે તે ધર્મ નથી,
પણ સ્વાર્થ છે માટે પાપ છે.

૦ અરિહંતો મારા ધ્યાનનું ધ્યેય, જ્ઞાનનું જ્ઞેય, દાનનું પાત્ર, અભિધાનનું અભિધેય અને સમર્પણની વસ્તુ છે.
નમસ્કાર એ નમસ્કારકર્તાનું કર્મ અને અધિકરણ છે.

કર્તા, કર્મ, કરણ અને અધિકરણ એક જ છે.
ક્રિયામાં સ્વતંત્ર હોવાથી કર્તા, ક્રિયાનું ફળ હોવાથી કર્મ,
ક્રિયાનું સાધન હોવાથી કરણ અને
ક્રિયાનું અધિષ્ઠાન હોવાથી અધિકરણ.

નમસ્કારની ક્રિયા શબ્દરૂપ, ભાવરૂપ અને ધ્યાનરૂપ છે.
શબ્દક્રિયા, ભાવક્રિયા કે ધ્યાનક્રિયા ક્ષણવારમાં જ થાય,
તોય તેનું અનંતર કે પરંપર ફળ પણ કર્તાને મળે છે.

આ નમસ્કાર એ કૃતજ્ઞતાનું પ્રદર્શન છે,
ઋણનો સ્વીકાર છે.

ચિત્ત, મન, હૃદય, બુદ્ધિ - બધા પર્યાયવાચક શબ્દો છે,
તે સર્વ પ્રકાશવાળાં છે તથા વસ્તુને જણાવનારાં છે.

તસ્ય વાચકઃ પ્રણવઃ । તજ્જપસ્તદર્થ-ભાવનમ્ ।

(પરિશિષ્ટ-૩૮)

નવકારના પ્રથમ પદના અર્થની ભાવના:

નમો = પ્રકૃષ્ટ સ્તુતિ, अरिहं = પ્રથમ પરમેષ્ઠિ, તાણં = રક્ષક.
ૐ મૂળમંત્રની અર્થભાવના : अवति ઇતિ ओं ઇત્યપિ ।
મનરૂપી મલિન જળમાં નમો अरिहंताणंના જાપરૂપી કતક-
નિર્મળી ચૂર્ણ સતત પડતું રહેવાથી સ્વચ્છ થતું જાય છે.
મનને સ્વચ્છ કરવાની પ્રક્રિયા એ જ પ્રથમ પદનો જાપ છે.

શ્રી <u>નવકારના જાપનું ફળ</u>

શ્રી નવકારમાં ચિત્તનું ચોંટવું

એ જ ચિત્તની એકાગ્રતા રૂપ બહુ મોટું ફળ ગણાય.

जन्मवानस्मि धन्योऽस्मि कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्गुणग्राम-रामणीयक-लम्पटः ॥
महीयसामपि महान् महनीयो महात्मनाम् ।
अहो मे स्तुवतः स्वामी स्तुतेर्गोचरमागतः ॥

(પરિશિષ્ટ-૩૯)

આ વગેરે વાતો જ નવકારના સાચાં ફળને જણાવે છે.

પ્રભુમાં ચિત્ત લગાડ્યા પછીનું કાર્ય આપણે કરવાનું નથી.

તે સર્વ કાર્ય આપમેળે

તેના સ્વભાવથી જ થાય છે.

આપણો પુરૂષાર્થ તો

શ્રી નવકારના અક્ષરોમાં આપણા ચિત્તને પરોવવામાં છે.

એક વખત ચિત્ત જો તે અક્ષરોના સ્મરણમાં લીન થયું,

તો પછી જન્મ કૃતાર્થ થઈ ગયો.

આ જન્મમાં મેળવવા લાયક મળી ગયું.

અરિહંતના નમસ્કારમાં ચિત્તનો પ્રવેશ થવો

એ જ અરિહંત બનવાની પ્રક્રિયા છે.

મહા વદી ૯/૧૦, શુક્રવાર

તથા હૃત્પદ્મ-મધ્યસ્થં શબ્દબ્રહ્મૈકકારણમ્ ।
સ્વરવ્યંજનસંવીતં વાચકં પરમેષ્ઠિનઃ ॥૨૯॥
મૂર્ધસંસ્થિત શીતાંશુકલામૃતરસપ્લુતમ્ ।
કુમ્ભકેન મહામન્ત્રં પ્રણવં પરિચિન્તયેત્ ॥૩૦॥
પીતં સ્તમ્ભેઽરુણં વશ્યે ક્ષોભણે વિદ્રુમપ્રભમ્ ।
કૃષ્ણં વિદ્વેષણે ધ્યાયેત્ કર્મઘાતે શશિપ્રભમ્ ॥૩૧॥

(પરિશિષ્ટ-૪૦)

વીતરાગો ભવેદ્યોગી યત્કિંચિદપિ ચિન્તયન્ ।
તદેવ ધ્યાનમામ્નાતમતોઽન્યે ગ્રન્થવિસ્તરાઃ ॥૭૬॥

(પરિશિષ્ટ-૪૧)

'નમો'રૂપી અગ્નિનો અરિહંતવહ્નિની સાથે યોગ થતાં જ મલિનતા બળતી જાય – શુદ્ધિ, ઉજ્જ્વળતાદિ વિકસતા જાય.

મન તે તામ્ર, નમસ્ તે અગ્નિ અને પારસ.

અગ્નિથી મલસંક્ષય અને મણિથી ઉજ્જ્વલીકરણ.

જો ઉપમાની અપેક્ષાએ એકેક ઉપમા જરૂર છે.

'નમો' એ છત્રનો દાંડો, 'અરિહંતાણં' એ મસ્તક પર છત્ર છે.

'નમો' એ સાઈકલનું હેંડલ અને 'અરિહંતાણં' એ વેગ છે.

'નમો' એ મોટર હાંકવાનું પૈડું, 'અરિહંતાણં' એ પ્રવેગ છે.

'નમો' અહંકારરૂપી લોખંડી કિલ્લાને ભેદવા માટે વજ્ર છે.
રાગ એ આત્માની અને દ્વેષ એ વિશ્વની અવજ્ઞારૂપ છે.

જીવતત્ત્વની અવજ્ઞા શું કરે?

તે ઘોર કર્મ ઉપાર્જન કરાવીને ભવમાં ભટકાવનારી છે.

કૃતજ્ઞતાગુણ પ્રથમ ગુણસ્થાનકની ટોચ છે.
પરોપકારગુણ છઠ્ઠા ગુણસ્થાનકની ટોચ છે.
આત્મસમદર્શિત્વ એ ૭મા ગુણસ્થાનકની ટોચ છે.
પરમાત્મસમદર્શિત્વ (૮થી૧૨ ગુણસ્થાનક સુધીનો પ્રકર્ષ છે.
૧૩-૧૪ ગુણસ્થાનક પરમાત્મસ્વરૂપ છે.

ભગવાનની ભક્તિ એ કૃતજ્ઞતાગુણનું સંગીત છે.
સર્વ જીવો સાથે આત્મતુલ્યભાવ એ જ
જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.
જીવતત્ત્વની વિરાધનાથી જ જીવ ભવમાં ભટકે છે.
જ્યાં સુધી એ વિરાધના ન મટે,
ત્યાં સુધી ભવભ્રમણ ટળે એમ નથી.
આત્માને શ્રી નવકાર સાથે અનાદિનું સગપણ હોઈ
કોઈપણ જીવને શ્રી નવકાર તત્કાળ સારી અસર કરે છે.
શ્રી નવકારના શબ્દો કાને પડતાંવેંત
તેનો ચેતનરાજ જાગૃતિ દર્શાવે છે.

## ભગવને શ્રી નમસ્કાર સંભળાવવો એટલે શું ?

સુષુપ્ત કે અર્ધસુષુપ્ત તેના ચૈતન્યરાજને સજાગ કરવો તે.
પૂરેપૂરા ભગવન્નમસ્કારનો ભાવ જગાડવાની સાથે ક્ષમતા
પરમર્ષિઓના આત્માના ઉચ્ચ પ્રકારના ભાવમાં રહેલ છે.
તેઓશ્રીને ભગવત્તત્ત્વ પ્રત્યે કેટલો ઊંચો અને અદ્વિતીય
ભાવ રહેલ છે, તે તેઓશ્રીના દર્શનમાત્રથી આત્મપ્રદેશોમાં
જે ઝણઝણાટી પેદા થાય છે, તે ઉપરથી જાણી શકાય છે.

o સૃષ્ટિની ઉત્પત્તિમાં સર્જનબળ અનાદિથી હોવાથી
કરુણા અને ઇચ્છાસ્વરૂપ છે, કેમકે
તે એના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ-ઇચ્છારૂપ છે.
એ અનાદિ હોવાથી 'શાથી છે ?' એ પ્રશ્ન અસ્થાને છે.

આ સૃષ્ટિ ઈશ્વરેચ્છાનું ફળ છે.

એનું તાત્પર્ય સર્જનબળના કરુણા છે.

ચંદ્ર = પ્રકૃતિ - રયિ - સ્ત્રી
સૂર્ય = પુરુષ - પ્રાણ - સ્ત્રીનર

| તપ = આલોચના કે વિચારણા.

પૂર્વ = પૂર્વ દિશા અથવા પ્રભાત કાળ.

<u>અજ્ઞાનની રાત્રિ વીતતા જેનો ઉદય થાય છે,
તે પ્રકૃતિ પુરુષને ભોગ અને અપવર્ગ બંને આપે છે.</u>

આત્મજ્ઞાનનાં ૪ સાધનો : તપ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, વિદ્યા.

[illegible] = ચૈતન્ય પ્રકાશવાળી જગ્યા.

અજ્ઞાન દશામાં જીવ પરરૂપમાં અભિમાની છે. મનોમય આત્મા વાસનામય રહે છે, કેમકે મન એ વાસનાઓનો અનંત સંગ્રહ છે. વાસના ભોગપ્રધાન હોય છે. અતૃપ્ત રહેલી વાસનાઓના કારણે જીવને જન્મ લેવો પડે છે.

મનનું સ્પન્દન એ જ સંસારનું ચિત્ર છે.

એ સ્પન્દન વિવેકબળે અને વૈરાગ્યબળે ટળે છે.

મનુષ્યનું શરીર પાપ અને પુણ્યના મિશ્રણરૂપ છે.

મન દ્વારા વિચાર અને બુદ્ધિ દ્વારા જ્ઞાન થાય છે. જ્યાં સુધી જીવને પોતાની શિવતાનો સાક્ષાત્ પરિચય ન થાય, ત્યાં સુધી તેને શાતા અને સંસારના અનર્થની ઇતિ નથી.

## પાંચ પ્રકારના પ્રાણનાં સ્થાનો

ઉદાન (અગ્નિતત્ત્વ)નું સ્થાન - સુષુમ્ણા નાડી

પ્રાણ (સૂર્ય)નું સ્થાન - કાન અને નેત્ર

અપાન (પૃથ્વી તત્ત્વ)નું સ્થાન - ગુદેન્દ્રિય અને જનનેન્દ્રિય

વ્યાન (વાયુ તત્ત્વ)નું સ્થાન - હૃદય અને તે સંબદ્ધ નાડીઓ.

સમાન (આકાશ તત્ત્વ)નું સ્થાન - શરીરનો મધ્યભાગ

અન્નનો રસ સર્વત્ર સમાનભાવે પહોંચાડવામાં સહાયક વાયુ 'સમાન' કહેવાય છે.

શરીર - ઇંદ્રિય - પ્રાણની સર્વોપરાવસ્થા એ જીવની જાગ્રત અવસ્થા છે. નિદ્રા એ તમોગુણમયી અવસ્થા છે.

મૂળમાં ઊંઘ પુરુષને નહિ, ઇંદ્રિયોને છે.

અધ્યાત્મ પ્રકરણમાં કહ્યું છે કે:

જેની ઇંદ્રિયો જાગતી છે, તેનો પુરુષ સૂતેલો છે.

ફલશ્રુતિ પ્રયત્નમાં પ્રેરે છે અને
યોગ્ય પ્રયત્ન ફલપ્રાપ્તિ કરાવે છે.

વિશ્વકર્તા = ઉત્પાદક, વિશ્વભર્તા = સ્થિતિ સંપાદક,
વિશ્વહર્તા = સંહારક, વિશ્વનાથ = વિશ્વગોપ્તા,
વિશ્વરૂપ - વિશ્વાધાર.

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥

(પરિશિષ્ટ-૪૨)

પરમાત્મસ્વરૂપનો હૃદયમાં આવિર્ભાવ ન થાય,
ત્યાં સુધી સર્વત્ર કલિયુગ જ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભૂલોક (સ્થૂલ) | અ | વિશ્વ | વિરાટ | જાગ્રત | ઋગ્ |
| સ્વર્ગલોક (સૂક્ષ્મ) | ઉ | તૈજસ | હિરણ્યગર્ભ | સ્વપ્ન | યજુર્ |
| બ્રહ્મલોક (કારણ) | મ | પ્રાજ્ઞ | સૂત્રાત્મા | સુષુપ્તિ | સામ |

સત્ય - અમૃત - સત્તા. પરમાત્મા = સર્વભૂતાન્તરાત્મા.

પરમાત્મા આત્મલાભમૂલક, ભક્તિભાવપ્રધાન, નિષ્કામ છે.

કર્મયોગ એ મુક્તિનું અનન્ય સાધન છે.

જે વિદ્યામાંથી આત્માની ઓળખાણ ન થાય, તે નિષ્ફળ છે.

આત્મા જ વિશ્વનો આધાર છે.

'અધ્યાત્મ' શબ્દના ત્રણ અર્થ છે:

પ્રાણ - ચિત્ત - શરીર (શરીર - મન - આત્મા).

પહેલાં પ્રણામ, પછી સેવા, પછી પ્રેમ.

કસ્મિન્ વિજ્ઞાતે સર્વમિદં વિજ્ઞાતં ભવતિ ।

- મુંડકોપનિષદ્ (પરિશિષ્ટ-૪૩)

શ્રેષ્ઠ વસ્તુને લગતી વિદ્યા તે પરા (શ્રેષ્ઠ) વિદ્યા,

પરમાત્માને લગતી વિદ્યા, અનુભવ સ્વરૂપ જ્ઞાનલાભ.

કોહીનૂરની આગળ કાચનો ટુકડો જેમ

પરમાત્મા આગળ બાકી બધા પદાર્થો ક્ષુદ્રાતિક્ષુદ્ર છે.

પરમાત્મવિદ્યા સામે બાકી બધી વિદ્યાઓ અવિદ્યાઓ જ છે.

ઈશ્વરપ્રાપ્તિ વેદાદિ વિદ્યામાં નથી,

પણ ઈશ્વરાનુભવમાં છે અને તે ઈશ્વરાધીન છે.

વેદાદિ વિદ્યા માર્ગદર્શક ભોમિયારૂપ છે.

ઈશ્વરપ્રાપ્તિ અધિકાર સંપત્ના ઉપરમમાં છે.

આપણો પ્રયત્ન યોગ્યતાવૃદ્ધિ - અયોગ્યતાહાનિ માટે જોઈએ.

તેમાં વેદાદિ વિદ્યા સહકારી છે, પણ તેનો સીધો સંબંધ નથી.

વિભૂતિ (રાખ)માં અગ્નિની જેમ જગતમાં બ્રહ્મ રહેલું છે.

શાસ્ત્રરસ હોય તે ઈશ્વરરસ હોય જ એવો નિયમ નથી,

વેદવિદ્યા જો અનુભવમાં ન પરિણમે,

તો તે ભારરૂપ અને પોપટપાઠ સમાન છે.

છંદ = અક્ષર-માત્રાનો મેળ બતાવનારું.

વિભુ = વિવિધ રીતે થનારું, સર્વરૂપે વર્તનારું.

કલ્પ = વૈદિક યજ્ઞવિધાને શીખવનારું શાસ્ત્ર.

નિરુક્ત = વૈદિક શબ્દોની વ્યુત્પત્ત્યાદિ બતાવનારું.

વ્યાકરણ = પદપદાર્થની અશુદ્ધિ દૂર કરી શુદ્ધિ સાધનારું.

જ્યોતિષ = યજ્ઞયાગાદિ માટે શોભનકાળ નિશ્ચિત કરનારું.

શ્રદ્ધા = આસ્તિક્ય બુદ્ધિ

સત્ય = યથાર્થ ચિન્તન અને યથાર્થ વચન.

શ્રોત્રિયતા = શાસ્ત્રીય વિદ્વત્તા.

ધીર = આત્મનિષ્ઠ મતિવાળા બુદ્ધિમાનો.

अचक्षुः श्रोत्र - अपाणिपाद ।

શિક્ષા = વેદોના શુદ્ધ ઉચ્ચારણ માટે ઉદાત્તાદિ સ્વર વગેરેને શીખવનારું શાસ્ત્ર.

અમૃતતત્ત્વ = સદા અમર તત્ત્વ - પરમાત્મા.

બ્રહ્મનિષ્ઠતા = પરમાત્મામાં જીવની સ્થિતિ.

## વિવેકગુણ

વિનાશી સુખ સાથે વિવેકને મેળ નથી, વિવેક શાશ્વત સુખને જ ચાહે છે. અવિચારદૃષ્ટિએ રમણીય પણ વિચારદૃષ્ટિએ ભયંકર સ્વર્ગસુખમાં વિવેકી રમતો નથી. જન્મ-મરણ જેના ગર્ભમાં છે, તે સુખ આપાત રમણીય હોય તો પણ ત્યાજ્ય છે, એ વિવેકનું ફળ છે.

મોક્ષસુખ સોનાનું કડું છે, જ્યારે સ્વર્ગસુખ એક ટીકડી છે.

સ્વર્ગસુખના લોભિયા અંતે ઠગાય છે.

લોભિયા હોય ત્યાં ધુતારાનો જ વિજય થાય.

વિવેકચક્ષુ વિનાનો ચામડાની મોટી આંખો છતાં આંધળો છે.

રાગ આત્મજ્ઞાનનું મહાઆવરણ છે.

રાગી વિનશ્વર પદાર્થના દોષ દેખી શકતો નથી,
દ્વેષી અવિનશ્વર ભાવોના ગુણ જાણી શકતો નથી.

જન્મ-મરણનું બીજ અજ્ઞાન છે,
આત્માના સમ્યગ્દર્શન સિવાય અવિદ્યાનું બીજ ન બળે.

સંન્યાસ બાહ્ય ચિહ્નોમાં નહિ, પણ રાગ-દ્વેષના ત્યાગમાં છે.

ઈશપ્રાપ્તિ ભાવુકતામાં છે, બાહ્ય દેખાવમાં નથી.

મહત્તા વેષ કે આકૃતિની નથી, પણ સાધન-સંપત્તિની, વિવેક-વૈરાગ્ય-શમદમાદિ ગુણો અને મુમુક્ષુભાવની છે.

## બુદ્ધિ અને હૃદય

વિશ્વમાં વિશ્વબુદ્ધિ ન રાખતાં
વિશ્વનાથની બુદ્ધિ રાખવી જોઈએ છે.
પરમાત્મા સિદ્ધ છે, સાધન અસિદ્ધ છે.
સાધનના લીધે પરમાત્મા અસિદ્ધ લાગે છે.
પરમાત્મા બુદ્ધિગમ્ય નહિ, હૃદયગમ્ય છે.
હૃદયની મોટી ગાંઠ અજ્ઞાનની છે અને બીજી જન્મતી
અવિદ્યા - અસ્મિતા - રાગ-દ્વેષ - ભય વગેરેની છે.

## પરમાત્માને કોણ જાણી શકે?

અભ્યાસ-વૈરાગ્યથી નિરુદ્ધ ચિત્તવાળા જ
હૃદયમાં રહેલા પરમાત્માને જાણી શકે છે.
ચેતન જ્યોતિ છે, માટે જ જગદાંધ્ય પ્રસંગ આવતો નથી.
પરમાત્માની પ્રાપ્તિ ઈશ્વરપ્રણિધાનરૂપ ક્રિયાયોગથી થાય.
તપ = શુદ્ધ વિચાર, એકાગ્રતા.
સમ્યગ્જ્ઞાન = વસ્તુમાત્રને લાગતું અબાધિત જ્ઞાન.
બ્રહ્મચર્ય = સર્વેન્દ્રિય નિગ્રહ.
સત્ય = યથાર્થ ચિન્તન, ભાષણ.
સત્યનો જ જય એટલે આત્માનો જય,
અસત્ય એટલે દેહાદિનો નાશ.

પરમાત્મા જ અંતિમ સત્ય છે, તેથી
તેમની પ્રાપ્તિનો ઉપાય પ્રારંભથી જ સત્ય હોવો ઘટે છે.
પરમાત્મા મહાન છે, મહત્તાની અવધિરૂપ છે.
પરમાત્મા આશ્ચર્ય છે, આશ્ચર્યની અવધિરૂપ છે.
પરમાત્મા સૂક્ષ્મ છે, સૂક્ષ્મતાની અવધિરૂપ છે.
ધ્યાનની પ્રકૃષ્ટાવસ્થા જ્ઞાનપ્રસાદ કે પરમ વૈરાગ્યરૂપ છે.
જ્ઞાન કે ક્રિયા વડે પ્રભુ મળતા નથી, પણ
પવિત્ર હૃદયના પુરુષોને ધ્યાનના પ્રકર્ષરૂપ
જ્ઞાનપ્રસાદ કે પરમવૈરાગ્ય દ્વારા પરમાત્મા દેખાય છે.
પરમ વૈરાગ્યના પ્રબળ સંસ્કારથી ચિત્ત જ્યારે વૃત્તિશૂન્ય
થાય છે, ત્યારે સૂક્ષ્મ સ્વરૂપે આત્મા દેખાય છે.
વિવેકી પુરુષે શરીરસ્થ પ્રાણનો નિરોધ કરવો,
તે દ્વારા ઇંદ્રિયોનો પ્રત્યાહાર કરવો,
પ્રત્યાહૃત ઇંદ્રિયોને ચિત્તમય કરી ચિત્તને પરમ વૈરાગ્યથી
અટલ કે ધ્યાન-ધારણાના બળથી વૃત્તિશૂન્ય કરીએ,
ત્યારે સ્વરૂપ પ્રતિષ્ઠિત આત્મા સમજાય છે.
ઐશ્વર્ય કરતાં સત્ય વધે છે, કેમકે તે અંતે અસત્ય છે
અને એક આત્મા જ સત્ય છે, કાયમ ટકનારો અમૃત છે.
નિઃસ્વાર્થભાવે સેવા = પ્રેમની ખાતર પ્રેમથી સેવા.

આત્મા સૌથી રમણીય હોઈને કમનીય છે.

મેધા = ગ્રન્થ ગ્રહણ - ધારણા પટુ પરિણામ. સાધન ભજનું સંપન્ન થવું એ જ પરમાત્માને મેળવવાનો ઉપાય છે.

વેદાન્ત વિજ્ઞાન સુનિશ્ચિતાર્થ = વેદાન્તના શ્રવણ - શબ્દતઃ અને અર્થતઃ અભ્યાસથી સારી પેઠે દૃઢતાથી નિશ્ચિત થયો છે અર્થ જેને. અર્થ = પરમ પદાર્થ પરમાત્મા એવા પુરુષો.

અધ્યાત્મવિદ્યા એ ગાયો પાળી છે, સિંહણનું દૂધ છે.

તત્ત્વદર્શન = આત્મા જેવો છે તેવો તેને અનુભવવો.

એ જ અધ્યાત્મ શાસ્ત્રમાત્રનો એકમાત્ર ઉદ્દેશ છે.

બહિઃ પ્રસઃ = બહારના પદાર્થોના ભાનવાળો.

બાહ્ય પદાર્થો ભોગવવા માટે નહિ, પણ જીવને વિરાગ આપવા અને તે દ્વારા જાતને જાગ્રત કરવા માટે છે.

વિવેક અસત્ય સાથે માંડવાળ કરવા અશક્ત છે.

'એકાત્મ-પ્રત્યયસારં' કેવળ આત્માનુભવગમ્ય છે.

અ = પ્રથમ ઉપસ્થિતિ - આદિમત્વ (મુખ્યત્વ).

ઉ = ઉત્કર્ષ - ઉભયત્વ.

જ્ઞાનની સંતતિ - વિવેકવૈરાગ્યાદિનો ઉત્કર્ષ - ઉન્નતિ

ઉભયત્વ - સમાનદર્શિત્વ.

સ્વધર્મરતિ = પરધર્મવિરતિ.

વિવેકમાંથી વિરાગ અને તેમાંથી સ્વરૂપસ્થિતિ જન્મે છે.
ઊંધી સમજ અનર્થમાત્રની માતા છે.
દેહ, ઇંદ્રિયો વગેરેમાં સમજવું આત્મભાવ એ સંસાર છે.
સ્વરૂપના સત્ત્વજ્ઞાનમાં જ જન્મ-મરણની વિશ્રાંતિ છે.
ભૂખ છે ભોગ ભોગવવાની અને તૃષા છે અતૃપ્તિની.
જેમ ભૂખની તૃપ્તિ થઈ જતાં તરસ લાગે જ,
એ જ રીતે ભોગ ભોગવે તેમ તેની તૃષ્ણા વધે જ.
માનવશરીર પશુની જેમ કેવળ ભોગ ભોગવવા માટે નથી,
પણ ભોગ-અપવર્ગ ઉભય માટે છે.
પોતાની અસ્મિતા કાયમ રાખવાનો સૌને આગ્રહ રહેય છે.
જેમ દુનિયામાં ભૂખથી લાખો જ કષ્ટ મરે છે, તે રીતે
ઇંદ્રિયોના અતિમાત્ર ભોગથી જન્મ-મૃત્યુનો ભોગ થવાય.
ભોગ્ય અને ભોગના સાધનો હંમેશા પરાર્થે રહેય છે,
તે સદા સ્વાર્થે હોતાં નથી.
દેહાદિ જીવદેહના ભોગના સાધનો છે
અને જગદાદિ સ્થાવરાદિ ભોગ્ય છે.
પરરૂપમાં સમાધિમયતા જીવની કરુણ સ્થિતિ છે.
અતીતનું ચિંતન છોડી, વર્તમાનને સ્વી લઈ,
ભાવિમાં જન્મ ન થાય તે માટે વિવેકીનો યત્ન રહેય છે.

કૃતે ચ પ્રતિકર્તવ્યં એષ ધર્મઃ સનાતનઃ । (પરિશિષ્ટ-૪૪)

મુક્તસ્વરૂપ આત્મા બંધનમાં આનંદ માને,
એ જ અવિદ્યાનો ચમત્કાર.

સર્વ દુઃખનાં નિદાનરૂપ દેહાત્મભાવ છે.
તે દૂર કરી પરમાત્મભાવમાં સ્થિર થવું એ જ પરમ પુરુષાર્થ.
આત્મસ્વરૂપ સ્થિતિમાં મોક્ષ - તે સિવાય બાકી બંધન.

હું સુખી - રાગી, હું દુઃખી - દ્વેષી, હું મૂઢ - મોહી.
સુખ, દુઃખ, મોહ આદિ વૃત્તિરૂપ છે.

સમસ્ત બ્રહ્માંડ પ્રજ્ઞાનેત્ર છે, એટલે કે
જેમ નેત્ર વડે મનુષ્ય દોરાય છે, તેમ જ્ઞાન સ્વરૂપ
આંખથી સમસ્ત બ્રહ્માંડ સમસ્ત વ્યાપારમાં દોરાય છે.

૦ ત્રણ સ્વરો = ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત.
ત્રણ માત્રાઓ = હ્રસ્વ, દીર્ઘ, પ્લુત.
ઉચ્ચારણના પ્રયત્ન વિશેષનું નામ 'બલ' છે.
વર્ણોનું મધ્યમ સ્વરે ઉચ્ચારણ તે 'સામ' છે.
સ્વર = અવાજ. સંહિતા = સંતાન, સંધિ, વર્ણોનું જોડાણ.

પરમાત્માની જેમ જીવાત્મા પણ સત્ય સંકલ્પ છે.
તે જે ઇચ્છે તે પ્રાપ્ત કરી શકવા સમર્થ છે, તેથી
જીવાત્માએ સદિચ્છા જ કરવી જોઈએ, અસત્ નહિ.

ઉપાસના = પાસે બેસવું.

સ્વાધ્યાય અને પ્રવચન એ માનસિક સ્નાનો છે.

એ વડે મન ધોવાય અને સ્વચ્છ થાય છે.

સ્વાધ્યાય સત્યરૂપ અને પ્રવચન એ તપરૂપ છે.

સ્વાધ્યાય બુદ્ધિ અધ્યયન અને પ્રવચન અગત્યનાં છે.

બ્રહ્મજ્ઞાનની રીતે સર્વોચ્ચ છે.

ભગવાનથી જગ સાથે જોડેલા મલીન મનને શાસ્ત્રાભ્યાસ,
સત્સંગ આદિના ફટકાથી નજીક બેસવાનું મન થાય છે.

ભગવાનનો ખોળો એ જ ભક્તોનું જન્મસિદ્ધ સ્થાન છે.

વિદ્યા વર્તનમાં ઉતારવા માટે છે.

વર્તન વિનાની વિદ્યા શીલાનો ગાંઠિયો છે.

અંતે = નિકટમાં વાસી (રહેનાર) તે અંતેવાસી.

અનુશાસન = અનુલંઘ્ય ઉપદેશ.

સત્યં વદ । ધર્મં ચર । સ્વાધ્યાયાત્ મા પ્રમદઃ ।

અર્થાત્: સાચું બોલ. ધર્મ આચર. સ્વાધ્યાયમાં પ્રમાદ ન કર.

સત્ય ચિન્તન અને સત્ય વચન એ
પરમાત્માની ઉત્તમ ભક્તિ છે.

રાગ-દ્વેષ વિરુદ્ધ ન હોય, તે કર્મો નિર્દોષ જાણવા.

શુદ્ધ હૃદયમાં સૂક્ષ્મ પદાર્થને જોવાનું સામર્થ્ય હોય છે.

આત્મા ઇંદ્રિયોના અવલંબરૂપ છે.

o વિજ્ઞાનમય આત્માનું શિર શ્રદ્ધા છે.

માનસસત્ય અને વાચિકસત્ય તેના પાંખો છે.

ચિત્તની એકાગ્રતા ધડ છે અને બ્રહ્મ પૂંછડી છે.

o આનંદમય આત્માનું શિર 'પ્રિય' છે.

મોદ અને પ્રમોદ ડાબી-જમણી પાંખ છે.

આનંદ એનું ધડ છે, બ્રહ્મ એનો આધાર છે.

| | |
|---|---|
| દર્શનજન્ય આનંદ 'પ્રિય' | ધડ |
| પ્રાપ્તિજન્ય આનંદ 'મોદ' | આનંદ |
| ઉપભોગજન્ય આનંદ 'પ્રમોદ' | છે. |

સુકૃત = સૌથી શ્રેષ્ઠ, સુંદર અને સ્વયં સર્જક.

આત્મા રસરાજ અને આનંદનો અખૂટ ખજાનો છે.

તાપ = હૃદયને અશાન્તકાળમાં સતાવતો શોક.

ઉપનિષદ્ = રહસ્યવિદ્યા.

ભય નિરતિશય બનતાં જ ઉભય બની જાય છે.

સાચો કુળનન્દન કુળતારક બને છે.

અન્ન, પ્રાણ, મન વગેરે

જીવનમાં અતિ ઉપયોગી હોવાથી તેને જ 'બ્રહ્મ' કહે છે.

જ્યાં સુધી અસત્ય હોય, ત્યાં સુધી સત્યાત્માને કળ ન વળે.

બ્રહ્મ કોઈના ઉપદેશથી નહિ, પણ સ્વાનુભવથી જણાય.

## સ્વાનુભવ માટે તો

અનુભવ લેનારનો પોતાનો વિચાર જ ઉપયોગી નિવડે છે.

तपि आलोचने। ચોતરફ પુરતો વિચાર.

યોગાત્મ હૃદયની વિચારણા એ જ તપ છે.

ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः।

– જ્ઞાનસાર (પરિશિષ્ટ-૪૫)

ચિત્તની એકાગ્રતાપૂર્વકની વિચારણા એ જ પરમતપ. જે બાહ્યતપ એકાગ્રતામાં સહાયક છે, તે ઉપચારથી 'તપ' છે.

'વિજ્ઞાન' એટલે બુદ્ધિ.

બુદ્ધિને વટાવ્યા પછી હૃદયનું સ્થાન આવે છે.

હૃદય = સમત્વવાળી બુદ્ધિ.

સમત્વથી નિર્ધારણા અને સ્વયંભૂ આનંદ જન્મે છે.

પરમ વ્યોમ = સૌથી શ્રેષ્ઠ હૃદયાકાશ.

આત્મજ્ઞાનીની રીતિ એ જાગવાની રીતિ છે.

આ જીવનમાં મનુષ્યે કૃતજ્ઞ થવું ઘટે, કેમકે ધૂળના કણનો પણ તેના ઉપર ઉપકાર છે.

અમૃતની નાભિ = પરમાત્માનું કેન્દ્રસ્થાન.

'આત્મા એ જ્યોતિસ્વરૂપ છે'

અહીં જેણે અનુભવ્યું તે સર્વોત્તમભાવમાં પૂર્ણ બને છે.

જેનું પૃથક્ અસ્તિત્વ રહી, તે સ્વરૂપે સર્વરૂપ થાય છે.
'સર્વભૂતાત્મભૂતાત્મભાવ' એ જીવનનું ઈશ્વરનું રહસ્ય છે.

'આત્મા' શબ્દ ૩ ધાતુઓ ઉપરથી બને છે:

અપ્ = વ્યાપ્તિ બોધક - સર્વત્ર વ્યાપક

અદ્ = ભક્ષણવાચક - સર્વભક્ષક

અત્ = સતતગમન દર્શક - સર્વગત.

[1]કાળ, [2]સ્વભાવ, [3]નિયતિ, [4]પ્રારબ્ધ, [5]પંચભૂતો અને [6]જીવાત્મા.

## ધ્યાનયોગની મહત્તા

ધ્યાન = સાત્ત્વિક ચિત્તની લક્ષ્યમાં એકતાનતા.

ધ્યાનયોગમાં અપ્રતિહત દર્શનશક્તિ રહેલ છે.

યમ-નિયમ સંપન્ન થઈ, આસનજયી થઈ, પ્રાણ ઉપર વિજય મેળવી, ઈંદ્રિયોને સ્વચિત્તમય કરીને લક્ષ્યમાં સાત્ત્વિક ચિત્તની એકતાનતા કરવી તે 'ધ્યાનયોગ' છે.

ધ્યાન એ આત્માનો ઉપચાર અને મહાઅર્ચન છે.

ધ્યાનથી જ આત્મા પ્રસન્ન થાય છે.

ધ્યાનયોગ સત્ય નિશ્ચયાત્મક છે,

ધ્યાનમાં બીજું સરલ અભ્યાસ થવો.

પરમાત્મા જીવાત્મા સહિત કાળ-સ્વભાવાદિ કારણોને પોતાના વશમાં રાખે છે.

પ્રાણીમાત્રને વગર સાંકળે બાંધનાર તૃષ્ણારૂપી સાંકળ છે.
ઈશ્વરના ઈક્ષણથી સચરાચર પ્રકૃતિનો જન્મ થાય છે.
જીવાત્માના પરમપ્રેમનું જે એક જ પાત્ર છે, તે પરમાત્મા.
વિવેક, વૈરાગ્ય દ્વારા પ્રકૃતિથી ભિન્નતાનું ભાન થાય છે
અને પરમાત્મા ઉપર નિરતિશય અને નિષ્કામ પ્રીતિથી
સર્વ જીવોની સાથે અભિન્નતાનું ભાન થાય છે.
ભોગ્ય પ્રકૃતિ, ભોક્તા જીવ, ભોજયિતા પરમાત્મા છે.
એ ત્રણે મૂળમાં તો બ્રહ્મરૂપ જ છે.

સંસારથી છૂટવાના 3 ઉપાયો:

(૧) પરમાત્માનું પરમ પ્રેમથી ચિન્તન.
(૨) તેમના પરમ પ્રેમથી વારંવાર મનનું જોડાણ.
(3) છેવટે તદ્રૂપતા.

ચિન્તન, જોડાણ અને તત્વભાવ એ ત્રણે
પરિપક્વ થાય ત્યારે અજ્ઞાન નાશ પામે છે.
અભિધ્યાન = પરમ પ્રેમથી વારંવાર ચિન્તન.
સ્વરૂપપ્રાપ્તિથી વિગતતૃષ્ણા, આપ્તકામ થવાય છે.
જાણવા જેવું કાંઈપણ હોય તો મનુષ્યના હૃદયમાં રહેલું
આત્મતત્વ બ્રહ્મસ્વરૂપ છે તે. પ્રભુ સિવાય બહારનું જેટલું
જાણીએ છે તે અજ્ઞાન જ છે, તેનો અપરિમિત સંગ્રહ છે.

તત્ત્વજ્ઞાનાદ્ હાનોપાદાન ચેષ્ટા ચ

પ્રકૃતિનું હાન અને પુરુષનું ઉપાદાન થાય છે.

ઈશ્વર સમાધિથી પ્રત્યક્ષ થાય છે.

નિગૂઢ પરમાત્મા પ્રેમબળે પ્રણવ દ્વારા અંતરમાં જોઈ શકાય.

પરમ પ્રેમપૂર્વક વિરહીની માફક નામસ્મરણ એ જ
પરમાત્માને મેળવવાનો પરમ ઉપાય છે.

સ્વ-દેહમરણિં કૃત્વા પ્રણવં ચોત્તરારણિમ્ ।
ધ્યાનનિર્મથનાભ્યાસાત્ દેવં પશ્યેત્ નિગૂઢવત્ ॥

(પરિશિષ્ટ-૪૬)

પરમાત્માનો વિચાર જ અધ્યાત્મવિદ્યા છે.

પ્રાર્થના એ હૃદયનો મેલ કાઢવા સર્વોત્તમ વિરેચન છે.

નમ્ર હૃદયની પ્રાર્થનાથી પરમાત્મા પીગળે છે અને
પ્રાર્થના કરનાર ઉપર અનુગ્રહ કરે છે.

જગદાકારબુદ્ધિ બંધન - આત્માકારબુદ્ધિ મુક્તિનું કારણ છે.

'યથાશક્તિ' શબ્દ જીવાત્માની અલ્પજ્ઞતા
અને અલ્પશક્તિતાના સ્વીકાર સ્વરૂપ છે.

'વશીકાર' નામના વૈરાગ્યની અવસ્થામાં
સાત્ત્વિક ચિત્તની એકાગ્ર ધ્યેયનિષ્ઠા તે 'સંપ્રજ્ઞાત યોગ',
તેનાથી દૃષ્ટાભાવનું પરદૃષ્ટા પરમાત્મામાં અવસ્થાન થાય.

પરવૈરાગ્યના બળે સાત્ત્વિકવૃત્તિનો ત્યાગ કરી નિર્વિષય ચિત્તની વિલયપૂર્વક સ્વરૂપાવસ્થા તે 'અસંપ્રજ્ઞાતયોગ'.

## યોગાભ્યાસથી શું થાય?

જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, મંદાગ્નિ ટળે છે, પ્રાણવાયુ વશ થાય, પ્રાણની અનિયત ગતિ દૂર થાય અને માદક અન્નને ત્યાગવાની બુદ્ધિમતિ પણ જાગે છે. વિવેકશક્તિ વધવાથી રાજસ-તામસ આહારમાં રૂચિ ટળે છે અને યોગ સહાયક સાત્ત્વિક આહારમાં રૂચિ જાગે છે.

o શાંતિ વિયોગમાં રહેલ છે.

પરમાત્માનો વિયોગ કદી હોતો નથી, તેથી શાંતિ અનવકાશ છે.

પ્રકૃતિના વિયોગમાં ઈશ્વરનો યોગ હોવાથી તેને કદી શાંતિ થતો નથી.

o સર્વદા પ્રણમન એ સૃષ્ટિની સ્વાભાવિક રચના છે. નમન ન હોવું એ સૃષ્ટિ વિરુદ્ધ કાર્ય છે. સૃષ્ટિની અદ્ભુતતા જ જીવનમાં નમનભાવને સહજ બનાવે છે.

પરમાત્મભાવની પ્રાપ્તિ પહેલાં પણ નમ્રભાવ અને પછી પણ નમ્રભાવ, એ સ્થિતિ છે.

ક્ષુદ્ર એવું પાણી પણ જો પોતાની ક્ષુદ્રતા તજે નહિ, તો મહામહિમ પરમાત્મા પોતાના મહિમાને કેમ તજે?

'ન તસ્ય પ્રતિમા અસ્તિ' તેનો ઉલ્થ થઈ નહિ.

શ્રદ્ધા હૃદયની, વિવેક બુદ્ધિનો અને એકાગ્રતા મનની,

એ ત્રણે વડે પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

'ઈશ્વરદર્શન' એટલે ઈશ્વરની હૃદયમાં સમજ.

ગાઢ - દૃઢ શ્રદ્ધા અને એકાગ્રતા એ બે ઉપાયો વડે

ઈશ્વર દેખાય એવો સમજાય છે.

વૃત્યાત્મક ભાન એ અભાન છે. સત્ય કાગળે ચડતું નહિ.

'ખોટી સમજ' એટલે ગુણમાં આત્મભાવ.

સ્વભાવનો કદી અભાવ હતો નહિ.

૦ ભક્તિપ્રિય પરમાત્મા ભક્તિથી જ પકડાય.

અપ્પાણં વોસિરામિ એટલે દેહાત્મભાવનો ત્યાગ કરું છું.

શરીરનો ત્યાગ કરવા પહેલાં

જેઓ શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરે છે,

તેઓ નવું શરીર ન પામી, અશરીરી અવસ્થાને વરે છે.

કાળ-સ્વભાવ સહકારી કારણો છે.

પરમાત્મા નિરપેક્ષ, સ્વતંત્ર, સર્વતંત્ર કારણ છે.

વિવિક્ત આત્મદર્શી સાધક પરમાત્માનો સમાનધર્મા હોઈ

તે પરમાત્માને પામે છે.

વિનય, નમ્રતા, સેવાદિ ન હોય તે 'અશિષ્ય' છે.

ઈશ્વરભક્તિ અને ગુરુભક્તિ જેના હૃદયમાં નહિ, તે બૃહસ્પતિ જેવો બુદ્ધિશાળી હોય, તો પણ તેને અધ્યાત્મવિદ્યાનો પ્રકાશ લાધતો નથી. દેવ-ગુરુના પ્રભાવે ભવમાત્ર એક દિવસે તો દેવ-ગુરુ ભક્તિવાળો બનવાનો જ છે, તેથી 'સૌના હૃદયમાં તે ભક્તિ પ્રગટો' એવા શુભાશિષપૂર્વક દિવસની સમાપ્તિ કરીએ છીએ.

'यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः ।
तदा देवं अविज्ञाय दुःखस्यान्तं गमिष्यति ॥१॥'

(પરિશિષ્ટ-૪૭)

○ અભાવને ટાળવા અને ભાવને મેળવવાના ત્રણ ઉપાયો તે અનુક્રમે કર્મ, ઉપાસના અને જ્ઞાન છે.

તે સિદ્ધ થયાં પછી પણ

જ્ઞાનયુક્ત, ભક્તિપ્રધાન, નિષ્કામકર્મ ચાલુ જ રહે છે. કર્મ કર્યા વિના છુટકો નથી, પણ તે જ્યારે સમજ અને શુદ્ધિ પૂર્ણ હોય છે, ત્યારે સમર્થ બને છે.

'નમો' એ મોક્ષનું દ્વાર

ૐ અનુજ્ઞા - અનુમતિવાચક છે.

આ અનુમતિ સાચી સમૃદ્ધિ, મનોકામના પૂર્ણ કરનારી છે. 'નમો' એ અનુમતિ, અનુમોદન અને અનુજ્ઞા છે.

જીવનની સારી વૃત્તિઓ દૈવ છે, બૂરી વૃત્તિઓ દૈત્ય છે. આ બંને વૃત્તિઓ વચ્ચે અનંતા કાળથી પોતપોતાનું વર્ચસ્વ જીવન ઉપર જમાવવા માટે યુદ્ધ ચાલી રહ્યું છે.

એનું સરવાળ તો જાણું તપાસવાજેવું છે.

શરૂમાં દૈત્ય જીતે અને અંતે દૈવનો વિજય થાય છે.

દૈવમાં સત્ત્વ છે, દૈત્યમાં અસત્ત્વ છે.

અંતે અસત્ત્વ એ સત્ત્વ સામે ટકતું નથી.

જ્યાં સુધી મનુષ્ય કેવળ પોતાની જ વ્યક્તિનો ખ્યાલ કરી જીવવા ઇચ્છે છે, ત્યાં સુધી એની પ્રવૃત્તિ પાપ-પુણ્ય ઉભયના સ્પર્શથી બંધાયેલી રહે છે, પણ જ્યારે એ વ્યક્તિ બૃહત્ જીવનમાં પોતાને ડુબાડી દે છે, ત્યારે એને યદ્યપિ આકુળતાઓ પીડવા આવે છે ખરા, પરંતુ

તે ભલો તેને પીડી કે પજવી શકતા નથી.

જેમ અભેદ્ય પાષાણ ઉપર અથડાતાં માટીનું ઢેફું નાશ પામે, તેમ બૃહત્ જીવનના ઉપાસક સામે પાપવૃત્તિ આવતાં તે તત્ક્ષણ નાશ પામે છે. બૃહત્ જીવન ઈશ્વરનું - ઈશ્વર એ બૃહત્ જીવનનું જ રૂપ છે. આમ ઈશ્વરને જે બૃહત્ જીવનરૂપે ઉપાસે છે, તેની ઉપાસના ચોમેરથી રક્ષા કરે છે. બૃહત્ જીવનનો ઉપાસક પ્રાણીમાત્રને આશીર્વાદરૂપ છે.

## એક શોધનાર પ્રશ્નોત્તર

પરમાર્થ દૃષ્ટિએ તો સર્વ જીવો ભગવત્ સ્વરૂપ છે,
પણ પરમાર્થ વ્યવહારમાં ઉતરે ત્યારે સાચું. વ્યવહારમાં
પરમાર્થનો અવતાર કર્યો હોય, તેવા જીવનાં લક્ષણ શું?
પામર જીવન અને પ્રભુમય જીવનમાં ફરક શો?

બહારના દેખાવમાં ભલે સરખા હોય,
પણ આંતરજીવનમાં શો ફરક પડે?

ઉત્તર: આદર્શ સ્મરણ, આલોચન, માર્જન સતત હોય તે.
અણિમાદિ સમસ્ત ઐશ્વર્ય, અહિંસાદિ અખિલ ધર્મ,
સુકૃતિમાંથી જન્મતો પરિપૂર્ણ યશ, સપ્રમાણતા વગેરેથી
જન્મતું - પ્રતીત થતાં તન, મન, મતિ, હૃદય, ભાવ, વિચાર
વગેરેનું નિખિલ સૌંદર્ય, સ્વપર પ્રકાશક અશેષજ્ઞાન,
અને પર - અપર સંપૂર્ણ વૈરાગ્યાદિ આત્મામાં છે જ.
સત્તામાત્રની સંપૂર્ણ સ્વાકૃતિ જે છે તે ભગવાન જ છે,
એવી દૃઢ પ્રતીતિ, ખાત્રી હોય તે પરમાર્થી જીવના લક્ષણ.
'આ વિશ્વમાં બીજું સંભવી જ ન શકે' એવી પૂર્ણ
પ્રતીતિયુક્ત - નિઃસંશય મનઃસ્થિતિ તે જીવની હોય.
જેનું સ્થૂલ શરીર જીવતું હોય, પણ લિંગ અને કારણ
શરીરનો છેવટનો ભંગ થયો હોય તે જીવન્મુક્ત ચરમદેહી,
પરમ પ્રેમાવતાર, પરમયોગી અને કૈવલ્યે સ્વામી છે.

પ્રેમમાં કરોડો મહાયોજનની શક્તિ છે.

પ્રેમ

વગર શસ્ત્રે દિગ્વિજયી થઈ શકે છે.

પ્રેમ

વજ્રની ધાતુને પણ પળમાં પીગળાવે છે.

માયા = યા + મા = જે નથી છતાં છે એમ બતાવે તે.
સંકલ્પ કે ઈચ્છા એટલે અધિકૃતતા માત્ર સૃષ્ટિને સર્જે છે.
વેદમાં સ્વધા, ઉપનિષદમાં માયા, સાંખ્યમાં પ્રકૃતિ કહે છે.
સૃષ્ટિ અવસ્થામાં પ્રકૃતિ, પ્રલયાવસ્થામાં પ્રધાન કહે છે.
આ અવસ્થાઓને જ 'વિષમાવસ્થા' - 'સામ્યાવસ્થા' કહે છે.

પ્રકૃતિમાં કેવળ સત્તા છે.

જીવાત્મામાં સત્તા અને ચેતનતા બંને છે.

પરમાત્મામાં સત્તા, ચેતનતા અને આનંદ પણ છે.

પરમાત્મા ભૂતાત્મા છે, સત્ચિત્સ્વરૂપ છે, કાળથી પર છે.
જીવાત્મા માટે પ્રકૃતિ છે. જીવાત્મા આનંદની શોધમાં છે.
ભોગ દ્વારા વાસી અને એંઠો આનંદ મળે છે.
મોક્ષ દ્વારા તાજો અને મૌલિક આનંદ ભોગવાય છે.

o ચિન્તન એ જ ચિન્તામણિ છે.

o ત્રયી વિદ્યા એટલે વેદ વિહિત કર્મ મીમાંસા વિદ્યા.

## યત્નના અભાવે શું થાય?

જગદાંધ્ય અને પ્રતિબંધ નામના બે દોષ આવે.
પ્રકૃતિનું પ્રયોજન પુરુષનો ભોગ અને અપવર્ગ છે.
તે રાગ કરાવીને ભોગ અને વિરાગ કરાવીને મોક્ષ આપે છે.
જ્ઞાનીને વિરાગ અને અજ્ઞાનીને રાગ થાય છે.
જ્ઞાન વડે અજ્ઞાન ટળવાથી પ્રકૃતિ લજાઈને વિરમી જાય.

## માયાને તરવાનો ઉપાય

જેણે ૫ ઇંદ્રિયો અને અંતઃકરણને વશ નથી કર્યાં તેવા અકૃતાત્માઓ માટે માયાને તરવી બહુ મુશ્કેલ છે. કૃતાત્માઓનું માયા કશુંય બગાડી શકતી નથી. જેનો આત્મા મરી ગયેલો હોય, તે જીવતાં છતાં મરેલો છે. સકામ કર્મ જીવલેણ નીવડે છે, તેથી અનાસક્ત ભાવે, રાગ-દ્વેષાદિથી બંધાયા વિના કર્મ કરવાં એ માયાને તરવાનો પહેલો ઉપાય છે. પરમાત્માના પ્રસ્ફુરણને લીધે જેના કામાદિ વેગો શૂન્ય થયા હોય, તે શાંત-શાંતિનું નિકેતન-આશ્રયસ્થાન. સાધના ધર્મધજા ફરકાવવા નહિ, આત્માનું કલ્યાણ સાધવા, મનના વૈરાગ, રાગ-દ્વેષાદિ દોષોથી મુક્તિ, પરમાત્મતત્ત્વ ઉપર પ્રીતિ માટે કરવી. આત્મા જ પ્રીતિનું ધામ હોઈ શકે, અનાત્મા નહિ.

આત્માની પ્રિયતા જ બધા પદાર્થોને ઉછીની મળે છે.
આત્માને અનાત્મા પણ પ્યારી લાગે છે, તે આત્માના
સંબંધથી. મડદા ઉપર કોઈ પ્રેમમાં કેમ પડતું નથી?
મુડદાનો નિકાલ કરવાની પ્રણાલિકાથી સમજ શકાય છે
કે શરીર ઉપરનો પ્રેમ પણ આત્માને લીધે જ છે.
અનાત્મ પદાર્થોમાં પ્રીતિ એ તો વિવેકનો અંધાપો છે.

'વિનય' એટલે અહંની શૂન્યતા.

'ધૈર્ય' એટલે ફરિયાદી સ્વભાવનો અભાવ.

'સંતોષ' એટલે સારી રીતે તોષ, સદૈવ ધરાયેલાપણું.

સંતોષમાં સત્યની પૂજા છે અને
કર્મના ન્યાયીતંત્રમાં પૂરો વિશ્વાસ છે.

સત્ય એટલે શું?

જેવું જગત, તેવું જ જગત વિષે મન અને વાણી,
જેવું જીવનું સ્વરૂપ, તેવું જ તે વિષે મન અને વાણી
તથા જેવું જગદીશનું સ્વરૂપ તેવું જ
તેને વિષે મન અને વાણીનો પ્રયોગ તે 'સત્ય'.

પ્રીતિનો પંથ વસમો છે
અને પ્રભુ સાથેની પ્રીત તો સમર્થ સાથેની પ્રીતિ છે.
એમાં નિર્બળોનું કામ નથી. તેમનો પ્રેમ હાસ્યપ્રદ બને.

સાંકડા મનવાળા જીવો વિશાળ એવા પરમાત્માને કેવી રીતે પામી શકે? દેશ, કાળ અને વસ્તુથી પર પરમાત્મા દેશ, કાળ અને વસ્તુની મર્યાદા બહાર કદી ન જોઈ શકનારાં મનની બાથમાં ક્યાંથી આવે? માહિતી અને જ્ઞાનમાં ભારે તફાવત છે. માહિતી માત્રથી માયા ટળે નહિ. જ્ઞાન વસ્તુના અનુભવની સાક્ષાત અપેક્ષા રાખે છે. માહિતીમાં એવું નથી, તે નિરાધાર કે સાધાર પણ હોઈ શકે, જ્ઞાનમાં તેમ નહિ ચાલે.

૫ વિષયોમાં વૈરાગ્યપૂર્વકની પરમાત્માની નિષ્કામ ભક્તિ ચિત્તને નિર્મળ કરે છે. હૃદય વિમળ થતાં પરમાત્માની પ્રાપ્તિ આપોઆપ થાય છે. એની પ્રાપ્તિમાં કૃતકૃત્યતા છે.

નિષ્કામ કર્મયોગ એ કુમારી અવસ્થા,
ભક્તિયોગ નવોઢા અવસ્થા અને જ્ઞાનયોગ પ્રૌઢાવસ્થા છે.
જીવરૂપી કન્યાને પ્રભુરૂપી વરનો યોગ થાય,
તે માટે યોગ્યતા મેળવવાની સાધના તે 'કર્મયોગ'.
યોગ્યતા મળ્યા બાદ પ્રભુયોગે રસાવેશની
વિવિધ અનુભૂતિઓ તે 'ભક્તિયોગ'.
ચિરકાળ પ્રભુયોગ વડે રસાવેશની સ્થિરાવસ્થાપૂર્વકની
જે મહિમામય સ્થિતિ તે 'જ્ઞાનયોગ'.

સાચી સંસ્કારિતા રાગ-દ્વેષની શૂન્યતામાં છે.

રતિ આદિ પ્રત્યક્ષ આગન્તુકનાં નહિ, પ્રેમ આગન્તુકનો છે.

ઈશ્વર આ સ્વરૂપે છે, તેથી પ્રેમને પાત્ર છે.

માહાત્મ્યનું જ્ઞાન પ્રેમને તીવ્ર કરે છે.

સૃષ્ટિ ભોગવવા નહિ, પ્રભુનું સ્મરણ કરવા માટે છે.

એનો ભોગ એ હીન ઉપયોગ છે.

એ દ્વારા એના કર્તાનું સ્મરણ એનો ઉત્તમ ઉપયોગ છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ ઇંદ્રિયો મળ વિસર્જનનાં દ્વારો છે,

ભોગ ભોગવવાનાં સાધનો નહિ.

હૃદયશુદ્ધિ એ પ્રસન્ન થયેલા પરમાત્માની અનન્ય દેન કે બક્ષિસ છે. 'પ્રભુ પ્રસન્ન છે' એ જાણવાનું એક માત્ર સાધન સત્ત્વ-અસ્તિત્વની શુદ્ધિ છે. અસ્તિત્વ એટલે હૃદય, મન, તન, મતિ વગેરે. શુદ્ધ હૃદયને પરમાત્મા અને પરમાત્માને શુદ્ધ હૃદય કદી છોડી શકતા નથી, ત્યાં ઉભયની નિત્ય મિલનભૂમિ છે.

નિર્મળ અને એકાગ્ર ચિત્તમાં ઉગતી સ્ફુરણા એક સંગાથે પ્રગટતી જ્યોતિ કરતાં પણ વધુ દર્શક શક્તિ એવં વિશ્વદર્શનનું સામર્થ્ય રહેલ છે.

ઉપાસનાનું તત્ત્વ ચિત્તની એકાગ્રતા અને વિશુદ્ધિ છે.

ચોમેર જે પ્રકાશે તે આ + દિત્ય = પરમાત્મા.
અંતર + ઇક્ષ = અંતરિક્ષ = અંદરથી જોવાય એવું.
સૂર્યનો ઉદયાસ્ત નહિ એટલે કાળની મર્યાદા નહિ.

ઉપાસનાથી હૃદય ચોખ્ખું થાય છે.
ચોખ્ખું થયેલું હૃદય દર્શન માટે લાયક બને અને તે
ઈશ્વર દર્શન કરે છે, ત્યારે જીવન સફળ થાય છે.

મનુષ્યના સંસ્કારમાં ભિન્નામહિના ગુણ છે,
કલ્પકતાના ગુણ છે અને પારસામહિના ગુણ છે.

પ્રભુમય જીવન એ જીવન જીવવાની કળા છે
તે શિવમયનું જીવન પાપવંત જીવન છે.
અહંતા અને મમતાનો ત્યાગ એ મહાદાનમય જીવન છે.

## ૩ મંગળ શા માટે ?

જીવન મંગળમય છે, તેની આદિ-મધ્ય-અંત ત્રણે ય મંગળમય છે, તેથી પ્રત્યેક ક્રિયાના પ્રારંભ-મધ્ય-અંતમાં મંગળ કરવું જોઈએ. મંગળ ઇષ્ટદેવતાને નમસ્કારરૂપ છે. જેવી દેવને તેવી જ ગુરુને, કેમકે તેમની કરુણાના પ્રભાવે જ જીવનની મંગળમયતાનું દર્શન થાય છે. ઇષ્ટદેવ અને ગુરુનો નમસ્કાર આભાર પ્રેરિત છે, કેમકે તેમની દયાથી જ જીવનનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

## કરુણાભાવનો મહિમા

કરુણાભાવ પ્રત્યે જેને ભક્તિ ન હોય,
તે સાધકને શાસ્ત્રે કહેલાં પદાર્થો સમજાતાં નથી.
કરુણા હંમેશાં આભારને અને ભક્તિને પાત્ર છે.
તે કરુણાનો સર્વોત્કર્ષ હૈયે અને ગર્ભમાં રહેલો છે.
જેનાથી દર્શન પ્રાપ્ત થાય તે પૂજ્ય, વંદ્ય, માન્ય, સત્કાર્ય છે.
વિશ્વની વ્યવસ્થા કરુણાથી જ ચાલે છે.
જો કરુણા ન હોય તો વિશ્વનો અકાળે અંત આવે.
કરુણાનું બળ બધાં બળ કરતાં ચઢીયાતું છે.

## શાસ્ત્રાધીન જ્ઞાન અને અજ્ઞાનની તુલના

અજ્ઞાન કરતાં જ્ઞાનનું બળ વધુ છે, કેમકે જ્ઞાન એ તત્ત્વસ્પર્શી છે. અંધકાર કરતાં પ્રકાશ વધુ બળવાન છે. અજ્ઞાનનાં સંતાન રાગ-દ્વેષ, ભય અને મૃત્યુની પરંપરા છે. જ્ઞાન પ્રત્યક્ષ અને જાતઅનુભવનું જ ઉપયોગી થાય. પરાનુભવનું જ્ઞાન પરાયા ભિક્ષાન્નથી તૃપ્તિની જેમ અનર્થકારિ છે. સંશય અને વિપર્યાસની ગંધશૂન્ય જ્ઞાન જોઈએ. સંશય-વિપર્યય વિનાનું, પ્રત્યક્ષ અને સ્વાનુભવગમ્ય જ્ઞાન એ જ જીવનદર્શન છે. જ્ઞાન શાસ્ત્રાધીન છે.

શાસ્ત્ર = આપ્તપુરુષોનું હિતચિંતન.
શાસ્ત્રનો સાર = પરમાત્માની સેવા.

વિશ્વચિંતનમાંથી ફલિત થતી વાત વિગતમાં કહીએ તો તે ઈશ્વરસેવા છે. 'સેવા' એટલે આજ્ઞાનું પાલન. કોઈએ કોઈની હિંસા ન કરવી તે આજ્ઞાનો આકાર છે. ઈશ્વરની દૃષ્ટિમાં સૌથી વધુ મૂલ્ય ચૈતન્ય તત્ત્વનું છે.

'પ્રાણીમાત્રનો આત્મા પોતાના આત્મા સમાન છે'
એ જ જીવનદર્શન છે.

તેના વિના શાંતિ અને સુખની પ્રાપ્તિ અસંભવિત છે. પ્રાણીમાત્રમાં જાતને વિલસતી સાક્ષાત જોઈ શકે, ત્યારે આત્મપ્રેમનો ઉપાસક જન હિંસામાંથી મુક્ત થાય છે. પ્રાણીમાત્રમાં આત્મદર્શન પરમસુખમાં પરિણમે છે અને એ પરમસુખમાંથી શાંતિ પેદા થાય છે. પરમસુખમાંથી પેદા થતી સ્વાનુભવગમ્ય શાંતિ એ જીવનની એકમાત્ર કમાણી છે. પ્રાણીમાત્રમાં રહેલી પોતાની જાતને પરમ પ્રેમથી ચાહી ન શકે, ત્યાં સુધી તેને પરમસુખ ન મળે. સુખના અભાવમાં દુઃખ કાયમ રહે છે. સુખ-શાંતિનો છેવટમાં છેવટનો માર્ગ સર્વભૂતમાં આત્મદર્શન જ છે.

સત્ય એ અહિંસાનો અંકુર, અચૌર્ય પલ્લવ,
બ્રહ્મચર્ય પુષ્પ અને અપરિગ્રહ ફળ છે.
પરમાત્મા યમ-નિયમની સિદ્ધ મૂર્તિ છે.

'તત્ત્વમસિ' વાક્યને જીવનમાં ઉતારેલું જોયું હોય, તો
મનુષ્યે ઈશ્વરદીક્ષા અને યમ-નિયમવાન બનવું જ રહ્યું.

<u>સર્વદા = મન, વચન, કાયાથી.</u>

<u>સર્વદા = રાત્રિ, દિવસ, જીવનપર્યંત.</u>

<u>સર્વભૂત = જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજ્જ.</u>

સર્વભૂતનો અદ્રોહ તે પરમ અહિંસા છે.

સર્વ ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ અહિંસા છે.

જેવો હોય તેવું જોવે અને હાથે આવે.

તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ | <u>અર્થાત્</u>ઃ તેથી મારું મન
કલ્યાણના સંકલ્પવાળું હો. શ્રદ્ધા એટલે આસ્તિકબુદ્ધિ.

નિયમન કુટિલ સત્તાથી નહિ,
પરંતુ પ્રેમ અને કરુણાથી થઈ શકે છે. કેમકે અટલ
નિયમનો વિશ્વાસ એ અહિંસાદિ ધર્મપાલનનો પ્રાણ છે.
પોતાના હાથમાં ન્યાયનાં ત્રાજવાં લેવાની જરૂર નથી.
કેમકે અટલ નિયમની શ્રદ્ધાથી બાપની ક્ષમા, માતાનો
પ્રેમ અને પૃથ્વીની ધીરજ પ્રાપ્ત થાય છે. ઈશ્વર
ઉપરની શ્રદ્ધાથી અનંત ક્ષમાબળ, અખૂટ પ્રેમબળ અને
અમાપ ધીરજબળ સૌમાં પ્રગટે છે. પૂર્ણ અહિંસક
માટે શ્રદ્ધા એ જ પહેલું, વચલું અને છેલ્લું સાધન છે.

જીવન સર્વને પ્રિય છે, માટે જીવનમાત્ર પવિત્ર છે.
જે વસ્તુ પ્રિય હોય, તે પવિત્ર હોય જ.
તેનો નાશ કરવાથી અપવિત્રતા અને
રક્ષણ કરવાથી પવિત્રતા પ્રાપ્ત થાય.

न अनुपहत्य भूतानि उपभोगः संभवति । (પરિશિષ્ટ-૪૮)

બીજાની હિંસા કરીને પોતાના સુખ માટેની ચેષ્ટા તે અજ્ઞાની અને આંધળો સ્વાર્થ, બીજાની હિંસાનો ત્યાગ કરીને પોતાના સુખ માટેની ચેષ્ટા તે જ્ઞાની અને દેખીતો સ્વાર્થ. બન્નેમાં સ્વાર્થ તો છે જ પણ એકમાં અજ્ઞાનજનિત, બીજામાં જ્ઞાનજનિત છે. ભાવનાને નિષ્ઠાત્મક બનાવવી હોય તો ભાવના મુજબ વર્તન જોઈશે. પ્રેમ એ અહિંસાનું સર્જનાત્મક સક્રિય સ્વરૂપ છે. કોઈને ન પીડવું એ અડધી અહિંસા છે. સૌને સુખ દેવું એ મળીને જ પૂરી અહિંસા બને છે.

બીજાને સુખ આપવાની વૃત્તિ એ પ્રેમ છે,
બીજાના દુઃખે દુઃખી થવાની વૃત્તિ એ દયા છે.
પ્રેમ-દયાની વૃદ્ધિનો ઉપાય પોતાના આત્માનું જ્ઞાન છે.
આ જ્ઞાન આત્મૌપમ્ય વર્તન માટે છે.
તે માટે આત્મદર્શન અનિવાર્ય છે.

આત્મદર્શનમાંથી પ્રેમ, જ્ઞાનની ગંગા - જમના વહે છે.
તેમાં ઇચ્છા-તૃષ્ણાનો ઘાત, મોહનું મરણ, શોકનો અંત છે.

આત્મા આત્મા ઐક્યથી જ સુખધન છે, તેથી

આત્મદર્શન એ જ મોક્ષ શરણ છે.

અહિંસાના પાલનમાં તે આત્મદર્શન પૂર્ણ થાય છે.
આત્મદર્શનમાં દેહ, ઇંદ્રિયો, મન, મતિ, અભિમાન
વગેરેમાં રહેલા અધ્યાસનું મારણ છે. તે સ્વમહિમામાં
પ્રતિષ્ઠિત થાય છે અથવા વિશ્વકાય, વિશ્વાક્ષ, વિશ્વ-
મન, વિશ્વમતિ અને વિશ્વાત્માનો અનુભવ કરે છે.
આવા મર્યાદિત આત્માભિમાનમાં તો કેવળ સુખ જ છે.

'વૈરત્યાગ' એટલે પ્રકૃતિપલટો, હૃદયપલટો.

અહિંસા સાધ્ય, સત્યાદિ સાધન છે. સર્વભૂત હિતચિન્તન
અને સર્વદુઃખ નિવારણ, ચિન્તનને અનુરૂપ કર્મ એ
જીવનમાં શ્વાસોચ્છ્વાસની જેમ સહજ થવા જોઇએ.

શાસ્ત્ર અનુસાર - શાસ્ત્રસંમત જ જીવન હોવું ઘટે.

શાસ્ત્ર એ કાર્ય-અકાર્યની વ્યવસ્થામાં પ્રમાણભૂત છે.
સત્યના બે અંશ ચિંતન અને ઉચ્ચારણ મળીને પૂર્ણ થાય.

ચિંતન મનથી, ઉચ્ચારણ વાણીથી થાય.

સત્ય ચિંતન વડે લાભ થાય છે.

તેના અનુરૂપ અભ્યાસથી સત્યનિષ્ઠા, તત્ત્વનિષ્ઠા જાગે છે.

સત્યનિષ્ઠામાં જ મુક્તિ છે.

'વસ્તુ તન્ત્રં સદા સત્યં, મનસ્તન્ત્રં ન જાતુચિત્।'

અર્થાત્:

સ્વભાવનો અભાવ ન થાય, તેથી તે પ્રશ્ન તર્કની પર છે.

સત્ય જેટલું પાવન, પરાક્રમી, ધીરજવાન, તટસ્થ, વર,

આત્મપ્રકાશક, નિર્લેપ કે નિરંજન બીજું કંઈ નથી.

સત્ય ચિંતન અથવા તત્ત્વ ચિંતન એટલે

સ્વભાવ સ્વરૂપે પદાર્થમાત્રનો વિચાર.

જે નિર્ણય થાય તેને અનુકૂળ ચિત્તવૃત્તિ ઘડતર કરવી.

અંગત રાગ-દ્વેષે તેને ન રંગવા, ન્યૂનાધિકતા ન કરવી.

સત્યનું ખૂન કરીને પોતે જીવી શકતો નથી.

પદાર્થ ત્રણ : જીવ, જગત, ઈશ્વર.

તેમાં સ્વરૂપ અને ધર્મનો નિર્ણય થાય.

ત્રણેના પરસ્પર સંબંધના જ્ઞાનથી વિવેકનો ઉદય થાય.

વિવેક જ વર્તનને સુધારે છે.

વિવેકથી છૂટું પડેલું જીવન = શ્વાસઉચ્છ્વાસની જ માત્ર ક્રિયા.

ત્યાગ અને સ્વીકારમાં જ મનુષ્યજીવનની ઇતિશ્રી છે.

અનારોપિત નિજરૂપ ધર્મો = સ્વાભાવિક ગુણો, અવગુણો.

જીવન જીતશો કે હારશો, સફળ થશો કે નિષ્ફળ જશો
એ ધર્મ-અધર્મની સમજના આધારે છે.
ધર્મ સ્વીકાર્ય છે, અધર્મ ત્યાજ્ય છે.
જીવનો અર્થ સાધવો એ પ્રકૃતિનું ધર્મ છે.
જગત જીવના ભોગાર્થે અને અપવર્ગાર્થે છે.
દૃશ્ય જડ છે, ઈશ્વર ચેતન છે.
જડનો ત્યાગ અને ચેતનનો સ્વીકાર
એ જીવના અપવર્ગ માટે આવશ્યક છે.
જડના સ્વીકારમાં ભોગ, ચેતનના સ્વીકારમાં મોક્ષ છે.
ભોગ એ વિરસ, પરિણામી અને તાપયુક્ત છે.
મોક્ષ એ એકરસ, અપરિણામી અને નિસ્તાપ છે.
મહાસત્ત્વ એ જ છે કે દોષવિદ્ધ સંસારનો ત્યાગ કર્યો
નિર્દોષ પરમાત્માનો સ્વીકાર કરી વિવેક કર્યો તે.
માતા પ્રકૃતિ, પિતા પુરુષ છે.
બાળદૃષ્ટિએ બાળક માતાને અનુસરે,
મોટો થાય એટલે પિતાને અનુસરે.
ભોગવવા માટે પહેલી શરત યથાર્થજ્ઞાનની = વિષયબોધ,
બીજી શરત ભોગવવાના પ્રયોજનની = પ્રયોજનસિદ્ધિ.
ત્રીજી અગત્યનું - અધિક ન ભોગવવું = મર્યાદા, અન્યૂનાતિરિક્ત.

મિતભાષી = માપેલી વાણી વદનાર.
વિશ્વવિગ્રહ કે વિશ્વશાંતિ જીભને ટેરવે વસે છે.
બોલવાની ઓછામાં ઓછી અને ફરવાની વધુમાં વધુ જરૂર છે. બોલવાની રીત અહિંસક હોવી ઘટે.

સત્ય બોલજો, છતાં

અહિંસા અને સત્યમાં અહિંસાને પ્રધાનપદ આપવાનું છે.
સૌના હિતમાં પ્રતિપળ સમાધિસ્થ રહે, તો કડવી વાણી કેમ વદી શકે? જાતને મારીને હું કેમ જીવું?
મૌનં સત્યાત્ વિશિષ્યતે = મૌન સત્યથી ચડિયાતું છે.
જીવનમાત્ર પવિત્ર અને રહસ્યમય હોવાથી પવિત્રતમ છે.
ભ્રાન્તિ - ભ્રમમૂલક. એક અર્થને છોડી બીજા પર જતી.

વીર્યવતી વાણી = સફલ વાણી.

પાંગળી, ભ્રાન્ત કે વંચક વાણી ત્યાજ્ય.

ફલવતી, અભ્રાન્ત અને નિષ્કપટ વાણી ઉપાદેય.
અસત્ય જેટલું દુર્બળ અને સત્ય જેટલું સબળ કોઈ નથી.
સત્યસેવનનું ફળ અમોઘ સંકલ્પ અને અમોઘ વચન છે.

સરલતા એટલે મન, વાણી, કર્મની એકતા.

એ સત્યની દીકરી છે અને પરમાત્માની પ્યારી છે.

'સત્ય' એટલે ઈશ્વર, 'અસત્ય' એટલે સંસાર.

ઈશ્વરપ્રાપ્તિમાં નિત્ય સુખ – સંસારપ્રાપ્તિમાં નિત્ય દુઃખ છે.
અસત્યમાંથી દંભ, પાખંડ પેદા થાય છે, તે જગશત્રુ છે.
શત્રુને જગતો રાખી કોણ સુખી થાય?

સત્યનો વર્તનમાં અવતાર તે 'અસ્તેય' છે.

અસ્તેય વ્રતમાં મોહનું મારણ, લોલુપતાનો લય અને આસક્તિનો અંત આણવાની શક્તિ છે. આ વ્યક્તિ કે પરવ્યક્તિના ચેતન કે જડ કોઈપણ પદાર્થ મારા નહિ, તેથી તેને માટે મારે સ્પૃહા રાખવી ન ઘટે.

અસ્તેયવ્રતપાલન સત્યવ્રતપાલનમાં દૃઢતા આણે છે. સામાને પણ આપણા જેવું દુઃખ થઈ શકે છે એવી માન્યતા આપણી કાંઈક ઓછી હોવાથી આપણો સ્વાર્થ આપણને મીઠો લાગવાનો જ છે. સામાને પણ આપણા જેવી જ સુખ-દુઃખની સંવેદના હોય છે.

પરમેશ્વરનિષ્ઠામાં દેવાદિની ચોરીનું પ્રાયશ્ચિત છે.

'અસ્તેય' એટલે નિતાન્ત નિઃસ્પૃહતા. તેમાં વિશ્વાસ છે, તેથી પ્રકૃતિ પોતાનાં સર્વ રત્નો તેની આગળ ધરી દે છે.

અહિંસાનું શોધક, સત્યનું દૃઢક અને
નિઃસ્પૃહતાને વિકસાવનારું વ્રત તે 'અસ્તેય' છે,
તેથી તેનું સેવન સાધકને અનિવાર્ય છે.

## બ્રહ્મચર્યનો અદ્ભુત મહિમા

માનવદેહ આત્મા અને પરમાત્માના દર્શન કાજે છે.

'બ્રહ્મ'નો અર્થ પરમાત્મા, પ્રકૃતિ અને વેદ.

ધર્મના અર્થને સમજવા અને હૃદયમાં ઉતારવા જે જીવનચર્યા શાસ્ત્રોએ નક્કી કરાવી છે, તેનું પાલન કરવું.

ઇશ્વર અતીન્દ્રિય છે.

તેનું જ્ઞાન મેળવવા ઇંદ્રિયનિગ્રહ કરવો તે 'બ્રહ્મચર્ય'.

બ્રહ્મચર્યનું વ્રત શાસ્ત્રોનું જ્ઞાન કરવા માટે છે.

ઇંદ્રિયો જગતના પારકા પદાર્થોને હૃદયમાં ઠાલવે છે. તે પારકા પદાર્થો અંતઃસ્થ ન થાય અને પરમાત્મારૂપી પોતાની માલિકીનો પદાર્થ જ અંતઃસ્થ થાય તે માટે બહારથી પદાર્થોને અંદર લાવવામાં કુશળ એવી પાંચે ઇંદ્રિયોનો સર્વ રીતે નિગ્રહ તે જ 'બ્રહ્મચર્ય' કહેવાય.

બ્રહ્મચર્ય વ્રત ન પળાય, ત્યાં સુધી અસ્તેયવ્રત શુદ્ધ ન થાય, સત્ય સ્પષ્ટ ન થાય અને અહિંસા માર્જિત ન થાય.

ઇંદ્રિયોના ભોગો સંસ્પર્શ અને દુઃખયોનિ જ છે.

કુટુંબપ્રેમ વિશ્વપ્રેમને મર્યાદિત કરે છે.

કુટુંબચિન્તા વિશ્વચિંતાને ભૂલાવી દે છે.

મહારસમાં સમસ્ત વિશ્વને ચાહી શકવાની શક્તિ છે.

સંયમ કુદરતી છે, ભોગ કૃત્રિમ છે.

કર્તવ્યપથી ઉત્તમ લાભ થાય છે. ઉત્તમ લાભ પરમાત્માનું કેમકે તેના કરતાં કોઈ ઉત્તમ પદાર્થ નથી.

જે નિર્વીર્ય છે, તેને આત્મલાભ થતો નથી.

આત્મલાભ સિવાયના બધા લાભ અંતે ગેરલાભ જ છે.

વિવેકી આંખ અને અવિવેકી ખરડા જેવી રહે છે.

## અપરિગ્રહ એટલે શું?

દોષદર્શનથી જન્મતો સર્વ પદાર્થોનો અસ્વીકાર તે.

દોષવિદ્ધ પદાર્થોનો સ્વીકાર = દોષસ્વીકાર અને સંગ્રહ.

સ્પૃહાથી ચોરી અને સ્પૃહા + મમતા તે 'પરિગ્રહ'.

## પરિગ્રહમાં રહેલા દોષો

અર્જન, રક્ષણ, વ્યય (ક્ષય), સંગ અને હિંસા.

સંચિત કર્મોને જ્ઞાનબળથી વંધ્યવીર્ય કરવા. ક્રિયમાણને જ્ઞાનબળે જ લેપ ન લાગવા દેવો. પ્રારબ્ધને બહાદુરી-સમતાથી ભોગવવાં અને કર્મભોગે મળેલાં શરીરાદિને ધર્માર્થે યોજી દેવાં. અંતે પરિપાકે જ પરિગ્રહ છૂટે છે. સમજપૂર્વકના પરિપાક વડે આગ્રહોથી મુક્ત થવાય છે.

ભૂતકાળને વિસરી જઈ, વર્તમાનને સજી લઈ,
ભાવિમાં શરીર વગેરે ન મળે, એ જોવું રહ્યું.

## નવકાર પદ

તારી ભક્તિઓ મને લાગી મહામંત્ર લગન,
તારી ભક્તિઓ મને લાગી...
મારી આતમ છે તુજને આભારી... મહામંત્ર લગન તારી.
અડસઠ અક્ષર તારા સત્ત્વથી ભરેલા,
અવિચલ શ્રદ્ધાથી મેં તો હૃદયે ધરેલા,
આઠ સંપદાની રચના છે ન્યારી... મહામંત્ર લગન તારી.
જગની જંજાળો જ્યારે મનને મુંઝવતી,
પાપોની વાદળીઓ દુઃખડા વરસાવતી,
ત્યારે આશ ધરું છું એક તારી... મહામંત્ર લગન તારી.
રાત અને દિન તારી જપું જપમાળા,
મળશે જરૂર મને તારાં રખવાળા,
મારા અંતરને દેજે અજવાળી... મહામંત્ર લગન તારી.
સંસારી સુખ તણા નહિ મને ઝંખના,
કેવળ મોક્ષ તણા એક જ આકંખના,
લેજે તું ભક્તને ઉગારી... મહામંત્ર લગન તારી.

નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ;
વિતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૩)**
કાં શરીર છૂટી જાય, કાં કાર્યની સિદ્ધિ થાય (આવા દૃઢ સંકલ્પવાળી પ્રવૃત્તિ હોવી જોઈએ).

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૩)**
એક પરમાત્મા સર્વ જીવોમાં રહેલો છે. તે સર્વવ્યાપી છે. સર્વ જીવોની અંદર આત્મસ્વરૂપે છે. જે આ સર્વ પદાર્થોને પ્રાપ્ત કરે અને જે તેનો ત્યાગ કરે - આ બે વ્યક્તિમાં ઈચ્છિત પ્રાપ્ત કરનાર કરતાં ત્યાગ કરનાર વિશેષ છે. - મનુસ્મૃતિ

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૪)**
આ પ્રદેશમાં જન્મેલા આત્મજ્ઞાની પાસેથી પૃથ્વી ઉપરના સર્વ માનવો પોતપોતાના આચરણને શીખે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૬)**
તે જ એક આત્માને જાણો અને તેને જ જાણીને મૃત્યુથી પર થવાય છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૫)**
બ્રાહ્મમુહૂર્ત અર્થાત્ સૂર્યોદય પહેલાં એક પ્રહર (ત્રણ કલાક), વાયુને સ્પર્શ કર્યા વિના (બંધ ઓરડામાં), પ્રસન્ન અંતઃકરણવાળા માધવે અંધકારથી પર રહેલા આત્માનું ધ્યાન કર્યું.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૭)**
જેમનું સ્ફટિક જેવું વિમલ ચિત્ત ક્યાંય લેપાતું નથી, કરૂણાથી પૂર્ણ મનમાં જેમણે બધા દોષો સાફ કર્યા (દૂર કર્યા) છે, જેમણે અક્રોધ (સમતા) દ્વારા સંસારસ્વરૂપ શત્રુને પોતે જ અભિહત (નાશ) કર્યો છે, તે સર્વજ્ઞ ભગવાન આપના નિશ્ચલ કલ્યાણ (મોક્ષ) માટે થાઓ.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૭)**
પરસ્ત્રીને વિશે માતાની જેમ, પરદ્રવ્યને વિશે માટીના ઢેફાંની જેમ અને સર્વ જીવોને વિશે પોતાના આત્માની જેમ જે જૂએ છે, તે જ ખરેખર જૂએ છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૬૧)**
સર્વ પ્રાણ, ભૂત, જીવો, સત્ત્વની આશાતનાનું હું પ્રતિક્રમણ કરૂં છું.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૬૨)**
પરહિતની ચિંતા એટલે કે 'બીજાથી મારૂં હિત થાય છે' આ પ્રમાણેનો વિચાર તે અર્થ પણ યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૬૨)**
સર્વ જીવોમાં આત્મવત્ દ્રષ્ટિ પોતાની ઉન્નતિને કરનારી છે, તેથી ભક્તિમાં તત્પર એવા આત્માઓએ ભાવશાંતિ પ્રકાશ માટે આ દ્રષ્ટિ રાખવી.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૬૫)**
જીવોમાંથી અપરાધનું પાછા ફરવું એટલે કે ઉત્કૃષ્ટ પરિણામવાળા થવું, એમાં 'પ્રધાન કરૂણા' કારણ છે, એમ સૂક્ષ્મદર્શીઓ કે જ્ઞાની ભગવંતો કહે છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૭૯)**
આચાર કુળને જણાવે છે. બોલી દેવાથી ધર્મ ખરી જાય કે ક્ષય થાય છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૯૩)**
નમસ્કાર એ પ્રથમ મંગલ છે. જે મને સંસારથી-સ્વાર્થથી તારે, અહં-મમભાવથી ગાળે, તે મંગલ.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૯૭)**
યોગી પુરૂષો સમતા રૂપ કિરણોથી રાગાદિ અંધકારનો નાશ કર્યા પછી, પરમાત્માનું સ્વરૂપ પોતાનામાં જોઈ શકે છે (જુએ છે).

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૯૭)

અવિષયમાં સ્નેહ કરવાથી રાગ, એમાં જ અગ્નિજવાલા સમાન માત્સર્ય કરવાથી દ્વેષ તથા હેય અને ઉપાદેયના બોધનો પ્રતિબંધ કરવાથી મોહ (થાય છે).

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૨)

નૈપુણ્યં, અનાદિનિધન, ભૂતહિત, ભૂત ભાવના, મહર્ઘ્યં, અમિત, અજીત, મહાઅર્થ, મહાનુભાવ અને મહાવિષયવાળું (આજ્ઞાનું સ્વરૂપ છે). - ધ્યાનશતક

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૨૪)

પવિત્ર જીવો ઉપર મૈત્રીવાળા, આનંદી જીવો પ્રત્યે પ્રમોદવાળા, ઉપેક્ષાને લાયક જીવો પ્રત્યે કૃપાળુ એવા તમને યોગાત્મને નમસ્કાર થાઓ.

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૨૪)

કૌતુક વડે પણ અસત્ ધ્યાન સેવવા યોગ્ય નથી, કારણકે સેવાતા એવા તે ધ્યાનો પોતાના નાશ માટે જ થાય છે. (૧૫) મોક્ષાવલંબીને સર્વ સિદ્ધિઓ સ્વયં સિદ્ધ થાય છે. બીજાઓને સિદ્ધિ થાય તેમાં સંદેહ છે અને પતન તો નિશ્ચિત છે. (૧૬)

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૨૮)

આત્મરમણતાવાળા મુનિઓ નિર્ગ્રન્થ હોવા છતાં ય અપેક્ષા વિના પણ ચડતા પરિણામે ભક્તિ કરે છે, એવા પ્રકારના ગુણવાન ભગવાન છે.

## પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૨૯)

આજ્ઞાની આરાધના મોક્ષ માટે અને આજ્ઞાની વિરાધના સંસાર માટે થાય છે અથવા હે ધીર! સંસાર તમારે આધીન છે અને ભવથી પાર પણ તમારે જ વશ છે.

## પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૩૩)

સમત્વનો પરમ પ્રભાવે પાપી જીવો પણ ક્ષણવારમાં શાશ્વતપદને પામે છે.

## પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૩૪)

સ્વાર્થ માટે પણ સમભાવી સાધુના પ્રભાવે નિત્ય વૈરી ય એકબીજા પર સ્નેહ કરે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૩૬)**
હે વીતરાગ! તમારી આજ્ઞાનું પાલન એ શ્રેષ્ઠ પૂજા છે. આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસારનું કારણ બને છે.

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૪૫)**
અંતઃકરણથી ધર્મભાવનાપૂર્વક સકલ જીવરાશિની ક્ષમા માંગીને હું પણ તેમને ક્ષમા આપું છું.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૪૫)**
કર્મને વશ સર્વ જીવો ૧૪ રાજલોકમાં ભમે છે, તે બધાને હું ખમાવું છું. તે બધા પણ મને ખમાવો.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૪૫)**
કર્મના કારણે જીવો ૧૪ રાજલોકમાં ભમે છે, તે સર્વે મને ક્ષમા કરો, હું પણ તેઓને ખમાવું છું.

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૪૫)**
હું તીર્થંકરની માતા શિવાદેવી, તમારા નગરમાં રહેનારી. અમારૂં કલ્યાણ થાઓ, તમારૂં કલ્યાણ થાઓ, ઉપદ્રવોનો નાશ થાઓ, કલ્યાણ થાઓ, સ્વાહા.

**પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૪૫)**
સર્વે પણ જીવો જ્ઞાનને પામો, અજ્ઞાનનો અંત થાઓ, સંસારને તરો અને સર્વ સ્થાને આનંદ પામો.

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૪૬)**
જે પુરૂષ ત્રણે કાળે અરિહંતને નમસ્કાર કરે છે, તે શ્રેષ્ઠ-શુદ્ધભાવવાળા જીવનાં ઘણા પણ પાપો નાશ પામે છે.

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૫૧)**
ત્રણે લોકનું રક્ષણ કરવામાં સતત સજ્જ એવા તે એક પરમાત્મા જિનેન્દ્ર! મારી ગતિ છે.

- શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી

## પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૫૨)
નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે ત્રણે ય જગતના લોકોને પવિત્ર કરતા સર્વ ક્ષેત્ર અને કાળમાં રહેલા અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ. - શ્રી હેમચંદ્રાચાર્યજી

## પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૫૨)
પરમેષ્ઠિના નમસ્કાર સ્વરૂપ 'અરહં' ત્રણ અક્ષરને જે સ્મરે, તે સર્વ ભવને ઓળંગીને રિદ્ધિ-સિદ્ધિથી યુકત થાય છે.

## પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૧૫૨)
અર્હં સ્વરૂપે પોતાને જુએ છે, તે અહીં યોગીન્દ્ર છે.
હે યતીન્દ્ર! તીર્થંકર ભગવાન જેવા મંત્રરાજનું સ્મરણ કર.
અર્હં રૂપી મેરૂનું ધ્યાન કરનારને તે ભવે જ સિદ્ધિનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.
મંત્રરાજથી ઉત્પન્ન થયેલા અનાહત નાદમાં જેમનું ચિત્ત રહેલું છે, તેવા સાધુ ભગવંતોને અણિમા વગેરે સર્વ સિદ્ધિઓ સ્વયં સિદ્ધ થાય છે.

## પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૧૫૩)
'અ'કારથી 'હ'કાર સુધીની સિદ્ધ માતૃકા પ્રસિદ્ધ છે, કે જે યુગની આદિમાં સ્વયં ઋષભદેવ ભગવાન વડે કહેવાયેલી છે. તે સિદ્ધ માતૃકાનો એક એક અક્ષર તત્ત્વરૂપનો આશ્રય કરે છે. તેમાં પણ ૩ તત્ત્વ વિશેષ છે, કે જેમાં સર્વજ્ઞ રહેલા છે.

## પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૧૫૫)
ઉત્સાહ, સાહસ, ધૈર્ય, તત્ત્વજ્ઞાન, નિશ્ચય અને જનપદનો ત્યાગ - આ ૬ વડે યોગ સિદ્ધ થાય છે.

## પરિશિષ્ટ - ૩૬ (પૃષ્ઠ ૧૬૩)
હે નાથ! હું આપનો સંદેશવાહક છું, નોકર છું, સેવક છું અને હું દાસ (ગુલામ) છું. 'હા' એ પ્રમાણે આપ મારો સ્વીકાર કરો. એનાથી અધિક હું કાંઈ કહેતો નથી.

## પરિશિષ્ટ - ૩૭ (પૃષ્ઠ ૧૬૪)
એકની પૂજામાં તે સર્વ પૂજાએલા છે, એકની હીલનામાં તે સર્વ હીલના કરાયેલા છે.

### પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૧૬૬)
તેનો (પરમતત્વનો) વાચક શબ્દ 'પ્રણવ' (ૐ) કહેવાય. તેનો જાપ કરવો અને તેના અર્થનું ભાવન (ચિંતન) કરવું.

### પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૧૬૭)
હે ગુણસમુદ્ર! મારો જન્મ સફળ થયો છે. હું ધન્ય (ભાગ્યવાન) છું, હું કૃતાર્થ થયો છું, કારણકે વારંવાર આપના ગુણસમુદ્રની રમણીયતામાં તન્મય (લંપટ) થયો છું. મોટાથી પણ મોટા અને મહાત્માઓને (ગણધરાદિને) પૂજ્ય એવા પરમાત્મા આજે મારી સ્તુતિના વિષયમાં આવ્યા છે અર્થાત્ મારાથી આવા પરમાત્માની સ્તુતિ કરાઈ, તેથી હું ધન્ય બન્યો છું.

### પરિશિષ્ટ - ૪૦ (પૃષ્ઠ ૧૬૮)
તથા હૃદયકમળની મધ્યમાં રહેલું શબ્દબ્રહ્મનું એક કારણ સ્વર-વ્યંજનમાં અનૂસ્યુત, પરમેષ્ઠિનું વાચક, મસ્તક ઉપર રહેલા ચંદ્રની કલાના અમૃતરસથી વ્યાપ્ત એવા મહામંત્ર પ્રણવ (ૐ)ને કુંભક વડે ચિંતવવું. સ્તંભન કરવા પીત વર્ણનું, વશ કરવા લાલ વર્ણનું, ક્ષોભ પમાડવા નીલ વર્ણનું, શત્રુને જીતવા કૃષ્ણ વર્ણનું અને કર્મનાશ કરવા શ્વેત વર્ણનું ધ્યાન કરવું.

### પરિશિષ્ટ - ૪૧ (પૃષ્ઠ ૧૬૮)
કાંઈપણ ચિંતન કરતો યોગી વીતરાગ થાય છે. ગુરુપરંપરાથી તે જ 'ધ્યાન' કહેવાય છે, બાકી બધું તો ગ્રંથનો વિસ્તાર છે.

### પરિશિષ્ટ - ૪૨ (પૃષ્ઠ ૧૭૨)
હરિનું નામ, હરિનું નામ, ફક્ત હરિનું નામ જ લેવું. કલિયુગમાં એ સિવાય બીજી ગતિ નથી, નથી ને નથી જ.

### પરિશિષ્ટ - ૪૩ (પૃષ્ઠ ૧૭૩)
કોણ જણાએ છતે (ભગવાન) આ બધું જણાયેલું થાય છે? - મંડુકોપનિષત્

**પરિશિષ્ટ - ૪૪ (પૃષ્ઠ ૧૮૦)**
ઉપકારી પ્રત્યે પ્રતિઉપકાર કરવો એ ખરેખરો ધર્મ છે.


**પરિશિષ્ટ - ૪૫ (પૃષ્ઠ ૧૮૩)**
કર્મોને તપાવવાથી જ્ઞાન એ જ તપ છે, એમ જ્ઞાની પુરુષો કહે છે. - જ્ઞાનસાર

**પરિશિષ્ટ - ૪૬ (પૃષ્ઠ ૧૮૬)**
પોતાના દેહને અરણિ (કાષ્ઠની કલ્પના) કરીને અને પ્રણવાક્ષરને ઉત્તરઅરણિ (અગ્નિની કલ્પના) કરીને ધ્યાનનાં વારંવાર અભ્યાસથી રહસ્યની જેમ દેવ (આત્મા)ને જોઈ શકાય છે.

**પરિશિષ્ટ - ૪૭ (પૃષ્ઠ ૧૮૯)**
જ્યારે માનવો પોતાના શરીરની જેમ આકાશને વ્યાપી જશે (દેહ ઉપરનાં રાગની જેમ સર્વ જીવો ઉપર મૈત્રીવાળા બનશે), ત્યારે દૈવ (ભાગ્ય)ને પણ ઓળંગીને દુઃખનો પાર પામશે.

**પરિશિષ્ટ - ૪૮ (પૃષ્ઠ ૨૦૧)**
જીવોને હણ્યા વગર ઉપભોગ સંભવતો નથી.



ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




नँ - શબ્દબ્રહ્મ-ત્રિકાળવ્યાપી છે.

ऐँ - વાણી છે.

ह्रीँ - ત્રિભુવનસ્વામિની છે.

श्रौँ - શ્રીદેવી છે.

क्लीँ - કામરાજ છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in